કુમાર

૪૭૪

જૂન ૧૯૬૩



વય (શિલ્પી · દેવીપ્રસાદ રાયચૌધરી)

સંસ્થાપક · રવિશંકર રાવળ   તંત્રી · બચુભાઈ રાવત



'અવધ મેં આનંદ ભયો' ([illegible]) કલાકાર ગૌતમ વાઘેલાનું ઉજ્જૈનમાં ભરાએલા ૧૯૬૨ના મહાકવિ કાલિદાસ જયંતી કલાપ્રદર્શનમાં શ્રેષ્ઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ચિત્ર (જુઓ

સાંકળિયું

જૂન ૧૯૬૩ · અંક ૪૭૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫



અંક ૪૭૩માં પૃ. ૨૧૯ પર સર ચીમનલાલ સેતલવાડના પિતા શ્રી હરિલાલ સેતલવાડનો જીવનપ્રસંગ આપ્યો છે, તે હરિલાલના નહિ પણ તેમના પિતા શ્રી અંબાશંકર બ્રીજરાય સેતલવાડના જીવનમાં બન્યો હતો. આ માહિતી સાચી છે કારણ કે તેઓશ્રી મારી માતાના દાદાના દાદા થાય. ચીમનલાલ સેતલવાડ મારી માતાના દાદાના ભાઈ થાય.

(અમદાવાદ) —સ્મિતા ઠાકોર

એપ્રિલ અંકમાં 'વિવિધ પ્રકાશનો'માં 'અખંડ જગત અને માનવ' વિષે નોંધ છે. એ પુસ્તકનું નામ 'અખંડ જગત અને ભારત' છે. આર્નોલ્ડ ટૉયનબીએ આઝાદ સ્મારક વ્યાખ્યાનમાળામાં ઈ. ૧૯૬૦માં વ્યાખ્યાનો આપેલાં તેનો એ ગુજરાતી અનુવાદ છે.

(નવી દિલ્હી) —એક વાચક

મે અંકમાં 'ગુલાબનો જુલાબ' મનનીય છે ને હિવેલના જુલાબ વિષે જે હકીકતો જણાવી છે તે વિચાર માગી લે છે. શ્રી નટવરલાલ માલવીના આવા લેખો આવકારપ્રદ ગણાય.

(નડિયાદ) —નંદલાલ ભો. શાહ

સુશીલાબહેને આપેલી 'અંકપલ્લવી' સાથે 'કુમાર' એક રસપ્રદ વિષયની શરૂઆત કરે છે. (અંક ૪૭૩) અત્યારના જમાનામાં અતિ મહત્ત્વની એવી સાંકેતિક ભાષા વિષે અને તે કયા સિદ્ધાંત ઉપર રચાએલી છે તે વિષે આપણે હજુ અજાણ છીએ. આપણી પોતાની સાંકેતિક ભાષા કહેવાય તેવું કંઈ નથી.

સાંકેતિક ભાષાનાં બે ત્રણ મહત્ત્વનાં અંગો છે: (૧) સંક્ષિપ્તતા–સંદેશો એકદમ ટૂંકાવી શકાય તેવી તેની રચના હોવી જોઈએ; (૨) રચના થોડી અસ્પષ્ટ હોવી જોઈએ કે જેથી તેના જાણકારને પણ પહેલી નજરે તે વિષેના સાહિત્યની મદદ વિના તેનો ખયાલ ન આવી શકે. દરેક જણ ઉપયોગ કરી શકે તો સાંકેતિક ભાષાનો કંઈ જ અર્થ ન રહે; (૩) રચનાનો ઉકેલ આપોઆપ ક્રમવાર ન આવતાં આજુબાજુના સંબંધથી જ આવવો જોઈએ. ભાષાની રચના અને તેનો ઉકેલ બુદ્ધિપૂર્વકનો હોવો જોઈએ, જેથી સાધારણ માણસ તેનું રહસ્ય ન કહી શકે. (૪) રચના અને ઉકેલ ઝડપી હોવાં જોઈએ.

આ દૃષ્ટિએ જોતાં 'અંકપલ્લવી'ની રચના સાદી કહી શકાય. સુશીલાબહેને ઉલ્લેખેલી બીજી પદ્ધતિઓ આપણે રસપૂર્વક જોઈશું.

(વડોદરા) —એ. કે. દેસાઈ

રમતગમતમાં માત્ર ક્રિકેટ પ્રત્યે જ 'કુમાર'-માં કેમ પક્ષપાત કરવામાં આવે છે? ક્રિકેટ સંબંધી, ક્રિકેટના સારાસારા ખેલાડીઓ સંબંધી આજ સુધીમાં ઘણું આવી ગયું. તેમ ખેલકૂદ સંબંધી પણ થોડું થોડું આપતા હો તો? * મારી ભૂલ ન થતી હોય તો જો ખેલકૂદની સમગ્ર કારકિર્દી તપાસીએ તો ભારતમાં ગુજરાતનું કોઈ પણ રમતમાં પ્રથમ સ્થાન નહોતું. માત્ર ચાલુ વર્ષે વડોદરાની ખો ખોની ટીમે ભારતમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તે જ સ્થિતિ ભારતની આજે દુનિયામાં છે. દુનિયામાં માત્ર હૉકી સિવાય ભારતનું સ્થાન કોઈપણ રમતમાં નહોતું. તે પણ છેલ્લી ઑલિમ્પિકથી ગુમાવ્યું છે. આ વર્ષે પણ જાકાર્તા ખાતે એશિયન ઑલિમ્પિકમાં ભારતનો પાકિસ્તાન સામે પરાજય થયો છે. ગુજરાતના ખેલાડીઓ ભારતમાં અને સમગ્ર ભારતના ખેલાડીઓ દુનિયામાં કેમ પ્રથમ સ્થાન ન મેળવી શકે? તે માટે જરૂર છે ખેલાડીઓમાં ઉત્સાહ અને આત્મશ્રદ્ધા પેદા કરવાની અને તેમને સચોટ માર્ગદર્શન આપવાની. ૧૯૬૪માં ટોકિયો ખાતે યોજાનાર વિશ્વઓલિમ્પિકમાં પ્રથમ સ્થાન મેળવવા માટે આજે સામ્યવાદી દેશો અને મિત્રદેશોના ખેલાડીઓ કેટકેટલી મહેનત કરી રહ્યા છે? તે પ્રત્યે તેમની સરકાર પણ કેટલું ધ્યાન આપે છે? જ્યારે ભારતના ખેલાડીઓની શી સ્થિતિ છે?

૧૯૬૪ના ફેબ્રુઆરીમાં અમદાવાદમાં સૌ પ્રથમ વાર પોલીસ સ્ટેડિયમ ઉપર 'ઇન્ડિયા ઑલિમ્પિક' યોજાનાર છે. તેમાં ગુજરાતના ખેલાડીઓ સુંદર દેખાવ કરી શકે તે માટે ખેલકૂદને લગતા લેખો, અનુભવો, માર્ગદર્શન જુદી જુદી વ્યક્તિગત-સાંઘિક રમતોના રેકોર્ડો વગેરે પ્રસિદ્ધ કરતા રહેશો તો આભાર.

(ધોળકા) —જોનાથન ક્રામેર

[* અંક ૩૧૩ થી ૩૨૪ સુધીમાં શ્રી વાસુદેવ ભટ્ટે આપણી દેશી રમતોનો પરિચય આપતી લેખમાળા 'કુમાર'માં આપેલી જે માટે એમને 'કુમાર-ચન્દ્રક' પણ મળેલો. અધિકારી લેખકો માટે 'કુમાર'નું સદા નિમંત્રણ છે.]

અંક ૪૬૯માં શ્રી રજનીકાન્ત મોદીના રસપ્રદ અને માહિતીપૂર્ણ લેખ 'કાળગણના'માં એક નાની ક્ષતિ રહી ગઈ છે. લેખક કહે છે કે 'આર્ગોન–૪૦ સંતતિઅણુઓ વાયુરૂપમાં છિદ્રાળુ ચારકોલવાળી નળીમાં જાય છે અને ત્યારે તેઓ શૂન્યની નીચે–૪૮૦° ફે૦ પર પહોંચે એટલા ઠંડા થાય છે.' આમ બનવું અશક્ય છે, કારણ કે થર્મોડાયનેમિક્સના પાયાના સિદ્ધાંત પ્રમાણે–૪૬૦° ફે૦ ઉષ્ણતામાનની નીચલી સપાટીનો અંતિમ આંક છે, કોઈ પણ ચીજનું ઉષ્ણતામાન તેનાથી નીચે હોઈ શકે જ નહિ. લેખકે જ્યાંથી ઉપરની માહિતી મેળવી હોય ત્યાં તપાસ કરવી ઘટે છે.

માર્ચ અંકમાં માધુકરીમાં 'ઇંડિયન સ્ટૅન્ડર્ડ ટાઈમ'ને ૧૯૪૨માં એક કલાક આગળ લેવામાં આવ્યો અને પરિણામે તે ગ્રીનીચ મીન ટાઈમ કરતાં હવે ૬॥ કલાક આગળ આવ્યો છે એમ જણાવ્યું છે. ૧૯૪૨માં શું બન્યું તે મને ખબર નથી. પરંતુ અત્યારે ઈ.સ્ટૅ. ટાઈમ ગ્રીનીચ મીન ટાઈમ કરતાં ૫॥ કલાક આગળ છે, ૬॥ નહિ.

(મીનિયાપોલિસ) —કુંજવિહારી મોદી

મે અંકમાં આપણા કોયડાઓ પરનું વિવેચન વાંચી નવાઈ લાગી! મને લાગે છે કે કોયડાનું કોયડાપણું જ અહીં છે. સંપૂર્ણ અથવા બધી જ શરતો આપવામાં આવે તો તો કોઈ પણ ગણતરીબાજ માણસ તે ગણી શકે.


કોયડો ત્યારે જ 'કોયડો' ગણાય કે જ્યારે ખૂટતી શરત શોધીને આપણે તેનો ઉપયોગ કરવાનો હોય, તર્ક અને બુદ્ધિ ચલાવી વ્યવહારુ શક્યતાઓ વિચારવાની હોય. જો આમ ન હોય તો તે 'દાખલો' જ બની જાય અને યાંત્રિક રીતે ગણી શકાય.

વળી કોયડાને બીજગણિતનાં સમીકરણોનો સિદ્ધાંત લાગુ પાડી દર્શાવવામાં આવ્યું છે કે 'ચાર અજ્ઞાત વર્ણોની કિંમત શોધવા માટે ચાર સમીકરણો રચવા પૂરતી શરતો આવશ્યક અને પર્યાપ્ત છે.' આ વાત સૈદ્ધાંતિક ગણિતશાસ્ત્રના સમીકરણના સિદ્ધાંતની દૃષ્ટિએ યોગ્ય અને જરૂરી છે. કિન્તુ કોયડાની દૃષ્ટિએ ત્રણ સમીકરણો પણ ચાલી શકે; કેમકે આપણે ચારે વર્ણોનાં સાપેક્ષ મૂલ્યો અવશ્ય શોધી શકીએ. નિરપેક્ષ મૂલ્ય શોધવા માટે જ ચાર સમીકરણોની જરૂર હોય.

(માલપરા) —દેવજી ચાવડા

૪૭૨મા અંકમાં 'વાચકો લખે છે'માંની સરસ વસ્તુની કાચી રજૂઆતે ૪૭૩મા અંકમાં શ્રી ન. મા. ભટ્ટની ટીકાને નોતરી કે '૧૩.=૧

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૧ મે)



રંકની કલા (કલાકાર-છગનલાલ જાદવ) પોતાનાં પ્રિયજનોનાં સંતોષ કે આનંદ ખાતર, જગતના કેટલા યે અનામી કલાકારોએ કેવી રીતે કલાસમૃદ્ધિ સરજી હશે તે સમજવું હોય તો ખોળામાં રમતા બાળક પર નજર રાખી હાથની આંગળીઓ પર તેના લાડ પૂરનારી આભલાભરી આ રંગીન ટોપીનો વિચાર કરો. મહેનતમજૂરી બાદ ગરીબ જનો જે સ્વસ્થતાથી પોતાના ઝૂંપડાને આંગણે રાબની મીઠાશ માણતાં રંક ઘરમાં પણ કલાની ગંગાનું પુનિત વાતાવરણ રેલાવે છે તેનું પ્રતિબિંબ શ્રી જાદવે અહીં ઉતાર્યું છે. એક જ પાત્ર ઉતાર્યું હોવા છતાં આખી જનતાનો ચિતાર એમાં એમણે રજૂ કર્યો છે.

(આ વર્ષમાં આવેલી કલાકારની ષષ્ટિપૂર્તિ પ્રસંગે આપેલો એમનો પરિચય આ અંકમાં)



વાત્સલ્યની વેલ · કલાકાર છગનલાલ જાદવ

પાછળના પાના ઉપર આપ્યું છે એવાં જીવનદર્શી ચિત્રો પછી શ્રી જાદવની તૂલિકા ભાવાત્મક આલેખન તરફ વળવા માંડી ત્યારની આ કૃતિનું શોભનલક્ષી ને સુબદ્ધ સંયોજન જેટલું રંજક છે એટલું જ હૃદ્ય એનું ભાવનિદર્શન છે. ખેતરેથી વળતાં વચગાળે વૃક્ષ નીચે પોરો ખાતી ત્રણ માતાઓના (અખિલ ભારતીય પ્રશંસા પામેલા) આ ચિત્રમાં સમાજના સર્વ થરમાં વહેતી જીવનની કવિતાનો લય એમણે ઉતાર્યો છે.

(ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૦ · અંક ૬ · જૂન ૧૯૬૩ · સળંગ અંક ૪૭૪

કોઈ રે ખોલો

· કટાવ ·

બારી ય કીધી બંધ, ત્યાં પછી
બારણાંની શી વાત?!
તિરાડભણી આંખ કરો તો
આંબલી ડાળે
છેલછબીલા છાકટા છોરા
જિપ્સી જેવું
ક્યારનું બેઠું આભ.
પાય દિયો જો બ્હાર
તો ઘડી પલમાં જશે
ઊંચકી એની સાથ.
પૂંઠળ પેલાં હસશે બકુલફૂલ.

બાઇ કે! હું તો
ઘરમાં બેઠી ભરતી ભરત.
મોરલા કેરી આંખ
ચણોઠી રંગની, માંહે
નાનકાં નાનકાં આભલાં ચોડું.
હાય રે! ત્યાં યે મલકી રહ્યો
છેલછબીલો...
બોલતા ચારે કોરથી ભેળા મોર.

કોઇ રે ખોલો બારણાં
અરે, કોઇ રે ખોલો બાર...
નહિ તો મને મંતર ભણી,
લ્હેરખી જેવી પાતળી કરી
તિરાડમાંથી સેરવી જશે,
કોઇ રે મને ઊંચકી જશે...
કોઇ રે, ખોલો બાર...

દિલીપ ઝવેરી

આપણે

સાવ અનોખા અજાણ્યા માર્ગ પર
આજ પ્હેલી વાર મળ્યાં આપણે,
ધૂળ ઉડાડે પવન ધીરેધીરે
એક સાથ નાહી રહ્યાં આપણે.

સૃષ્ટનું હરેક દિલ શ્વસી રહ્યું
સ્પંદતાં અલગ સહુથી આપણે,
ક્યાંકથી ભૂલાં પડી અહીં મળ્યાં
સ્હેજમાં ભૂલ્યાં બધું જ આપણે!

લોક કહે પ્રીત ચીજ શી હશે,
કોણ કહે જીવતાં શું આપણે!
આભ સતત ઝૂકતું જમીન પર
ને રચાય તે ક્ષિતિજ આપણે.

રઘુવીર ચૌધરી

આગમન

· વિષમ સવૈયા છંદ ·

ઊભાં છાનાં ઝાડ,
અંધકારના ઊંચા નીચા પ્હાડ,
ઉપર અળગો તારક-દરિયો ડહોળો,
ખાંસી ચડેલી વૃદ્ધ કાયનું વળ્યું કોકડું—ચંદ્ર પડ્યો શું મોળો,
ભાતભાતના ભગ્ન વિચારો મુજમાંથી બહુ જાય વછૂટી
વાદળ રૂપે હાર એની તે હજી ન તૂટી,
પવન પંખી શો—કિન્તુ કાપી પ્હોળી કોણે પાંખ?
એક પછી એક હજી આધકી ઉજાગરામાં ઊગતી મારે આંખ.

દૂર ઘંટના થાય ટકોરા: વાગ્યા ત્રણ કે ચાર,
એક નાનકી ઠેસ ખાઇને કાળ પસાર!
ચોકીદારની લાકડીઓનાં લથડે-ખખડે પગલાં,
લાલટેનને હવે બગાસાં ઢગલા,
ઠર્યા દીવાની વાટ સરીખા ચીલા ટાઢા રામ.
ભવિષ્યનો શું ભાર લઇને પરોઢ કેરું ગાલ્લું આવ્યું ગામ!

પ્રિયકાન્ત મણિયાર

ગ્રીષ્મ

· હરિણી ·

પ્રહર હજી તો પૂરા બે જ્યાં વીત્યા ન વીત્યા તહીં
સરકત મુખેથી માયાવી નિદાઘનુ અંચલ,
કુસુમ સમ જે અંગે અંગે હતી મૃદુ લ્હેરતી
અનિલલહરી ફુત્કારે શી બની વિષદંખિણી!

ભરચક ભર્યા માર્ગો હાવાં વિપત્તિ સમે કશા
કમનસીબ કો આયુ જેવા અફેલ, પ્રલંબિત!
નહિ ઘર, નહીં ક્યાં યે એકે તરુ, ન ગિરિવનો,
બુદબુદ ઊઠે ધ્રૂજે-ધીખે ચરુ શું ધરિત્રીનો!

વિજયસ્મિત લૈ, ગર્વે રાતો થયો રવિ અસ્ત જ્યાં
ત્વરિત ઊલટ્યા સ્નાનાગારો થકી કર શીતલ!
ઘર ઘર અગાસીની મૂર્છા ટળી, નવલ સ્થિતિ
લહી સમીર યે લાવ્યો પ્યાલા છલોછલ શૈત્યના!

રજની ઢળતાં પોઢેલી સૌ અગાસી પરે દ્રવે
અનહદ અમી, સૂતાં યુગ્મો મધુ શમણે લવે...

જશવંત લ. દેસાઈ

જળ વહેર્યું

· ગાન ·

આધી આધી કીધી જાતરા,
ખોયા આંગણના રામ!
ખાલી રે ખજાના લાગ્યા પંડના?
પરના મગલખ તમામ?
જળ રે! વ્હેર્યું જીવ કેટલું?
દોરંગી દૂરની વેલીએ
જોયાં ઝાઝેરાં ફૂલ;
ટોડલે ટ્હૌકંતી રાતરાણીનાં
રૂપ ખરી ’ગ્યાં વણમૂલ!
જળ રે! વ્હેર્યું જીવ કેટલું?
પલપલ સુણ્યા અંતર-સાદ તેં
દીધા કાને કાં હાથ?
જીભને પટુડે જગ જીતવા
ભીડી ભવ શું તેં બાથ?
જળ રે! વ્હેર્યું જીવ તેં કેટલું?

વ્રજલાલ દવે

સંધ્યા-આરતી

· ગઝલ ·

સાગર તરી જવાની આ હૈયામાં હામ છે;
પથ્થર તરી ગયા! તો અમારો ય રામ છે.
આરામની પળોનું વિસર્જન ભલે થયું,
બાકી રહેલ એક બે પળનું જ કામ છે.
નજરોનું નૂર છો ને હરાઇ ગયું, અમે
અંતરમાં આવરી લીધી દુનિયા તમામ છે.
જીવનની ધૂપછાંવ ઝલક ઝળહળી રહો,
સંધ્યાની આરતીનો અનોખો દમામ છે.
હે જીવ! સાચવીને તું ડગલાં ભર્યે જજે,
સામે જ હાથવેંતમાં એનો મુકામ છે.
યુગયુગની ઝંખનાઓ ફળી જાશે અબઘડી,
ખૂલી ગયાં છે દ્વાર, સુરાલય છે, જામ છે.
મંઝિલ અગર મળે ન મળે, શી ફિકર હવે!
હોઠે છે જામ, સાથમાં ઈશ્વરનું નામ છે.

બટુકરાય પંડ્યા

પરોઢના ‘આગમન’ પહેલાંનું વર્ણન કરતાં પ્રિયકાન્તે લીટીએ લીટીએ રૂપકો-પ્રતીકોમાં જે નવી કલ્પનાઓ યોજી છે (પડી ગએલા પવન માટે પાંખ કાપેલો પવન) એ છેલ્લી લીટીમાં ‘ભવિષ્યનો ભાર લઇને આવતા પરોઢના ગાલ્લા’માં કેવી ચગી ઊઠે છે! ✻ એ કાવ્ય છંદ, ભાવ, કલ્પનામાં જો ‘નવી’ લઢણનું કહીએ, તો જશવંત દેસાઈ પરંપરાગત ધાટીએ ‘ગ્રીષ્મ’નું વર્ણન કરતાં જૂના ને ઘાટીલા પાત્રમાં નવો રસ ચખાડે છે: ‘વિજયના સ્મિત સાથે, ગર્વથી રાતો થઈને અસ્ત પામતો સૂર્ય’ ✻ ‘છેલછબીલા છોરા’ શા દિલીપના કાવ્યમાં આ વખતે વળી નવી જ આરઝૂ છે: ‘બંધ બારી-બારણાંની પાછળ બેઠીબેઠી ભરતના મોરલામાં ચણોઠી રંગની આંખ ભરનારી ને આભલાં ચોડનારીને જો મુક્ત નહિ કરો તો કોઈ મંત્ર ભણીને લહેરખી જેવી પાતળી કરી તિરાડમાંથી સેરવી જશે.’ ✻ આવીઆવી રાતરાણીની સૌરભ સમૃદ્ધિ ઘરને ટોડલે ટહુકતી હોવા છતાં તેને ઉવેખીને–બલ્કે તુચ્છકારીને દૂર અને પર(દેશ)નાં સૌંદર્યતત્ત્વો (કલા-સાહિત્ય-કવિતા)ના મોહમાં ‘આધીઆધી જાતરા’ કરનારા અને તેના વખાણમાં ‘જીભને પટુડે જગત જીતવા નીકળનારા’ માટેનો વ્રજલાલ દવેનો અનુતાપ (જળ વ્હેર્યુંમાં) ધારી ચોટ મારવાનીતળપદી ભાષાની શક્તિ દાખવે છે. ✻ મુકામ જેનો હાથવેંતમાં છે એવા જીવનની ‘સંધ્યા-આરતી’માં બટુકરાયે ગાએલી હામ, સળંગ ભાવની ગઝલનો સારો નમૂનો છે. ✻ એવી જ સાદી ભાષામાં ‘આપણે’ને ઓળખાવનાર રઘુવીર છેલ્લી લીટીમાં સરસ કવિતા દાખવે છે.

લદ્દાખની પૂર્વ તરફ, પશ્ચિમ તિબેટમાં, ૧૪૦૦૦ ફૂટની ઊંચાઈએ ટોયો નામે સ્થાન પાસે એક સમાધિ છે. કાશ્મીર-નરેશ ગુલાબસિંહના એક વીર સેનાપતિની એ સ્મૃતિ ઈતિહાસના એક પ્રેરક પ્રકરણની સાક્ષી પૂરતી આજે એનાં શૌર્ય અને ઉચ્ચ ચારિત્ર્યની યાદ આપે છે. એ વીરમૂર્તિનું નામ



સેનાપતિ જોરાવરસિંહ

હિમાચલપ્રદેશના બિલાસપુર ગામે ઈ.સ. ૧૭૮૬ના સપ્ટેમ્બરમાં એક રાજપૂત કુટુંબમાં એમનો જન્મ થયો ત્યારે સંજોગવશાત્ એ કાળના વિખ્યાત જ્યોતિષી ગંગારામજી રાજ્યના અતિથિ તરીકે ગામમાં હાજર હતા. જોરાવરસિંહના ગ્રહો જોઈ એમણે ભવિષ્ય ભાખેલું કે 'આ બાળક અસાધારણ વ્યક્તિત્વવાળો થશે. ઈતિહાસમાં એની ખ્યાતિ થશે, પણ જન્મભૂમિની સેવા એ કરી શકશે નહિ. સોળ વર્ષની ઉંમરે અનાયાસ એના હાથે એવું કામ થશે કે એ ઘર છોડીને નીકળી જશે.'

બન્યું પણ એવું જ. વડિલોપાર્જિત મિલકતની વહેંચણીમાં કુટુંબમાં મતભેદ થયો, લાકડીઓ ઊછળી અને જોરાવરસિંહને હાથે એમના એક પિતરાઈ ભાઈનું મોત થયું. એ અચાનક બની ગએલા બનાવથી જોરાવરસિંહને એવો આઘાત લાગ્યો કે એ કોઈને કહ્યા કારવ્યા વિના



મહારાજા ગુલાબસિંહ

ઘર છોડી ચાલ્યા ગયા અને હરદ્વાર પહોંચી ત્યાં નાનું મોટું કામ કરી ગુજરાન ચલાવવા માંડયા. એવામાં ત્યાં તેઓ આજના રામબનના શાસક જસવન્તસિંહની નજરે પડયા. તેઓ એમને પોતાની સાથે લઈ ગયા અને સૈનિક તરીકેની તાલીમ અપાવી. રામબન એ વખતે મરમત ગલિયાન તરીકે ઓળખાતું. જોરાવરસિંહે ત્યાં થોડા જ વખતમાં પટ્ટાબાજી, ઘોડેસવારી ઇત્યાદિનું સૈનિકને છાજતું બધું શિક્ષણ મેળવી લીધું. અઢાર વર્ષની એ ઉંમરે તેઓ જે અતિ ભારે મુગદળથી કલાકો સુધી વ્યાયામ કરતા એ મુગદલ આજે પણ ગલિયાનમાં સંઘરાએલું મોજૂદ હોવાનું કહેવાય છે ત્યાં તેમણે કોઈ સિદ્ધ પુરુષ પાસેની આધ્યાત્મિક જ્ઞાન અને યોગાભ્યાસનું શિક્ષણ પણ મેળવેલું.

એ પછી કેટલાંક કારણોસર ગલિયાન છોડી જોરાવરસિંહ જમ્મૂ તરફ ગયા. ત્યાં એમને ગુલાબસિંહ સાથે પરિચય થયો,–જે એ વખતે તો પંજાબના રાજા રણજિતસિંહના એક સામંત ગણાતા હતા. પાછળથી જેમણે આજના જમ્મૂ અને કાશ્મીરની વિશાળ રિયાસત સ્થાપી એ ગુલાબસિંહે આ નવા પરિચિતનું પાણી પારખીને તેને અપનાવ્યો. રણજિતસિંહની આજ્ઞાથી ગુલાબસિંહે રિયાસી પરગણા ઉપર ચડાઈ કરી ત્યારે જોરાવરસિંહે એમના ખાસ સૈનિક તરીકે એમાં ભાગ લીધો.

આ ગુલાબસિંહ ભારે પ્રતિભાવાન વ્યક્તિ હતા. અઢારમી સદીના જમ્મૂના ડોગરા રાજા રણજિતદેવના સૌથી નાના ભાઈ સૂરતસિંહના એ પુત્ર. દાદાના અવસાન પછી પિતા અને કાકા વચ્ચે સત્તાની ખેંચતાણમાં જમ્મૂની રાજવટ પિંખાઈ જતાં ગુલાબસિંહને એમના બે ભાઈ ધ્યાનસિંહ અને સુચેતસિંહ સાથે રણજિતસિંહના દરબારમાં રહેવું પડેલું. ત્યાંથી આપબળે પ્રતિષ્ઠા મેળવીને તથા ડોગરાઓની લડાયક વૃત્તિથી ત્રાસીને રણજિતસિંહે એ ત્રણે ભાઈઓને કેટલોક વિસ્તાર વહેંચી આપેલો, જેમાં જમ્મૂની ગાદી ગુલાબસિંહને મળી હતી. ગુલાબસિંહે પોતાની હોશિયારી, કડપ અને કાયમી જાગૃતિથી પોતાના વહીવટમાં ઘણી વ્યવસ્થા સ્થાપી દીધી હતી એટલું જ નહિ, પણ આસપાસની ઘણી ઠકરાતોને પણ એણે પોતાની સત્તામાં ભેળવી દીધી હતી.

માણસનું હીર પારખવાની ગુલાબસિંહમાં કુનેહ હતી. જોરાવરસિંહની શક્તિ જોઈ એણે એમને પોતાને ત્યાં રાખી લેવાનું ઠેરવ્યું. માણસને મનગમતી જવાબદારી એને સોંપવાની પણ એક ખાસિયત તેનામાં હતી. જોરાવરસિંહને પણ એના કામની પસંદગી કરી લેવા એણે પૂછયું. પોતાને સોંપાએલું કોઈ પણ કામ કરવાની તૈયારી બતાવવા સાથે જોરાવરસિંહે સૈનિકોના ભોજનની વ્યવસ્થાની જવાબદારી પ્રત્યેની પોતાની પસંદગી દર્શાવી.

આ જવાબદારી નાનીસૂની નહોતી. ગુલાબસિંહની જામતી જતી સત્તાને ટકાવી રાખવા એણે એકઠા કરેલા વિશાળ સૈન્યને યોગ્ય

ભોજનનો પ્રબંધ કરવો એ મુશ્કેલ કામગીરી હતી. સૈનિકોમાં પણ એ વિષે થોડોઘણો કચવાટ રહેતો હતો અને રાજ્યને ખર્ચ પણ ઘણું થતું હતું. જોરાવરસિંહ જેવા હોશિયાર ને વિશ્વાસુ માણસે સામે ચાલીને જ્યારે એની જવાબદારી માગી ત્યારે ગુલાબસિંહે બાખુશી તેને એ કામ આપ્યું. એક જ વર્ષમાં જોરાવરસિંહે સૈન્યની ફરિયાદો તો ટાળી દીધી જ; ઉપરાંત રાજ્યને એક લાખ રૂપિયાની બચત પણ કરી આપી. એમની આવી પ્રામાણિકતા તથા કાર્યકુશળતાથી પ્રભાવિત થઇ ગુલાબસિંહે એમને જમ્મૂની સૈનિક છાવણીના નિરીક્ષક બનાવ્યા.

ઇ. ૧૮૨૩ થી ૧૮૩૪ સુધી જોરાવરસિંહે એ પદે રહી ભારે પ્રતિષ્ઠા મેળવી હતી. રાજ્યની સીમાને પણ એમણે ઘણે આગળ સુધી લંબાવી દીધી હતી. સૈન્યમાં અનેક સગવડો વધારી આપી હતી. અને આ બધું રાજકોષમાંથી વધારાનો કોઇ પણ ખર્ચ લીધા વિના. તેઓ પોતે પણ અત્યંત સાદગીથી અને સૈનિકોની વચ્ચે જ રહેતા. કહે છે કે એમણે પોતે ખર્ચ કરીને પોતાનાં કપડાં સિવડાવ્યાં નહોતાં. રાજા એમને ક્યારેક પોશાક ભેટ આપે તેનાથી તથા સૈનિકોનાં કપડાં તૈયાર થયાં હોય એનાથી પોતે ચલાવી લેતા. રાજમાંથી પોતાનું વેતન પણ લેતા નહિ. અધિકારને દાવે એમણે પોતાના ભોજનનો પણ કોઇ અલગ પ્રબંધ રાખ્યો નહોતો. રાજા ગુલાબસિંહ પણ એમને નોકર નહિ, પણ આપ્તજન તરીકે માન આપતા.

રણજિતસિંહના અવસાન પછી કાશ્મીર અને પંજાબ વચ્ચેનો લગભગ ઘણોખરો પ્રદેશ ગુલાબસિંહ અને એમના ભાઇઓની સત્તા નીચે આવી ગયો. કિસ્તવારમાં પણ ત્યાંના રાજા સાથે એના મંત્રી વઝીર લખપતને કંઈ ઝગડો થતાં વઝીરે ગુલાબસિંહની સહાય માગી. ગુલાબસિંહે તુરત લશ્કર મોકલ્યું અને લડાઇ કર્યા વગર જ ત્યાંના રાજાએ હાર કબૂલી લીધી. એ કિસ્તવારથી લદ્દાખ તરફ બે ધોરી માર્ગ જતા હતા. કિસ્તવારની તદ્દન સરળ જીતથી પ્રેરાઈ પોતાની રાજસત્તાને વધુ વિસ્તારવાની એષણાવાળા જમ્મૂ નરેશને લદ્દાખનો એ અજાણ મુલક જીતવાની ઇચ્છા થઈ. એ પ્રદેશ પર વારંવાર થતા ચીન-તિબેટના હુમલા ટાળવા એમણે લદ્દાખની સહાયમાં જવા વિચાર્યું. પણ ત્યાંની હિમનદીઓ અને ઊંચા પર્વતોવાળી અજાણ ભૂમિમાં પ્રવેશવું દુષ્કર હતું. છતાં જોરાવરસિંહની સરદારી નીચે લશ્કર ત્યાં જતાં પણ ન અચકાયું. બે જ ચડાઇમાં લદ્દાખ ગુલાબસિંહના હાથમાં આવી ગયું. આ દરમિયાન જોરાવરસિંહના ડોગરા સૈન્યે ત્યાંના એક પણ ધાર્મિક સ્થાનને કશી હાનિ કરી નહિ. પરિણામે એ સંપત્તિવાન મઠો તરફથી જોરાવરસિંહને ઘણી સહાય મળતી રહી અને એમની વચ્ચે સારા સંબંધો બંધાયા.

ઈ. ૧૮૪૦માં જોરાવરસિંહે બાલ્ટિસ્તાન પર ચડાઈ કરી, સ્કાર્દુના રાજા અહમદશાહને પણ કેદ કર્યો અને એના પ્રદેશને ગુલાબસિંહની હકૂમતમાં ભેળવી દીધો. આમ લદ્દાખ તરફનો લગભગ બધો પ્રદેશ મેળવી લઇ ત્યાંના પુરાણા શાસક જગસમત નમગેલને ત્યાંની ગાદી સોંપી.

લદ્દાખ પર એ કાળે હુમલાઓની તલવાર તોળાએલી રહેતી. ચીન અને તિબેટ તરફના વારંવારના એ હુમલાઓ સામે લદ્દાખે ભૂતકાળમાં મુઘલોની સહાય લીધી હતી. હવેની એના બંદોબસ્તની જવાબદારી જોરાવરસિંહે પોતાના પર લીધી; અને તેની પાકી નાકાબંધી કરવા માટે ૧૮૪૧માં ગારોના ચીની શાસકને પત્ર લખી તેમણે રોદોકનો જિલ્લો પોતાને સોંપી દેવાનું કહેણ મોકલ્યું. ચીની શાસકે આથી ગભરાટમાં તેને પાંચ ઘોડા ને પાંચેક ખચ્ચર સાથે થોડી ભેટ મોકલી. જોરાવરસિંહને એ અપમાન લાગ્યું. એણે ચડાઇ કરીને રોદોક જીતી લીધું અને તેના તીરપાંતોમાંથી ચીન અને તિબેટનો પગદંડો દૂર કરવા આગળ કૂચ જારી રાખીને એ છેક માનસરોવર સુધી પહોંચ્યા.

જોરાવરસિંહની પ્રચંડ તાકાત સામે ચીન-તિબેટની કારી ફાવતી ન હોઈ એમણે હિન્દમાંના બ્રિટિશોની સલાહ માગી. ચીન અને બ્રિટિશ હિંદ વચ્ચે ત્યારે અફીણના વેપારને લીધે સારો સંબંધ હતો એટલે ઘૂસણખોર નીતિના ત્યારના બ્રિટિશોએ જોરાવરસિંહના મામલામાં પણ આંગળાં ભરાવવાના પ્રયત્નો કરી જોયા, પણ એમાં નિષ્ફળતા મળી.

દરમિયાનમાં જોરાવરસિંહની ટુકડી બહુ જ આગળ નીકળી ગઇ હતી અને ઠંડી વધતી જતી હતી. આથી એમણે ત્યાં જ પોતાની છાવણી નાખી. સૈનિકો પણ એ પ્રદેશમાં ખૂબ સોનું હોવાની વાતો સાંભળી હોઇ ત્યાં રોકાવા લલચાઈ ગયા. તકલાકોટ પાસે સેનાને રોકી પોતાના નિકટતમ સહયોગી મહેતા બસ્તીરામને જવાબદારી સોંપીને જોરાવરસિંહ નજીકમાં ગોમ્પા ખોરાકની યાત્રાએ ગયા. ત્યાંથી પાછા ફરતાં ૧૮૪૧ના નવેમ્બરની ૭મી તારીખે એમને ખબર મળી કે ચીની અને તિબેટી લશ્કરે સાથે મળી એમના પર ચડાઇ કરવાની યોજના કરી છે અને આક્રમણ પણ આરંભી દીધું છે.

જોરાવરસિંહનું સૈન્ય આ વખતે છૂટુંછવાયું વહેંચાએલું હતું. શિયાળો બેસી ગયો હોઇ માર્ગો રૂંધાઈ ગયા હતા અને ઠંડી તો એવી કાતિલ થઈ ગઇ હતી કે આંગળાં ઠૂંઠવાઈ જઈ સૈનિકો પોતાનાં હથિયારો પણ પૂરાં વાપરી શકે તેમ ન હતા. આવી અનેક રીતે નબળી ઘડીમાં ચીન તિબેટે એમના પર હુમલા કર્યે રાખ્યા.

અંતે ૧૮૪૧ની ૧૦મી ડિસેમ્બરે બંને સેનાઓ વચ્ચે ખૂનખાર યુદ્ધ થયું. ત્રણ દિવસ સુધી એ ધમસાણ ચાલ્યું. એમાં છેવટે ઓચિંતી એક ગોળી જોરાવરસિંહના ડાબા પગમાં વાગી ને એ ઘોડા પરથી ગબડી પડ્યા. ચીનાઓ એમને ઘેરી લઈ એમના પર તૂટી પડ્યા ને ૧૮૪૧ની ૧૨મી ડિસેમ્બરે આમ જોરાવરસિંહનું મૃત્યુ થયું. પણ દરિયાની સપાટીથી ૧૫૦૦૦ ફૂટ ઊંચે અજાણ બર્ફીલી ભૂમિની એ કાતિલ ઠંડીમાં અપૂરતા રક્ષણ સાથે એમના સૈન્યે જે શૌર્ય દાખવ્યું એ અપ્રતિમ હતું.

ચીન-તિબેટના હુમલાખોરોનો પગદંડો કાઢી નાખી લદ્દાખમાં વ્યવસ્થા સ્થાપીને ત્યાંના પાટનગર લેહથી મે માસમાં આરંભેલી એ વિજયયાત્રાનો ડિસેમ્બરમાં માભોમથી માઈલો દૂર જે રીતે અંત આવ્યો એમાં હારજીતનો પ્રશ્ન ગૌણ છે. પરંતુ પોતાના રાજ્યની સીમાઓ મજબૂત કરવાના એ કપરા કામમાં જોરાવરસિંહે કોઈ પણ જાતની અંગત એષણા વિના દાખવેલી નિર્વ્યાજ સ્વામિભક્તિ તથા શૌર્ય અને એક અતિ સફળ સેનાનાયક તરીકેની એમની ઉજ્જવળ કારકીર્દિ એ ઇતિહાસનું એક પ્રેરક પ્રકરણ છે.

જોરાવરસિંહની તાકાતની ધાક અને એના સચ્ચારિત્ર્યની અસર એ શત્રુપક્ષમાં એટલી તો ઊંડી હતી કે તેઓ એને માત્ર સફળ સેનાપતિ જ નહિ પણ કોઈ સિદ્ધપુરુષ ગણતા હતા. મારી નાખીને પણ તેઓ જોરાવરસિંહના દેહાવશેષોને વહેંચી લઈ સ્મૃતિચિહ્ન તરીકે પોતાની પ્રજાને બતાવવા અને એમનામાં જોરાવરસિંહના ચૈતન્યની પ્રેરણા સીંચવા પોતાની સાથે લઈ ગયા હતા.

એ જીતનો ચીન-તિબેટનો આનંદ તો પછી થોડા જ વખતમાં ગુલાબસિંહના નવા લશ્કરે ખાટો કરી મૂક્યો હતો. જમ્મૂ-કાશ્મીરની એ નવી સેનાના ઉપરાઉપરી વિજયોથી ત્રાહિમામ્ પોકારી આખરે ચીન તિબેટે સંધિનું કહેણ મોકલ્યું, અને ઈ. ૧૮૪૨ની ૧૫મી સપ્ટેમ્બરે, પંજાબના રાજા શેરસિંહ, કાશ્મીરના ગુલાબસિંહ, તિબેટના દલાઇ લામા અને ચીનના સમ્રાટ વચ્ચે ચાર-પક્ષી સંધી થઇ; ને ત્યારથી લદ્દાખ પર ગુલાબસિંહની હકૂમત નિશ્ચિત થઇ.

(ઇમ્પીરીઅલ ગૅઝેટીઅર, 'ત્રિપથગા' અને 'ધર્મયુગ'ના આધારે)

એવરેસ્ટનું અભૂતપૂર્વ અમેરિકન આરોહણ

ગયે મહિને અમેરિકન આરોહકોએ એવરેસ્ટ શિખર પર જે સફળ આરોહણો કર્યાં છે એ પર્વતારોહણના ક્ષેત્રમાં વિક્રમસમાં છે. હજી હમણાં સુધી અજેય રહેલા દુનિયાના એ ઉચ્ચોચ્ચ ને અડીખમ શિખર પર એક જ મહિનામાં એમણે ત્રણ વખત પગ મૂક્યો એટલા માટે જ નહિ, પણ જે માર્ગે અને જે સંજોગોમાં એમણે આ સાહસ કર્યાં છે, એનું પણ ઘણું મહત્ત્વ છે.

પહેલી મેને દિવસે એ અમેરિકન ટુકડીના જેમ્સ વ્હિટેકર અને શેરપા નવાંગ ગૉમ્બુએ પ્રથમ સફળ આરોહણ કર્યું ને ત્યાં અમેરિકન ધ્વજ સ્થાપ્યો.


બીજી વખતના પ્રયત્નમાં આરોહકોની બે ટુકડી પાડી બંનેએ અલગ અલગ માર્ગે ચડવાની યોજના એમણે કરી. ખુમ્બુ હિમપ્રવાહ પર ૨૧૩૫૦ ફૂટની ઊંચાઇએ આવેલી ૨ નંબરની છાવણી પરથી એમના માર્ગ ફંટાતા હતા. એક ટુકડીએ આજ સુધીના સફળ નીવડેલા (જુઓ નકશો) લ્હોત્સે હિમપ્રવાહને માર્ગે જઈ એવરેસ્ટની દક્ષિણ તરફથી ચડવાનું હતું. જ્યારે બીજી ટુકડી પશ્ચિમને માર્ગે નેપાળ અને તિબેટની સીમા આંકતી ધાર પર થઇને ચડવાની હતી. એ ધાર એવી કપરી ને સાંકડી છે કે એ માર્ગે જવાની આજ લગી ભલભલાએ હિંમત કરી નથી. અમેરિકન આરોહકોને પણ આ રસ્તે સફળ થવાની શક્યતા કે આશા બહુ લાગતી નહોતી. એ માત્ર એક આગવું સાહસ જ હતું. બત્રીસ વર્ષના ટૉમસ એફ હૉર્નબીન અને છત્રીસ વર્ષના ડૉ. વિલિયમ અનસૂલ્ડે એ કપરે માર્ગે જવાનું ઠરાવ્યું. દક્ષિણ માર્ગે, જગવિખ્યાત નૅશનલ જીઓગ્રાફિક સોસાએટીના ફોટોગ્રાફર બૅરી બિશપ (૩૦ વર્ષના) અને લ્યૂથર જર્સ્ટાડ (૩૬ વર્ષ) ચડવાના હતા. બંને ટુકડી પોતપોતાના માર્ગે ચડી જઇને એવરેસ્ટના શિખર પર એકબીજીને મળે એવી યોજના કરી હતી.

પશ્ચિમ માર્ગની ટુકડીને બે નંબરની છાવણી છોડયા પછી ૨૫,૦૦૦ ફૂટની ઊંચાઇએ એવો તો સખત પવન નડયો કે એમના તંબૂઓ ઊડી ગયા અને ઑક્સિજનના બાટલાઓ સુદ્ધાં એમને ખોવા પડયા. આથી એમની પાસે તો પૂરતાં સાધનો પણ રહ્યાં નહોતાં. આવી ટાંચી સ્થિતિમાં અને તદ્દન અજાણ એ અતિવિકટ માર્ગે એમને પગ ટેકવવા સારુ એક એક ડગલે આધાર શોધીને ખીલા ઠોકતા જવા પડતા હતા. પરિણામે ચડવાનો વેગ પણ અતિશય મંદ રહેતો હતો. આથી આ માર્ગે જવાના એક પ્રયત્નમાં તો એમને થોડે દૂરથી પાછા વળવું પડયું હતું.

બીજો પ્રયત્ન એમણે ૧૯મી મેએ આદર્યો અને ચાર નંબરની છાવણીથી ઊપડી ૨૭,૨૦૦ ફૂટની ઊંચાઇએ એમણે પશ્ચિમમાર્ગની પાંચમી છાવણી નાખી. પણ હવે ચડાણ એટલું આકરું હતું કે શિખર પર પહોંચાશે જ એવી કોઈ ખાતરી એમને ય ન હતી. માત્ર એક વિકટ અને હજી સુધી નહિ ખેડાએલા નવે માર્ગે કરી શકાય એટલો પ્રચંડ પુરુષાર્થ કરી જોવાની જ એષણા હતી—એમ કરતા ખતમ થઈ જવાય તો એની કોઈ પરવા ન હતી.

મુખ્ય છાવણીમાં ટુકડીના નાયક નૉર્મન ડાયરેન્ફર્થ વૉકીટૉકી રેડિયો પર આરોહકોના સદેશા ઓની ધડકતે હૃદયે રાહ જોતા બેઠા હતા. લગભગ ૨૮,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવતાં પશ્ચિમની આ ટુકડીને એક ભારે આકરી મુશ્કેલી નડી. યલ્લૉ બૅન્ડ (પીળા પટ્ટા)ના નામે ઓળખાતો, સોએક ફૂટ ઊંચો, લીસો ને ગોળાકાર ઢાળવાળો ખડક એમનો માર્ગ રૂંધતો ઊભો હતો. ખીલા ઠોકતા જઈ અને એમાં દોરડા ભરાવતા જઈ, એને જ આધારે લગભગ લટકતા જઈ ઈંચ ઈંચને હિસાબે બંને આરોહકો ચડતા હતા. આખરે એમણે એ ભીષણ ચઢાણ પણ પાર કર્યું ને રેડિયો પર સંદેશો મોકલ્યો કે: 'અમે એક એવું સ્થાન પાર કર્યું છે કે જે માર્ગે હવે પાછા ફરી શકાય તેમ નથી.' (પૉઈન્ટ ઑફ નો રીટર્ન: કાં તો શિખર ને કાં તો મોત) એમનાં સાધનો પણ હવે ખલાસ થવા આવ્યાં હતાં. સવારના પાંચ વાગ્યાથી ચડવા માંડેલું ત્યારે ૧૧ વાગ્યે તેઓ આટલે સુધી પહોંચ્યા હતા. ૨૮૦૦૦ ફૂટની એ ઊંચાઇએ પવનો ધીમા પડી ગયા હતા. બપોરે ત્રણ વાગ્યે તો, એમની સાથે રેડિયો-સંપર્ક જાળવી રહેલા મિ મિલર, નીચેની છાવણીમાંથી દૂરબીન વડે એ બંનેને આરોહણ માટે મથી રહેલા જોઈ શકતા હતા. એવરેસ્ટની ટોચે પહોંચીને દક્ષિણને માર્ગે પાછા ફરવા સિવાય હવે એ બંનેને માટે બીજો કોઈ માર્ગ નહોતો.

પણ પેલા દક્ષિણમાર્ગી બિશપ અને જર્સ્ટાડનું શું થયું? એમના કંઈ જ ખબર નહોતા.



(જર્સ્ટાડના વૉકીટૉકીની બૅટરી જ 'ફ્રૂસ' થઈ ગઈ હતી.) એવામાં છેક સાંજે ૬-૩૩ વાગ્યે છાવણીનો રેડિયો રણઝણી ઊઠયો, સંદેશો આવ્યો: પશ્ચિમની ટુકડી,—જેની સફળતાની યે ખાસ આશા નહોતી એણે એવરેસ્ટ સર કરી દીધું હતું! અને એ પણ હજી સુધી વણ-ખેડાએલા વિકટતમ પશ્ચિમ માર્ગેથી ચડીને! આરોહણક્ષેત્રનો એક મહાવિક્રમ એમણે સ્થાપ્યો હતો અને ૨૯,૦૨૮ ફૂટ ઊંચી દુનિયાની સર્વોચ્ચ ટોચ પરથી તેઓ હવે નીચે આવવાનો આરંભ કરતા હતા. દક્ષિણમાર્ગી સાથીઓનો ત્યાં પત્તો નહોતો.

કિસ્મતનો કટાક્ષ તો જુઓ! દક્ષિણની ટુકડી તો બપોરે ૩-૩૦ વાગ્યે એવરેસ્ટ પર પહોંચી ગઈ હતી. પશ્ચિમના આરોહકો માટે એમણે ચોતરફ તપાસ પણ કરી હતી અને એમનો કશો જ અણસાર ન મળતાં ૩૨૮ ફૂટ જેટલે નીચે જઈ, એમની રાહ જોવાનું ઠરાવી એ લોકો પાછા ફર્યા હતા. જ્યારે આ બાજુ હૉર્નબીન અને અનસુલ્ડે શિખર પર પહોંચી એમને શોધવાની મથામણમાં જે વખત બગાડયો એમાં અંધારું થવા આવ્યું! આખરે આશા છોડી દક્ષિણને માર્ગે તેઓ નીચે ઊતરવા માંડયા, અને છેક રાત્રે નવ વાગ્યે ચારે જણ ભેગા થયા.

હવેનું અવતરણ એ ચારે જણે સાથે આદર્યું. તેમને છ નંબરની છાવણીએ પહોંચી જવાનું હતું, પણ અંધારાને લીધે એ વિકટ બની ગયું. પાસે પૂરતો ઑક્સિજન નહોતો, સૂવા માટેની કોથળા-પથારીઓ પણ નહોતી, અરે, રક્ષણ માટે તંબૂ સુદ્ધાં નહોતો. ૨૮,૦૦૦ ફૂટની એ ઊંચાઇએ, શૂન્યથી નીચે ૧૮ અંશ જેટલી ઠંડીમાં, એકબીજાને વળગીને હૂંફ મેળવતા એ ચારે જણે ટૂંટિયાં વાળીને સૂઈ રહી આખી રાત પસાર કરી! રાત્રે આમ ખુલ્લામાં પડી રહેવાથી સવાર સુધીમાં તો એમનાં આંગળાં તદ્દન ઠીંગરાઈ ગયાં. છતાં એક અપૂર્વ સાહસ ખેડ્યાની ગરમીમાં તેઓ ટકી રહેલા. જગતના પર્વતારોહણના ઇતિહાસમાં આ અપ્રતિમ વિક્રમ એક પ્રેરક પ્રકરણ બની રહેશે.

ડાયરેન્ફર્થની મંડળીએ નક્કી કરેલાં બધાં ધ્યેય સિદ્ધ થયાં હતાં. એક તરફથી—અને અહીં તો વિકટતમ બાજુએથી—આરોહણ આરંભી, દુનિયાના સર્વોચ્ચ શિખર પર પહોંચીને બીજી બાજુથી નીચે ઊતરી આવવાના આ પહેલે જ પ્રયાસે સફળ થએલા પ્રયત્નથી અમેરિકન આરોહક ટુકડી અદ્વિતીય યશ મેળવી ગઈ છે. આ પ્રકારનો પ્રયત્ન અગાઉ માત્ર એક જ વખત થયો હતો અને તે પણ નંદાદેવીના શિખર પર; પરંતુ તેમાં યે સફળતા મળી નહોતી.


ટિકિટ સંગ્રહ

અમેરિકાની એક અને ઈંગ્લંડની કેટલીક નવી ટિકિટો



સંયુક્ત રાષ્ટ્રસંઘ પ્રયોજિત 'ભૂખનિવારણ' ઝુંબેશ નિમિત્તે અમેરિકાએ આ પાંચમી જૂને બહાર પાડેલી પાંચ સેન્ટની નવી ટિકિટ.





તાજેતરમાં ઇંગ્લંડે કેટલીક નવી ટિકિટો બહાર પાડી છે. ઉપર: હમણાં પારી(સ)માં યોજાએલા 'પ્રથમ આંતરરાષ્ટ્રીય ટપાલ-વ્યવહાર સંમેલન'ની શતાબ્દી નિમિત્તની ઇંગ્લંડની નવી ટિકિટ તથા તેનું ફર્સ્ટડે કવર, જેના પર ઈંગ્લંડ ને ફ્રાંસની તત્કાલીન ટપાલટિકિટોનું આલેખન આપ્યું છે.





આ માસની શરૂમાં એડિનબરઅમાં મળેલા નવમા આંતરરાષ્ટ્રીય લાઈફબોટ સમેલન નિમિત્તે ઇંગ્લંડે બહાર પાડેલી નવી ટિકિટો તથા તે પ્રસંગનું ફર્સ્ટડે કવર. એના પરના પ્રસંગોચિત આલેખનો તો સ્પષ્ટ છે. (ચારે ટિકિટો મોકલનાર: રામુભાઈ પટેલ, બર્મિંગહામ.)

ગયા મે માસમાં ઈંગ્લંડે 'રાષ્ટ્રીય પ્રકૃતિ સપ્તાહ' ઊજવ્યું હતું. તે નિમિત્તે એણે બહાર પાડેલી નીચેની બે રંગીન ટિકિટો પરનાં આલેખનો પણ સપ્તાહના ઉદ્દેશને દ્યોતક છે.



(મોકલનાર: રામુભાઈ પટેલ તથા હનુમાનભાઈ પટેલ, ઝોલી)

ગુણવંત છો. શાહ
અનુવાદિત

નિકોલાઇ ગોગોલનો ઓવરકોટ

જગતસાહિત્યમાં પ્રતિષ્ઠા પામેલો

એક સરકારી ખાતામાં...બસ, એટલું જ પૂરતું છે. કયું ખાતું હતું એ જણાવવું સારુ નથી.

હં, તો એક સરકારી ખાતામાં એક કારકુન કામ કરતો હતો. આ કારકુન વિષે ય ખાસ કંઇ કહેવાનું નથી; ફક્ત એટલું જ કે તે ઠીંગણો હતો, તેના મોં ઉપર શીતળાના ડાઘ હતા, વાળ એના કંઈક રાતા હતા અને મોં ઉપર કરચલીઓ પડી ગઇ હતી.

તેનું નામ હતું અકાકી અકાકીવિચ. નામ સહેજ વિચિત્ર લાગશે, પરંતુ જે પરિસ્થિતિમાં એ જીવતો હતો અને ઊછર્યો હતો તેમાં આ નામ સિવાય બીજું કોઈ યોગ્ય નામ જણાતું ન હતું.

આ ખાતામાં એને કોણે દાખલ કરાવ્યો કે એણે ક્યારે પોતાની કારકુનીની શરૂઆત કરી એ ય કોઇને યાદ નથી. મોટામોટા અધિકારીઓ અને કલેક્ટરો આવી ગયા પણ એ તો પોતાની જગ્યાએ ચિટકી જ રહ્યો હતો. એ હમેશાં એ જ જગ્યાએ, એ જ સ્થિતિમાં, એ જ ખુરશીમાં, એ જ હોદ્દા ઉપર જોવામાં આવતો. તે એક જ કામ કરતો–નકલ ઉતારનાર લહિયાનું. તેના સહકાર્યકરો હમેશાં કહેતા કે તે હાથમાં કલમ લઇને જ જન્મ્યો હતો—અને તે પણ ફાટેલા ગંદા કોટ અને ખુલ્લા ગંદા માથા સાથે.

ઑફિસમાં એના તરફ કોઈ લેશપણ માનથી વર્તતું નહિ. તે ઑફિસમાં દાખલ થતો ત્યારે જાણે કોઈ જંતુ પેઠું હોય એવું સૌને લાગતું. નવાસવા આવેલા તાજા કારકુનો પણ તેની મશ્કરી કરતા. તેઓ તો એવી પણ વાતો—એની હાજરીમાં જ—કરતા કે અકાકીની ઘરડી મકાનમાલિકણ એકાકીને મારે છે. તેઓ તેના ઉપર કાગળની ગોળીઓ કે ઠળિયા પણ ફેંકતા.

આ બધું હોવા છતાં અકાકીનું કામ કડેધડે રહેતું. એથી તેની નકલમાં કે નકલના અક્ષરોમાં સહેજ પણ કચાશ રહેતી નહિ. સતામણીની જ્યારે હદ આવી જતી ત્યારે તે ફક્ત આટલું જ બોલતો: 'ભાઈસા'બ, મારું કામ કરવા દોને!' અને એની અસર જાદુ જેવી થતી. તેને હેરાન કરનાર દરેક જણ તરત શાંત થઈ જતો.

તે પોતાનું કામ અદ્‌ભુત પ્રામાણિકતાથી કરતો, એટલું જ નહિ પણ તેને પોતાના કામ ઉપર અનહદ પ્રેમ પણ હતો. તેના ટેબલ ઉપર કોઈ કાગળો નાખી જતું ત્યારે તેની આંખો આનંદથી ચમકી રહેતી; એ આનંદ ચહેરા ઉપર તરી આવતો. બારાખડીના કેટલાક અક્ષરો જોડે તો તેને જાણે ઘરોબો બંધાઈ ગયો હતો અને તે અક્ષર લખતી વખતે એ ખીલી ઊઠતો, આંખો પટપટાવતો અને હોઠ ચાવતો; જાણે એના મોં ઉપર જ એ અક્ષર લખાતો હોય એવું લાગે.

જોકે એના કામની કદર અત્યાર સુધી બિલકુલ થઈ જ નહોતી એમ નહિ. આવા માણસના કામનો બદલો મળવો જોઈએ એમ માની એક ઉપરીએ તેને નકલ કરવા કરતાં વધારે રાહત અને મોભાવાળું કામ સોંપ્યું—તૈયાર કરેલા દસ્તાવેજો અને લખાણોને સહેજસાજ મઠારીને બીજા ખાતામાં મોકલવાનું. પરંતુ અકાકીને તો એ ઘણું ગૂંચવણ ભરેલું લાગ્યું અને તે ઉપરી પાસે જઇને રડતા અવાજે બોલ્યો, 'સાહેબ આના કરતાં તો મને પહેલાંનું જ કામ આપો.'

અકાકી કદી પોતાનાં કપડાં પર ધ્યાન ન આપતો. તેનો લાંબો કોટ જે મૂળ લીલા રંગનો હતો તે રતાશ પડતો થઈ ગયો હતો. ઉપરાંત કોટ પર કહીક ઘાસનું તણખલું, કે કાં તો દોરાનો કટકો કે એવું કૈંક ચોંટેલું જણાતું જ. તેનાં સગાંવહાલાંને પણ કોઇએ કદી જોયાં ન હતાં.

ઘરે જઈને એ તરત જ જમવા બેસી જતો અને કોબીજનો સૂપ ઝટઝટ પી લઇને ઉપર પાંઉં તથા ડુંગળી ખાઈ લેતો. એણે કદી સ્વાદને પિછાણ્યો જ ન હતો. જમીને પાછો તરત તે એના કાગળોની નકલો કરવા બેસી જતો. સેન્ટ પીટર્સબર્ગના અન્ય કારકુનો જ્યારે સાંજની મોજ માણતા હોય ત્યારે અકાકી કાગળ પર ઢસરડો કરતો દેખાતો.

સેન્ટ પીટર્સબર્ગમાં માસિક પાંત્રીસ રૂબલનો દરમાયો મેળવતા કારકુનોનો સૌથી મોટો શત્રુ છે ઉત્તરમાંથી આવતો બરફીલો પવન. સવારના આઠ અને નવ વાગ્યાની વચ્ચે ઑફિસે જનારા કારકુનોને આ કાતિલ ઠંડા પવનથી કેમ બચવું એ મોટો કોયડો થઈ પડે છે.

અકાકી પણ છેલ્લા થોડાક સમયથી એ ઠંડા પવનનો તીક્ષ્ણ પ્રહાર પોતાની પીઠ પર વેઠયા કરતો હતો. થોડાક દિવસ પછી તેને થયું કે પોતે જે ઓવરકોટ પહેરે છે એને તો કશો વાંધો નથી આવ્યો ને? તેણે ઓરડામાં જઇને કોટને તપાસ્યો તો માલૂમ પડયું કે કોટ પીઠ ઉપર અને ખભેથી તો સાવ જરી ગયો છે. હવે, બહુ વિચારને અંતે તેણે કોટને દરજી પેત્રોવિચ પાસે લઈ જવાનો નિર્ણય કર્યો. દરજી અકાકીના પાછળના મકાનમાં જ રહેતો હતો. પેત્રોવિચને એક આંખની કમી હતી, છતાં કપડાંને થીગડાં મારવામાં તો તે ઉસ્તાદ ગણાતો. અકાકી તેને ત્યાં પહોંચ્યો: 'કેમ છો, પેત્રોવિચ?'

'ઓહ, આવો આવો!' પેત્રોવિચ બોલ્યો અને અકાકીના હાથ ઉપરની વસ્તુ ઉપર તેણે નજર ઠેરવી.

'હું...એટલા...માટે...આવ્યો...મકું જે...જુઓને...વાત એમ છે...' અકાકી જ્યારેજ્યારે બોલતો ત્યારે તે દરેક જાતનાં વિશેષણો, ક્રિયાવિશેષણો અને એવા અર્થ વગરના શબ્દો બોલતો જ. તેણે બોલવાનું ચાલુ રાખ્યું: 'આજ...જુઓને...ખરેખર તો...એવું છે ને કે......' અને ત્યાં તે થોથવાઈ પડયો.

અકાકીને આગળ બોલતો અટકાવીને પેત્રોવિચે તેનો કહેવાતો ઓવરકોટ પોતાના હાથમાં લઈ લીધો અને તેને ટેબલ ઉપર પાથરીને તપાસવા લાગ્યો. તેણે બારીમાં પડેલી દાબડી ઉઠાવીને તેમાંથી થોડી છીંકણી સૂંઘી અને કોટને આડોઅવળો ઉથલાવવા લાગ્યો. આ બધી ક્રિયા તેણે બેચાર વખત કરી અને અંતે બોલ્યો, 'ભાઈ આ કોટ તો કોઇપણ હિસાબે સુધરી શકે એમ નથી. એને થાગડથીગડ નહિ થઈ શકે સમજ્યા?'

શબ્દો સાંભળીને અકાકીનું હૈયું બેસી ગયું. કોઇ બાળક કાલાવાલા કરતું હોય એવા સ્વરે તે બોલ્યો, 'પણ કેમ ન થાય? ફક્ત ખભા ઉપર જ એ ફાટયો છે. એટલા થીગડાનો કટકો તો તમારી પાસે હશે ને?'

પેત્રોવિચે કહ્યું, 'એમાં થીગડાનો સવાલ નથી. એને થીગડું લગાવી શકાય એવું જ નથી. એ એટલો બધો જરી ગયો છે કે સોયની ક્યાં ય પકડ જ આવે એમ નથી. થીગડું શાના આધારે પકડાવવું એ

જ સવાલ છે. હવે તો એ કોટને મફલર કે એવું કંઈક બનાવો તો છે! બાકી ઓવરકોટ તો તમારે નવો જ ખરીદવો પડશે.'

નવા કોટની વાત સાંભળતાં જ અકાકીવિચની આંખો સામે અંધારું છવાઇ ગયું. કેટલી ય વારે તે એટલું જ બોલી શક્યો કે 'મારી પાસે નવા કોટ માટેના પૈસા જ નથી.'

તો પણ દરજી માન્યો નહિ. એટલે અંતે તે બોલ્યો, 'ઠીક છે, નવા કોટના કેટલા પૈસા થશે?'

'હં, એમ કહોને! નવા ઓવરકોટના લગભગ દોઢસો રૂબલ થશે.'

'શું? એક ઓવરકોટના દોઢસો રૂબલ?' અકાકી-ગરીબ બિચારો અકાકી હતાશ થઈ ગયો. છુંદાઇ ગએલા બટેટા જેવો થઇને તે પાછો ફર્યો.

છતાં પણ અકાકી દિવસો સુધી પેત્રોવિચ પાસે જતો અને અત્યંત આજીજી સાથે તેને મનાવતો. પરંતુ દરજી એકનો બે ન થયો. દિવસો વીતતા હતા અને ઓવરકોટની ચિંતામાં બિચારો કારકુન ગળતો જતો હતો: નવા ઓવરકોટના પૈસા ક્યાંથી લાવવા? તેને બોનસ મળવાનું હતું, પરંતુ એ પૈસા તો ક્યારના ય અગાઉથી ઉપાડાઈ ગયા હતા. મોચીને પૈસા આપવાના હતા, પોતે નવો પાયજામો ખરીદીલો એના પૈસા બાકી હતા, બીજાં પણ ખર્ચ કરવાનાં હતાં. તેના સાહેબને કહેવાથી બહુ બહુ તો તેને પચાસ રૂબલ અગાઉથી મળી શકે એમ હતા. પણ બાકીનાનું શું? એ તો ઓવરકોટના સમુદ્રમાં એક ટીપા સમાન હતા.

અંતે અકાકીએ વર્ષોથી સંઘરીને એકઠી કરેલી પોતાની મૂડી કાઢી. એમાં અત્યાર સુધીમાં ચાલીસ રૂબલ એકઠા થયા હતા. એ પછી અકાકીએ નિશ્ચય કર્યો કે પોતે ઓછામાં ઓછું એક વર્ષ સુધી પોતાનો નિયમિત ખર્ચ ઘટાડી નાખવો.

તેણે દિવસમાં એક જ વખત જમવાનું શરૂ કર્યું. રાતના દીવાનો ખર્ચ તેણે બંધ કર્યો. ઑફિસનું કંઈ કામ હોય તો તે મકાનમાલિકણની ઓસરીમાં જઇને કરવા લાગ્યો. પગરખાં જલદી ન ફાટે એટલે તે સાવચેતીથી રસ્તા ઉપર ચાલતો. કપડાં પણ ઘણા દિવસ સુધી પહેરી રાખ્યા પછી ધોતો. નવા ઓવરકોટની સુખદ કલ્પના વડે તે રોજ રાત્રે ભૂખ્યા પેટને શાંત કરતો. પોતાની જિંદગીના કોઇ અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે જાણે કમર કસી હોય એવું દૃઢ સંકલ્પબળ ધરાવતા ચેતન-ભર્યા માનવી જેવો તે થઇ ગયો.

પૈસા અગાઉથી ઉપાડવા માટે ઑફિસમાં તેણે કરેલી અરજી બહુ જ સહેલાઈથી પાસ થઇ ગઇ. માગ્યા હોય એ કરતાં ઓછા મળે એ શિરસ્તા પ્રમાણે તેણે ચાલીસ રૂબલને બદલે સાઠ રૂબલની માગણી કરેલી, પણ એ સાઠેસાઠ રૂબલ મંજૂર થઈ ગયા! આથી તે ઉત્સાહમાં આવી ગયો અને ક્યારેક તો ઉપવાસ પણ ખેંચવા લાગ્યો. એ પછી ત્રીજે મહિને એની પાસે પૂરતા પૈસા થઈ ગયા.

આ દરમિયાન પેત્રોવિચ પાસે એ જતોઆવતો હતો. પૂરતા પૈસા થઇ ગયા પછી એણે પેત્રોવિચને સાથે લઇને ઓવરકોટ માટેનું કાપડ ખરીદ્યું. પેત્રોવિચે ઓવરકોટ ઉપર સતત પંદર દિવસ સુધી કામ કર્યું.

અંતે પેત્રોવિચ કોટ લઇને અકાકીને ત્યાં હાજર થયો. અકાકીના જીવનનો એ અત્યંત મહામૂલો દિન હતો. સુંદર રીતે વીંટાળેલા કોટને પેત્રોવિચે ખોલ્યો અને અકાકીને શાનદાર રીતે પહેરાવ્યો. બંને જણે એકસાથે કબૂલ કર્યું કે 'કોટ ખરેખર ફાંકડો બન્યો છે!'

નવો ઓવરકોટ ચડાવીને અકાકી ઑફિસે જવા ઊપડ્યો. દરેક મિનિટની એક એક સેકન્ડે એને પ્રતીતિ થતી હતી કે તેના ખભા ઉપર આજે નવો કોટ છે; કેમકે ઓવરકોટે એકસાથે બે ફાયદા કર્યા હતા: તેની ઠંડી ઉડાડી હતી અને તેને સુંદર દેખાડ્યો હતો. એના મરકતા હોઠ ઉપરથી એનો આંતરિક સંતોષ પ્રગટ થઇ રહ્યો હતો.

અકાકીના નવા ઓવરકોટની જાણ ઑફિસમાં સૌને થોડી વારમાં જ થઇ ગઇ. એક પછી એક સૌ એનો ઓવરકોટ જોવા દોડી આવ્યા અને તેને અભિનંદન આપવા લાગ્યા. અકાકી આથી મૂંઝાઇ ગયો. તેના સાથીદારોએ નવા કોટના માનમાં ચા-પાણીની માગણી કરી. એથી તો તે વધુ મૂંઝાઇ ગયો; 'ના રે ના, આ તો જૂનો કોટ છે–નવો ક્યાં છે?' એમ કહીને તે વાત ટાળવા લાગ્યો.

અંતે એક કારકુને કહ્યું, 'એ પાર્ટી ન આપે તો કાંઈ નહિ, હું પાર્ટી આપીશ. આજે રાત્રે દરેક જણ મારે ત્યાં આવજો. વળી આજે મારો જન્મદિવસ પણ છે.'

સાંજના અકાકી નવો ઓવરકોટ પહેરીને પાર્ટીમાં જવા ઊપડ્યો. પેલા કારકુનનું ઘર ક્યાં આવ્યું એ તે બરોબર જાણતો ન હતો, છતાં તે અડસટ્ટે ઊપડ્યો. વર્ષોથી તે સાંજના કદી બહાર જ નીકળ્યો ન હતો. એ ત્યાં પહોંચ્યો ત્યારે સૌ આવી ગયા હતા એટલું જ નહિ, એક વખતની ચા પણ પીવાઇ ગઇ હતી.

આટલી બધી ધમાલ, આટલા બધા માણસો, બધું અકાકી માટે અપરિચિત હતું. કેમ વર્તવું, ક્યાં હાથ રાખવા, ક્યાં પગ મૂકવા, અરે પોતાનું આખું શરીર ક્યાં રાખવું એ જ એને સમજાતું ન હતું! તેને તો તરત જ પાછા વળી જવાનું મન થયું. પણ પરંતુ એમ કોઈ જવા દે ખરું? વૉડકાના બે ગ્લાસ એને પીવડાવ્યે જ છૂટકો કર્યો.

અરધી રાત થઇ ગઇ હતી. અકાકીને લાગ્યું કે હવે તો ઘેર જવું જ જોઇએ. એટલે એ છાનોમાનો ઘરની બહાર નીકળી ગયો. રસ્તા ઉપરની બત્તીઓ હજી બળતી હતી. રડીખડી કોઈ દુકાન ઉઘાડી હતી. એ સિવાય રસ્તો સાવ સૂમસામ હતો. પરંતુ અકાકી આજે મસ્તીમાં હતો. તે ડોલતો ડોલતો જઇ રહ્યો હતો. ત્યાં એણે દૂરથી જોયું કે એક ચોકમાં કોઇક ચાર જણ ઊભા છે. તેઓને જોઇને એ મનમાં ગભરાવા લાગ્યો. છતાં આંખો નીચી રાખીને એ આગળ વધ્યો. એવામાં એક જણે એને અટકાવીને એનો કૉલર પકડતાં કહ્યું, 'અરે, આ રહ્યો મારો ઓવરકોટ!'

'પકડો, ચોર, પકડો.' એમ કહીને તે મદદ માટે બૂમો પાડવા જતો હતો, ત્યાં તો તેના મોઢા ઉપર એક ધુમ્બો પડ્યો!

એ પછી શું થયું તેનું અકાકીને ભાન ન રહ્યું. એને લાગ્યું કે કોઈક તેનો કોટ ઉતારી રહ્યું છે અને તે નીચે સડક ઉપર બરફમાં ગડથોલિયું ખાઇને પડી ગયો છે.

જ્યારે એ ભાનમાં આવ્યો ત્યારે તેણે જોયું કે આજુબાજુ કોઈ નથી. તેનું શરીર ઠરી ગયું હતું. જેમતેમ કરીને એ જલદી જલદી ઘરે પહોંચ્યો. બારણા ઉપર ઠોકાતા અધીરાઇભર્યા ટકોરાથી અકાકીની બુઢ્ઢી મકાન-માલિકણ ગભરાઇ ગઇ અને તેણે તરત જ બારણું ઉઘાડ્યું. રડતાંરડતાં અકાકીએ બધી વાત કહી સંભળાવી. મકાન-માલિકણે સહાનુભૂતિ દર્શાવતાં તેને સલાહ આપી કે પોલીસ કમિશનર પાસે ફરિયાદ કરવી જોઇએ.

વહેલી સવારે તે કમિશનરના ઘરે પહોંચી ગયો. પણ તે હજી સૂતા હતા. ફરી પાછો તે દસ વાગ્યે ગયો. એ વખતે પણ તે સૂતા હતા. વળી તે અગિયાર વાગ્યે ગયો અને તેને દરવાને કહ્યું કે કમિશનર સાહેબ ઘરમાં નથી. અંતે તે જમવાની વેળાએ ગયો ત્યારે તેને કહેવામાં આવ્યું કે તેઓ અંદર છે. પરંતુ કમિશનરને મળ્યા પહેલાં એનો સેક્રેટરી જાણવા માગતો હતો કે તે શા માટે કમિશનરને મળવા ઈચ્છે છે.

જિંદગીમાં પહેલીવાર અકાકીએ કૈંક ચારિત્ર્યિક બળ બતાવવાનો વિચાર કર્યો અને તે બોલ્યો, 'કમિશનરનું મારે અંગત કામ છે, એટલે મારે એમને ખાસ મળવું જ પડે એમ છે. હું પણ સરકારી નોકર છું. મને

તમે અંદર નહિ જવા દો તો હું ઉપર સુધી આ ફરિયાદ પહોંચાડીશ.'

તેનો માર્ગ તરત જ સરળ થઇ ગયો. કમિશનરને તે મળ્યો અને બધી વાત કહી સંભળાવી. પણ કમિશનર તો વિચિત્ર રીતે વર્ત્યો. વાતના મુખ્ય મુદ્દાને સ્પર્શ્યા વિના તે આડાઅવળા પ્રશ્નો કરવા લાગ્યો. તેણે પૂછ્યું, 'એટલી બધી મોડી રાતે તું ક્યાં જતો હતો? કોઇ ખરાબ મકાનમાંથી પાછો ફરી રહ્યો હતો કે શું?'

આવા અણધાર્યા ને અણછાજતા સવાલોથી એ મૂંઝાઇ ગયો. જે કાંઇ જવાબ આપ્યા તે કમિશનરને સંતોષી શક્યા જણાયા નહિ. તેની ખાતરી થઇ ગઇ કે તેનો ઓવરકોટ શોધવા માટે કશા જ પ્રયત્નો કરવામાં નહિ આવે.

તેની જિંદગીમાં એ પહેલીવાર તે દિવસે ઑફિસે ન ગયો. બીજા દિવસે તે ઑફિસે ગયો ત્યારે માંદલો દેખાતો હતો. એનો ઓવરકોટ તફડાવાઈ ગયાની વાતથી ઘણા કારકુનોને લાગી આવ્યું. ફંડ એકઠું કરીને તેને બીજો ઓવરકોટ લઈ આપવાનું તેમણે વિચાર્યું, પરંતુ તેઓ કંઈ કરી ન શક્યા, કેમકે તેમના ખાતાના ઉપરીની તસવીર બનાવવા માટે તેઓએ બે દિવસ પહેલાં જ ફંડ ભર્યું હતું. વળી તેમના સાહેબના એક મિત્રના માસિક માટે તેઓએ લવાજમનું વચન આપેલું હતું. એટલે અકાકીના ઓવરકોટ માટે સાવ નજીવી રકમ એકઠી થઇ શકી.

કોઈક કારકુને તેને સલાહ આપી કે શહેરની કોઈ મહત્ત્વની રાજદ્વારી વ્યક્તિની લાગવગ લગાવવામાં આવે તો કદાચ કામ પતી જાય. એટલે તે એવી એક મહત્ત્વની વ્યક્તિ પાસે ગયો. અકાકીનો લઘરવઘર દેખાવ જોઇને એ બોલ્યા;

'કેમ, શું કામ છે તારે?'

તેમનો અવાજ કરડાકીભરેલો તીણો હતો. ઘરમાં અરીસા સામે ઊભા રહીને એ પ્રકારે બોલવાનો તેમણે ખાસ મહાવરો પાડ્યો હતો.

આમે ય અકાકી ગભરાએલો તો હતો જ; એમાં આવો રૉફ જોઈને એ વધુ ગભરાઈ ગયો. છતાં જીભ ઉપર શક્ય તેટલી સ્થિરતા આણીને થોથરાયા વિના પોતાની વાત તેણે કહી સંભળાવી. અકાકીની વાત સાંભળીને શહેરની પેલી મહત્ત્વની વ્યક્તિ તો બરાડી જ ઊઠી: 'તને ખબર છે કે તું કોની સાથે વાત કરે છે? હું કોણ છું એ તું જાણે છે? તને ખરેખર ખબર છે? હું પૂછું છું એનો જવાબ તો આપ!'

થઇ રહ્યું. અકાકી હિમ જેવો ઠંડો થઈ ગયો. ત્યાંથી ખસી શકવાના કે કશો જવાબ આપવાના તેના હોશ જ ન રહ્યા. પટાવાળાએ આવીને એને પકડી લીધો ન હોત તો તે ત્યાં જ ઢળી પડત.

અને પોતાના રૂઆબથી ધારી અસર ઊપજેલી જોઇને પેલી મહત્ત્વની વ્યક્તિના મનમાં આનંદ માતો ન હતો.

અકાકી બંગલાનાં પગથિયાં ઊતરી રહ્યો હતો અને રસ્તા ઉપર ચાલી રહ્યો હતો ત્યારે તેને કશું ભાન ન હતું. જિંદગીમાં તેણે આવું અપમાન કદી જોયું ન હતું. બરફથી ઢંકાએલા રસ્તા ઉપર ચારે બાજુથી ઠંડા પવનના સૂસવાટા ફૂંકાતા હતા. એની વચ્ચેથી અકાકી સૂનમૂન થઇને ચાલ્યો જતો હતો.

બીજા દિવસે તેને તાવ ચડ્યો. પીટર્સબર્ગના હવામાનનો પાડ માનો કે તેની માંદગી ખૂબ આગળ વધી ગઈ! ડૉક્ટર આવ્યો. અકાકીની નાડી તપાસી. તેને લાગ્યું કે દવા કરવી હવે નકામી છે. છતાં દર્દીના સંતોષ ખાતર તેણે બેએક દવા ઉતારી આપી.

જતાં જતાં મકાન-માલિકણને ડૉક્ટર કહેતો ગયો, 'હવે એ એકાદ-દોઢ દિવસ સુધી માંડ ખેંચે તો! એટલે બધી તૈયારી કરી રાખજો.'

અકાકીએ એ બધું સાંભળ્યું હતું કે નહિ, અને સાંભળ્યું હોય તો પોતાની નમાલી જિંદગી માટે તેના મનમાં શા વિચારો આવ્યા હોત એ વિષે આપણે કલ્પના કર્યા સિવાય બીજું કશું કરી શકીએ એમ નથી.

અને એક દિવસ તે આ કષ્ટ ભરેલી દુનિયા છોડીને ચાલ્યો ગયો. જાણે કે એનું અસ્તિત્વ જ કદી ઊગ્યું ન હતું એવી ઢબે પીટર્સબર્ગનો સઘળો વહેવાર ચાલતો રહ્યો. જેણે જિંદગીના તમામ દિવસોમાં ઑફિસના કારકુનોને મનોરંજન પૂરું પાડ્યું હતું એના જીવનમાં જીવનના અંતકાળે નવા ઓવરકોટના કારણે થોડોક ચમકારો આવી ગયો.

થોડાક દિવસ સુધી એ ઑફિસમાં હાજર ન થયો એટલે સાહેબે એક પટાવાળાને ચિઠ્ઠી લઇને મોકલ્યો કે તે 'તરત જ પોતાની ફરજ ઉપર હાજર થઈ જાય.'

પટાવાળો પાછો ફર્યો અને કહ્યું, 'અકાકી નહિ આવી શકે.'

'એમ કેમ ચાલે? એ રીતે ગેરહાજર ન રહેવાય એ એને કહી આવ.'

'પણ સાહેબ, એ તો મરી ગયો છે.'

'તો એમ કહે ને?' સાહેબે પટાવાળાને દબડાવ્યો.

અને બીજા દિવસે અકાકીની જગ્યાએ એક નવો કારકુન ગોઠવાઈ ગયો.

પરંતુ અકાકીની વાત અહીં જ પૂરી થઈ ગઈ નથી એવો કોને ખયાલ હતો? મર્યા પછી પણ એ ધાંધલ મચાવી મૂકશે એવું કોણ જાણતું હતું?

વાત આમ બનેલી. તેના ખાતાના એક સાથીદારે તેનું ભૂત જોયું હતું. થોડા દિવસ પછી એક ચોકીદારે એક ભૂતને એક માણસના ઓવરકોટનો કૉલર ખેંચતું જોયું હતું.

અને શહેરભરમાં વાત ફેલાઈ ગઈ કે ગામમાં એક ભૂત થાય છે કે જે હમેશાં પોતાનો ઓવરકોટ શોધતું ફરે છે. જેટલા રાહદારીઓને એ મળે છે એટલાના ઓવરકોટના કૉલર તે પકડે છે. આ ભૂત એ અકાકી અકાકીવિચનું છે એમ પણ વાતો થવા લાગી.

પોલીસ કમિશનરની ઑફિસમાં પણ બહુ ફરિયાદ આવવા લાગી. પોલીસ ખાતાએ ગામમાં સઘળે પહેરો બેસાડી દીધો; પરંતુ ભૂત તો પોલીસોને જ ભય પમાડવા લાગ્યું.

શહેરની પેલી મહત્ત્વની વ્યક્તિને પણ ભૂત સતાવતું હતું. એમના ટેબલ ઉપર રોજ તેમને અકાકીનો કાળો પડછાયો દેખાતો હતો. એક દિવસ તે મોડી રાતે કોઈ પાર્ટીમાંથી પાછા ફરી રહ્યા હતા ત્યારે તેમને આભાસ થયો કે ઘોડાગાડીની પાછળથી કોઇકે તેમનું ગળું પકડ્યું છે. ભૂતને તેઓ તરત પારખી ગયા. તે બોલ્યા; 'માફ કરો, મારી ભૂલ થઈ ગઈ હતી.'

ભૂતે જવાબ આપ્યો: 'નહિ; તમારો ઓવરકોટ લાવો, તો જ છોડીશ.' એમ કહીને ભૂતે એક અટ્ટહાસ્ય કર્યું.

તે દિવસથી એ મહત્ત્વની વ્યક્તિના સ્વભાવમાં બહુ ફરક પડી ગયો. હવે તેઓ કોઈની ઉપર રૂઆબ છાંટતા નથી અને સૌની સાથે નમ્રતાથી વર્તે છે.

અને શહેરમાં પણ પછી ભૂતની સતામણીના બનાવો બંધ થઈ ગયા.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ સને ૧૯૬૩ માટે પ્રો. રમણલાલ જોષી (૧૬ સરદાર પટેલ નગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનંતિ છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં ઉપરને સરનામે મોકલીને આભારી કરશે.

સ્વામી કૃષ્ણાનંદ

સ્મરણીય વ્યક્તિની સત્યકથાઓ · ૧૩

મુકુન્દરાય વિ. પારાશર્ય

મધ્ય સૌરાષ્ટ્રમાં રાજકોટથી વીસ માઈલ અગ્નિ ખૂણે કોટડા સાંગાણી નામે ગામ છે. ઇ. સ. ૧૯૪૮ પહેલાં તે ચોથા વર્ગના રાજ્યની રાજધાની હતી. ગામ ફરતો ગઢ હતો. એ ગામને નૈૠત્ય ખૂણે પૂર્વપશ્ચિમ વહેતી ગોંડલી નદી તથા ઉત્તરદક્ષિણ વહેતી વાછપરી નદીનો સંગમ થાય છે. ગોંડલી નદી ઉપર થઇને ગોંડલ જતા માર્ગની જમણી બાજુ, નદીને સામે કાંઠે, સંગમ પર સમાધિની વાડી છે ને ડાબે હાથે પંચનાથનું મંદિર છે. મંદિરની બાજુમાં સાધુસંન્યાસીને ઊતરવા માટે પાકી બાંધણીનું મકાન છે; પણ એ બંધાયા પહેલાં ત્યાં કાચી બાંધેલી એક છાપરી હતી.

સંવત ૧૯૩૮ના ચૈત્ર માસની એક સાંજે તે ગામના રાજવૈદ્ય કાનજીભાઈ હરિરામ પંચનાથ દર્શને ગયા ત્યારે એ મંદિરને ઓટે ગાઢી સફેદ દાઢીવાળા, ઊંચા દેહબાંધાવાળા એક વૃદ્ધ સંન્યાસીને બેઠેલા જોયા. એ સંન્યસીના શ્વાસમાં કંઈક વેગ હતો અને પેટ મોટું હતું. વૈદ્યરાજે એ સંન્યાસીને વળતે દિવસે પોતાને ત્યાં ભિક્ષા લેવા આવવા વિનંતી કરી. સંન્યાસીએ ભિક્ષાન્ન લેવા આવવાની ના પાડતાં કહ્યું: 'બને તો છાશની સગવડ કરો.'

વાતચીત પરથી વૈદ્યરાજને જાણવા મળ્યું કે સંન્યાસી સોમનાથની યાત્રાએ નીકળ્યા હતા. થોડા માસથી ઉદરવ્યાધિથી પીડાતા હતા, જે વ્યાધિનું જોર વધવાથી થોડા દિવસ એકાંત માટે ને આરામ માટે વિચારતા હતા. આ સ્થળ તેમને ગમતું હતું એટલે દશબાર દિવસ રોકાવા ધારતા હતા. અન્ન લેવું ન હતું. ઉદરરોગમાં છાશ દવા અને અન્ન બન્ને રીતે હિતાવહ હોવાથી તેની માગણી કરી હતી. વૈદ્યરાજને પોતાને ત્યાં દૂઝણું હતું એટલે છાશ પહોંચાડવાનું માથે લઇને કહ્યું: 'થોડા દિવસ વધુ રોકાઓ, હું ચિકિત્સા કરું ને પછી રોગમુક્ત થઈ આગળ યાત્રા કરો.' સંન્યાસીએ પૂછ્યું: 'ક્ષારવાળી દવા આપશો કે ક્ષાર વગરની?' વૈદ્યરાજે કહ્યું: 'વ્યાધિ એટલો આગળ વધી ગયો છે કે હવે ક્ષાર આવશ્યક દ્રવ્ય છે.'

એ સંન્યાસીએ છેલ્લા ત્રણ દશકાથી આહારમાં ક્ષાર લીધો ન હતો. સાત્ત્વિક આહારમાં ક્ષારને સ્થાન નથી, તેમ જ જંગલમાં ઝેરી જીવજંતુ વચ્ચે વસનાર માટે પણ ક્ષાર હિતાવહ નથી એવી માન્યતાને કારણે ક્ષારહીન ઉપચારની તેની ઈચ્છા હતી.

ક્ષારયુક્ત ઔષધથી સંન્યાસીની તબિયત સુધરતી ચાલી. જરા સ્વસ્થતા આવી એટલે ગામલોકની ઈચ્છાને માન આપી સંન્યાસીએ શ્રીમદ્ ભગવદ્ગીતા પર નિત્ય પ્રવચન શરૂ કર્યું. એ વખતે કોટડા-નરેશ તોગાજી સ્વર્ગવાસી થયા હતા, ઠાકોર મૂળવાજી સગીર હતા અને કારભારી તરીકે શ્રી જીવણરામ ઘેલાભાઇ હતા, જેઓ સાધુસંન્યાસીની સેવાબરદાસ્તમાં સારું ધ્યાન આપતા.

કારભારી શ્રી જીવણરામભાઇએ, વૈદ્યરાજે તથા ગામના અન્ય જનોએ સંન્યાસીના પૂર્વાશ્રમની હકીકત મેળવવા યત્ન કરેલા, પણ સંન્યાસીનું કૃષ્ણાનંદ નામ હતું એથી વધુ કોઇ માહિતી તેમની કનેથી મળી નહિ. પૂર્વાશ્રમ વિષે પ્રશ્ન કરનારને સંન્યાસી એક જ ઉત્તર આપતા: 'એ બધું ભૂલવા માટે તો ભગવાં પહેર્યાં છે. અને એ નકામી વાતોથી આપણું શું શ્રેય થાય તેમ છે?'

છતાં આ સંન્યાસી કેવળ અધ્યાત્મની વાતો ન કરતા. શરીરસ્વાસ્થ્ય વિષે, મનની શાંતિ વિષે, વરસાદથી ધોવાતાં ખેતરોના રક્ષણ વિષે, ગાયબળદના રોગ વિષે, ગામલોકનાં સંપીલાં જીવન વિષે, તે તે પ્રસંગે તેવી વાતો કરી સલાહ દેતા અને તેથી પ્રિય થઇ પડચા.

આ કારણે એ પૂર્ણ સ્વસ્થ થઇને સોમનાથ જવા તૈયાર થયા ત્યારે કારભારી જીવણરામને આગળ કરી લોકોએ ચાતુર્માસ કોટડે આવીને રહેવા એમને વિનંતી કરી. કૃષ્ણાનંદ સ્વામીએ આનાકાની કરી ત્યારે શ્રી જીવણરામભાઇએ આ રીતનું કહ્યું કે સંન્યાસી થઇને આપ ભક્તજનોની ઈચ્છાને ન સંતોષવાનો આગ્રહ શા માટે રાખો છો? આ ગામને લાભ મળે તેમાં આપને શી હરકત છે? ત્યારે, 'ફરી આવીશ' એમ વચન આપી સંન્યાસી ગયા.

અને ચાતુર્માસના પ્રારંભે એ પાછા આવી પણ ગયા.

એમની સરખી સેવા કરવા શ્રી જીવણરામભાઈ વગેરેએ પંચનાથની ઝૂંપડીમાં ખાટલો, ગાદલું, પાણીનું માટલું વગેરેની સગવડ કરી, પણ તેનો કૃષ્ણાનંદ સ્વામીએ અસ્વીકાર કર્યો ને કહ્યું: 'આ પંચનાથનો આશ્રમ છે, સાથે કમંડળ છે, દંડ છે, વસ્ત્રઉપવસ્ત્ર છે, કૌપીન છે, પછી શાની જરૂર છે? कौपीनवन्त: खलु भाग्यवन्त:। (જેને કેવળ કૌપીન-લંગોટી છે તે ખરેખર ભાગ્યશાળી છે) એવું કહી સંન્યાસી હસ્યા.

ચાતુર્માસમાં મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્મપર્વ પર સંન્યાસીએ પ્રવચન શરૂ કર્યાં. પણ કોઇ ગ્રંથ તેમની સાથે ન હતો. બ્રાહ્મણ વિદ્યાર્થીઓને તેઓ રુદ્રાષ્ટાધ્યાયી, વૈશ્વદેવ, પ્રાણાયામ વગેરે શીખવતા તથા વિપ્ર કેશવલાલ ઝીણાને દશોપનિષદ્ ભણાવતા; તો વૈદ્ય કાનજીભાઇને ચોમાસામાં નવી ઊગેલી વનસ્પતિને ઓળખાવવા સીમમાં સાથે લઈ જતા. વૈદ્ય કાનજીભાઇએ કહેલું કે એ સંન્યાસી હિંદી તથા મરાઠી ભાષા ઘણી સારી જાણતા. બંગાળી પણ જાણતા, પણ તે ભાષાનો કાનજીભાઇને પોતાને પરિચય ન હતો. એ સંન્યાસી ક્યારેક તળપદું ગુજરાતી વાક્ય પણ બોલી નાખતા, પણ તેમનો દેહ કયા પ્રાંતનો હતો તે તેમણે જણાવ્યું ન હતું તેમ કોઇથી ઓળખાયું પણ ન હતું. કોઇકોઇ દરદીની દવા કરતાં વૈદ્યરાજ સંન્યાસીની સલાહ લેતા.

એ કૃષ્ણાનંદ સ્વામી પધરામણી નિમિત્તે કોઇને ત્યાં ન જતા. ભિક્ષાન્ન લેવા જતા ત્યારે ફળીમાં ઊભા રહીને ભિક્ષા લેતા ને પંચનાથ આવી બધું એકત્ર કરી ખાતા. બે દિવસે એક ટંક આહાર લેતા. પોતાના પૂજનનો એ અસ્વીકાર કરતા. ગુરુપૂર્ણિમાને દિવસે શ્રી જીવણભાઈ થોડા બ્રાહ્મણો સાથે સંન્યાસીની પૂજા માટે આવ્યા ત્યારે સંન્યાસીએ કહેલું: 'આ મહાદેવ મારાથી મોટા ગુરુ છે, અને તેથી મોટા ગુરુ તમારા હૃદયમાં બેઠા છે, તેની પૂજા કરો, એ ફળશે. આ બાહ્યાચાર આપણા બધા માટે નકામો છે.'

એ શ્રાવણ માસમાં વૈદ્યરાજ કાનજીભાઈ તેમના ભત્રીજાની વહુ મરણ પામવાથી ઉત્તરકાર્ય માટે સહકુટુમ્બ મોરબી ગયા. તેમના સાઢુભાઈ ભટ્ટ અંબાશંકર કેવળરામ એ વખતે કોટડે હતા. પાછલી અવસ્થામાં તેમણે કોટડા નજીક અરડોઈ ગામે શ્રીમન્ નૃસિંહનું મંદિર ચણાવી ત્યાં નિવાસ કર્યો હતો. એ અંબાશંકરની ઉમર તે વખતે પચીશેક વર્ષની હશે. ભાદરવા સુદમાં એક રાત્રે એ ઘેર આવતા હતા ત્યાં ડેલી પાસે તેમને સર્પ કરડચો. પાડોશી ભેગાં થઈ ગયાં. એક કણબીએ એ સર્પને

મારી નાખ્યો. કોઇએ કપડેથી અંબાશંકરનો પગ બાંધ્યો. કોઇએ દંશ પર છેકો મૂકયો. ગામમાં કોઈ વૈદ્ય હતા નહિ. રામોદ ગામે સર્પ ઊતારનાર કોઈ આચર હતા તેને કોઈ તેડવા ગયું. બધા કહેતા હતા : 'કાળોતરો નાગ છે; બહુ ઝેરી છે; ભારે થઈ.' અંબાશંકર પણ ગભરાઇને 'બાપલા મરી ગયો, કોઈ બચાવો' એમ બૂમો પાડતા હતા. એ વખતે એ અંબાશંકરનાં પત્ની દયાકુંવર કહેતાં હતાં; 'ચિંતા ન કરો. અમારી નાત પર તો શેષનાગજીનું છત્ર છે. એ અમારી રક્ષા કરે છે. નાગબાપા ભલે કરડયા, પણ એનું ઝેર ચડશે નહિ. એને મારી નાખ્યા તે ખોટું કર્યું. એ નાગબાપા જ રખોપું કરે છે.' એમ કહી તે માથાબોળ નાહ્યાં ને ઘરમાં શંકર પર અભિષેક કરવા બેઠાં.

ઝેર ચડતું જતું હતું. ઉહાપોહ વધતો હતો. બાઇઓ દયાકુંવરને પૂજામાંથી ઊઠી પતિની સેવામાં આવવા કહેતી હતી. તેવામાં કોઇએ સંન્યાસીને યાદ કર્યા ને કહ્યું કે તેઓ વૈદું સારું જાણે છે માટે તેમને બોલાવો. કોઈ તેડવા ગયું. સંન્યાસી તરત ઉતાવળે આવ્યા. ડેલીને ઉંબરે મરેલો સર્પ જોઈ, 'બહુ ભયંકર' એટલા શબ્દો બોલી અંદર આવ્યા. કોડિયાને દીવે આંખ જોઈ, હાલત જોઈ તેમણે પૂછ્યું : 'ઘી પાયું ? નરમૂત્ર પાયું ? એ ઝટ આપો, આપ્યા કરો.'

આમ કહી તેમણે પોતાનું વસ્ત્ર ફાડી પગે જોરથી ફરી પાટો બાંધ્યો, છેકો મોટો કર્યો ને એકદમ વાંકા વળી એ દંશને ચૂસવા લાગ્યા. ચાર-પાંચ માણસોએ સંન્યાસીનો હાથ પકડી ખેસવવા મથતાં કહ્યું : 'આપ રહેવા દો, અમે ચૂસી દઇએ.'

સંન્યાસીએ ઉતાવળે કહ્યું : 'દાંત ખરાબ હોય તો મરી જવાય; તમે દૂર હટો.' ને તેમણે ઘા ચૂસીને ઘણું લોહી કાઢી લીધું. ઉપરથી દવા દેવાતી હતી. દરમિયાનમાં વચમાં પૂજામાંથી ઊઠી દયાકુંવરે સંન્યાસીને પાયે પડી કહ્યું : 'આપ પગ ન ચૂસો. અમે પાપભાગી થઇએ છીએ. રક્ષા ભગવાન કરશે. અમે અહિછત્ર છીએ.' સંન્યાસીએ કહ્યું : 'ભગવાન જરૂર રક્ષા કરશે, પણ મને મારો ધર્મ બજાવવા દો.'

આમ કરતાં કરતાં સંન્યાસીએ અંબાશંકરની ફરી આંખ જોઈ, નાડ જોઈ, ને કહ્યું : 'હવે કોઈ ભય નથી. એ બચી જશે. કાલ રાત સુધી સૂશો નહિ ને કોઈ તેને સૂવા દેશો નહિ. કહો એ સ્ત્રીને કે ભોળાનાથની રક્ષા છે. કલ્યાણ થાઓ. નમો નારાયણ.' આમ કહી, રજા લઇ સંન્યાસી વેગથી ચાલ્યા ગયા.

સંન્યાસી ગયા. અંબાશંકરને આખી રાત જગાડયા ને તે બચી ગયા. સવારે સંન્યાસીને ખબર દેવા કોઈ ગયું ત્યારે સંન્યાસી ધ્યાનમાં બેઠા હતા. બેત્રણ વખત ખબર કાઢી તોપણ એ જ રીતે પદ્માસન-વાળી નિશ્ચલ બેઠા હતા. બપોર પછી કોઇએ ધ્યાનથી જોયું તો દેહ લીલો કાચ જેવો જણાતાં દેહ ધ્યાનથી તપાસ્યો. શ્વાસ કે નાડી ન હતાં. ધ્યાનમાં જ હશે તેમ સમજી બીજા દિવસ સુધી રાહ જોઈ. પણ સંન્યાસીની સમાધિ ન ઊતરી. તે નિર્વાણ પામી ગયા હતા !

મોરબીથી પાછા આવ્યા પછી વૈદરાજ કાનજીભાઇને ખબર પડતાં તેમણે કહ્યું : 'સ્વામીજીને બધા દાંત હતા, પણ હું મોરબી ગયો ત્યારે તેમના દાંત દુખતા હતા તથા તેમાંથી લોહી પડયા કરતું હતું તેની દવા આપીને હું ગએલો.'

કોટડાને પાદર આ સંન્યાસીની સમાધિ કઈ છે, કયાં છે તેની મને ખબર નથી તેમ જ તેની કોઇને ખબર છે કે નહિ તે પણ હું જાણતો નથી.

જીવનપટનાં સ્મૃતિચિત્રો ૧૮

રવિશંકર રાવળ

૭૬ મોટાં મા મનાયાં

આ ગલીચ હવામાંથી દૂર ભાગવા મારું મન તરફડતું. હું રોજ સ્નાન-સંધ્યા કરતો, વડીલોને પૂજ્ય ગણતો. રામાયણ મારા કોઠામાં પડયું હતું. પણ મને મારી વયનાં પાત્રો તરફથી કશું પણ પ્રોત્સાહન કે સહાશ્રય નહોતાં. આમાંથી મુક્ત થવા હું આર્ત હૃદયે પ્રાર્થના કરતો. છતાં વિકટ કસોટીઓનો સાક્ષાત્કાર બાકી હતો.

ત્રીજી ચોપડીમાં ત'ભાઈ જેમતેમ પાસ થયા. મારા માર્ક સારા હતા. ચોથી ચોપડીમાં વિદ્યાર્થીઓ વધી જતાં બે વર્ગ થતા. તેમાં એકના માસ્તર હતા મોહનલાલ દવે. તે મોહનલાલ લૉર્ડ કહેવાતા, કારણ કે તેમનો સફેદ પોશાક, ઝીણું છટાબંધ પાટલીવાળું ધોતિયું, ચકચકતા કાળા પમ્પ-શૂઝ, સુઘડ બાંધણીનો આંટીદાર ફેંટો અને તે નીચે મોટું કપાળ ડારતી આંખો નીચે ફૂલતાં નસકોરાંવાળું અણીદાર નાક અને કૂણા વાળની આંકડા વાળેલી મૂછોથી તે શિક્ષકમંડળમાં ઓર છાપ અને આભા પાડતા. તેમનું શિક્ષણ સારું. પણ વિદ્યાર્થીઓ તેમની શિસ્તથી રાડ નાખતા. તોફાની છોકરાઓને તો ચીરી નાખે એવા કહેવાતા.

આ મોહનલાલ લૉર્ડ અમારા ઘરને તેમજ અકોલકર કુટુંબને ઓળખતા અને ઘણી વાર ત્યાં આવતા, મંડળમાં હાજરી આપતા. એક વાર તે આવ્યા ને મોટાભાઇએ વાતવાતમાં કહી દીધું કે 'આ બે છોકરાઓને તમારા જ ક્લાસમાં લેજો.' એમણે કહ્યું કે 'તેની તમારે હવે ચિંતા નહિ, તેમની હું બરોબર ખબર રાખીશ.'

પણ ત'ભાઇને આની ખબર પડી કે લાગલા મોટી ચિંતામાં પડી ગયા અને પરીક્ષાઓ પછી રજાઓ પડી એવા જ પોતાને ગામ પહોંચી ગયા. એ વખતે પરીક્ષાઓ નવેમ્બરમાં દીવાળી પહેલાં પૂરી થઈ જતી અને લાંબી રજા પછી જાન્યુઆરીમાં જ નવાં ધોરણ શરૂ થતાં. આથી વર્ષના આરંભ-અંત સાથે વર્ગોનાં ધોરણો જોડાએલાં રહેતાં.

રજાઓ પડતાં ત'ભાઈ પોતાને ગામ ગયા; બીજી બાજુ ડહેલામાં દાદરેથી ઊતરતાં મોટાં મા પછડાઇને પગ ભાંગી બેઠાના સમાચાર મળ્યા એટલે બા તેમની ખબર લેવા ત્યાં પહોંચી ગયાં. તેમના ઉપચાર માટે શિહોરથી ઈસ્માઈલ ઘાંચીને તેડાવ્યા. ચાર જણાએ માને પકડી રાખ્યાં અને તેણે હાડકું બેસાડયું. પણ મા ઘણા દિવસ સુધી ચાલી શકે એમ નહોતું, એટલે બા રોજ રાતે તેમની પાસે સૂવા જતાં.

આ ચાકરીથી તેમનો રોષ ટળ્યો ત્યારે બાએ કહ્યું, 'તમે દક્ષિણીના ડહેલામાં આવો તો હું ચોવીસે કલાક તમારી બરોબર સંભાળ લઇ શકું.' મા તુરત તૈયાર થઇ ગયાં. એમનો ખાટલો ડહેલા ઉપરના ખંડમાં રખાયો એટલે મોટાભાઈ અને ભાભીને બેઠકના ઉપરના માળિયા પર જવું પડયું. કાકાકાકી રોજ રાત્રે બેસવા અને ખબર પૂછવા આવતાં. પછી તો બાએ તેમની એવી તો ચાકરી કરી કે ડોશીમાના મોંમાંથી પશ્ચાત્તાપ સાથે સહજ આશીર્વાદ મળ્યા : 'ઊજમ વહુ ! મેં તને બહુ જ દુ:ખ આપ્યું છે, પણ આજ અંતરથી મારા તને આશીષ આપું છું કે ભગવાન તને સુખી રાખે.' એ વખતે બા પણ ગળગળાં થઈ ગએલાં.

પણ મોટાં માનું શરીર હવે તદ્દન ખોખું થઈ ગયું હતું. તેમના ખાટલા આગળ હું ઘણી વાર ગીતા વાંચવા બેસતો. રોજ વખત થાય ત્યારે મને બોલાવતાં એ કહે, 'કયાં ગયો મારો શુકદેવ?' મારા પિતાશ્રીની પણ સૌને એવી તાકીદ હતી કે કોઇ વાતમાં તેમને હવે ઓછું આવવા દેવું નહિ અને અંતની વેળા જણાય ત્યારે પોતાને ગમે ત્યાં ખબર પહોંચાડવા. તેમની માતૃભક્તિ અમારે માટે મહાન બોધ-પાઠ રૂપ હતી. મા રોજ બોલતાં, 'હવે મને કોઈ વાસના રહી નથી. સૌને હેમખેમ જોઈ ભગવાનને ઘેર જાઉં.' થોડા વખતે ભાભીને સીમંત આવ્યું. બીજી બાજુ વીરમગામથી બેનના જેઠ અને એક બીજા સંબંધી બેનને સુમુહૂર્તની ચૂંદડી ઓઢાડવા આવી ગયા. આમ, ઘરમાં દીવાળી ઉજમાળી બની ગઈ. ભરચક પરિવાર વચ્ચે મોટાં મા જાણે સાજાં થઈ ગયાં. હવે તો તે નાહીધોઈ જાતે પૂજા કરવા બેસતાં અને એકલાં રહેવાની તો વાત જ ભૂલી ગયાં હતાં.

૭૭ ત્રંબક

આ જ દીવાળીમાં કાકાના એક મિત્ર છોટાલાલ પારેખ દક્ષિણીના ડહેલાની નજીક રહેતા હતા તેમને ત્યાં હું ગએલો. ત્યાં તેમના પુત્ર ત્રંબકની ઓળખાણ થઇ. તેણે પણ (બીજા વિભાગી વર્ગમાંથી) ત્રીજી અંગ્રેજી પાસ કરી હતી અને તેણે પણ મોહનલાલ લૉર્ડના ક્લાસમાં જવાનું ઠરાવ્યું હતું, એટલે અમારી ઠીક ગ્રેડ બેઠી. ત્રંબકનું ઘર નવું બાંધેલું હતું. તેનું મોટું દીવાનખાનું સારાં ફર્નિચર, ફોટોગ્રાફ અને શોભાની ચીજોથી શણગારેલું હતું. ત્રંબકનાં કપડાં પણ સરસ સિલાઈ-વાળાં ઈસ્રીબંધ હતાં. તેના પિતા જેવું જ મોં, પણ શરીરે નબળો. ભાગ્યે જ હસે. બહુ જ શાંત મગજવાળો છોકરો હતો. તેનો અંગ્રેજી અભ્યાસ સારો હોય એમ લાગ્યું. તેના ઘરમાં અંગ્રેજી પુસ્તકો અને ચોપાનિયાં પુષ્કળ હતાં. તેના કાકા નંદલાલ રેલવેમાં ઊંચી જગ્યા પર હતા. અને તેના પિતા (છોટાકાકા) તથા મારા કાકા બંને એક જ ઑફિસમાં હતા. તેણે મારી સાથે અભ્યાસની વાતો કરી. તે પરથી ભણતર માટે તેના વિચારો સ્વચ્છ અને વ્યવસ્થિત લાગ્યા. એટલી ઉમરે એવું શાણપણ મારે માટે એક સુખદ આશ્ચર્ય હતું.

પછી તો તે પણ અમારે ત્યાં આવવા લાગ્યો. આનંદરાવ અકોલ-કરને પણ તે ઓળખતો થયો. પરંતુ મેં જોયું કે અમને જે ટીખળો કર-વાની, ગર્ભિત વાતો કે મશ્કરી કરવાની ટેવ પડેલી તે તેને જરા યે પસંદ નહોતી, અને તેનાથી તે દઢપણે દૂર રહેવા પ્રયત્ન કરતો. આ માટે તેને આનંદરાવ કે બીજાઓનો ઉપહાસ સહન કરવો પડતો. પરંતુ તે સાથે જ તેના મનમાં એ બધાનું માપ થઈ જતું તે હું સમજતો. પછી તો તેને અમારા બીજા મંડળની ગંધ આવી હોય કે ગમે તેમ પણ તે અમારી ઓરડીમાં ભાગ્યે જ આવતો. પરંતુ મને તેનો સ્વભાવ અને સંસ્કાર ગમતાં એટલે હું એકલો તેને ત્યાં જઇ સ્વચ્છ હવા અનુભવતો.

૭૮ લક્ષ્મીજી

એવામાં એક દિવસે અમને અમારી ઓરડી ખાલી કરવાનો હુકમ છૂટયો અને અમારી ચોપડીઓ તથા ખોખાં સાથે અમે બેઠકના કાત-રિયામાં પથારો ફેરવી નાખ્યો. ત્યાં નીચા નમીને ચાલવું પડતું અને એક નાની બારી આગળ બેસી વાંચવા-લખવાનું કરવું પડતું.

આ બધો ફેરફાર શા માટે એ અમે હજી સમજીએ ત્યાં એક સવારે ઘરમાં ખૂબ હલચલ થઇ રહેલી જાણી. કુટુંબ સાથે સંબંધ રાખતી એકબે બાઇઓ ઘરમાં ફરી રહી હતી. બા નીચે જ રોકાયાં હતાં. એવામાં મને કોઇએ કહ્યું કે 'તું કાકો થયો!' મોટાંમાને પણ કોઇએ કહ્યું કે 'તમારે ત્યાં લક્ષ્મીજી આવ્યાં.' અને ઘરમાં જાણે ઉત્સવનું વાતાવરણ લાગ્યું.

ભાભીનો ખાટલો નીચે અમારી ઓરડીમાં હતો. રસ્તાની બારી બંધ હતી. અંદર એક જાળિયું જ ખુલ્લું હતું. બહાર કોઈ લોખંડના તગારામાં છાણાં સળગાવી રહ્યું હતું. ઓરડીના ઉંબર આગળ માચીમાં એક નાનુંશું બાળ સુવાડી રાખ્યું હતું. આ જ અમારા ઘરની નવી લક્ષ્મી હતી. મોટાં માએ ચોથી પેઢીનું મોં જોઈ લીધું.

રજા પૂરી થવા આડે થોડા દિવસ બાકી હતા ત્યાં અમે જાણ્યું કે ત'ભાઈના પિતા ગુજરી ગયા. બાપુ તથા કાકા તેમના ખરખરે જઇ આવ્યા અને ત'ભાઈને ખાતરી આપી કે તેણે તેના અભ્યાસના ખર્ચ બાબત ચિંતા ન કરવી અને ભાવનગર આવી ભણતર પૂરું કરવું.

૭૯ હાઈસ્કૂલમાં

શાળા ઊઘડી કે ત'ભાઈ આવી ગયા. આ વખતે તેના મન પર ઓશિયાળાપણું અને ઉદાસી હતાં. જોકે અમારા ઘરમાં તેનું સ્થાન મારી બરોબર સાચવી લેવાતું. વળી મોટાં મા બેઠાં હતાં એની તેને હૂંફ હતી, એટલે બીજું કોઇ તેને જરા યે ટોકે એમ નહોતું. મોટાભાઈ તે વખતે મૅટ્રિકમાં પહોંચી ગયા હતા અને ઘરમાં તેમનો વટ હતો. ઘરમાં ભાભી હતાં, બાળકી હતી, એટલે તેમનાં માનમોભો સાચવવા સૌ દરકાર રાખતાં. તેમને વાપરવા બેપાંચ રૂપિયા પણ મળતા. વળી તેમનાં કપડાં પણ વટદાર રહેતાં. હું અને ત'ભાઈ જેમતેમ ચલાવી લેતા, પણ હવે હાઈસ્કૂલમાં રોજ કોટ પહેરવા સાથે દફતર લઇ જવામાં શરમ ગણાતી, એટલે અમે ચોપડીઓ હસ્તે હાથમાં લઈ જવાનું રાખતા.

પહેલે દિવસે મોટાભાઈ સાથે હાઈસ્કૂલમાં મોહનલાલ લૉર્ડ પાસે જઇ અમે ઊભા. તેમણે બંનેનાં નામ લખી લીધાં અને ફી ભરી દેવા સૂચના કરી. ત'ભાઇ માટે હવે માફીની અરજી કરવાની હતી એટલે તેની તે અરજી પર તેમની સહી મેળવી લીધી. બીજે દિવસે ફોર્થના બે ક્લાસના વિદ્યાર્થીઓનાં લિસ્ટ તપાસી અમે મોહનલાલ લૉર્ડના ક્લાસમાં ગયા. હાઈસ્કૂલના મકાનમાં બધા વર્ગોનો સમાવેશ થતો નહોતો એટલે અમારા બે વર્ગ માટે સામેના ખાંચામાં સગવડ થઈ હતી. હાઈસ્કૂલના ધોરણમાં આવ્યા છતાં હાઈસ્કૂલના મકાનમાં બેસ-વાનું અમને ન મળ્યું તેની અમે હિણપત માની. એ મકાનમાં નીચેના ભાગમાં કસરત માસ્તર (એક નિવૃત્ત લશ્કરી ભૈયાજી) રહેતા હતા. તે કંઇ ભણેલા નહિ હોય. ઊતરતી અવસ્થાના જૂના માણસ હતા. તેમના હાથ નીચે રોજ સાંજે કસરતશાળામાં જઇ વિદ્યાર્થીઓ તે બતાવે તેવાં દંડબેઠક, પૅરૅલલ બાર, ઝૂલતી કડીઓ, મગદળ, લાઠી વગેરે કરતા. આ કસરતની હાજરી ફરજિયાત હતી એટલે બધા જ વિદ્યાર્થીઓ વર્ગમાંથી છૂટીને ચોપડીઓ કસરતશાળાની જાળીની પેઢલી પર મૂકી, કોટ-ટોપી ઉતારી, ધોતિયાના કચ્છા મારી હારબંધ ઊભા રહેતા અને પછી જરાતરા કસરતનો ઢોંગ કરી કસરત માસ્તરને સલામ કરી ચાલતા થતા. અઠવાડિયામાં આવા બે દિવસ ફરજિયાત ભરવાના હતા.

પણ મને તો કસરતનો શૉખ પહેલાંથી હતો, એટલે અહીં તો મને મઝા પડતી અને હું વધારે વખત રોકાઈ પૅરૅલલ બારની કસરત તથા દોરડાંની કડીઓ પકડી ગુલાંટો ખાવાનું કામ સારી રીતે કરતો. એથી કસરતમાસ્તર ભૈયાજી મારા પર ખુશ રહેતા.

જેઓને ક્રિકેટનો શૉખ હોય તેઓને કસરત માફ થતી. તેમના માટે કસરતશાળા તરફથી ક્રિકેટનો બધો સામાન મળતો, એટલે ક્રિકેટ-વાળાઓ તેમનો સામાન લઇ બહાર ક્રિકેટ જમાવતા. તેમની રમઝટ મોડે સુધી ચાલતી અને તેમનામાંથી સારા રમનારાઓની હાઈસ્કૂલ-ટીમ બનતી. બહારની ટીમો સાથે મૅચ ખેલવા જતાં આ ટીમોમાથી કેટલાક સારા ખેલાડી થએલા. આ વખતે ટીમના કૅપ્ટન કાઝી હતા અને તે મૅટ્રિકમાં મોટાભાઇના સાથમાં હતા. (ચાલુ)

ચન્દ્રવદન મહેતા

અંતઃકરણનો ડંખ • ચન્દ્રલોકમાં પ્રવાસ અને નવા પ્રકારની નાટકશાળમાં છટપટાટવાળાં નૃત્યો



જોસે ગ્રેકો અને લોલા ડ રૅાન્ડા

અંતઃકરણ ડંખતું હોય ત્યારે જીવતરમાંથી રસકસ કેવાં ઊડી જાય એનો દાખલો જોવો હોય, તો ઇ. ૧૮૦૧માં જન્મી ૧૮૬૨માં અવસાન પામેલા, વીએનીઝ—એટલેકે ઑસ્ટ્રિયાના નાટકકાર યોહાન નેપોમક નેસ્ટ્રોમની 'ડર ઝરીસેન'ની કૃતિ વાંચવી. આત્મા જેવી કોઇ ચીજ હોય તો એમાં કેવા કેવા રંગ, ભાવ, ઊર્મિ ભરેલાં છે અને એના કેટલા ઘાટઘૂટ છે એનું પૃથક્કરણ નેસ્ટ્રોમ કરી બતાવે છે.

બહુ ઊંચી કક્ષાનો નાટકકાર આ નેસ્ટ્રોમ, 'અંતઃકરણનો ડંખ'માં હેર વૅાન લિપ્સનું એક વિલક્ષણ પાત્ર રજૂ કરે છે. લિપ્સ પૈસાદાર છે પણ અંતઃકરણ જેવી વસ્તુમાં પોતે માનતો નથી. મોટે ભાગે નાસ્તિક-વાદ પ્રત્યે જ એના મનનું વલણ છે. અત્યંત વહેમી અને દરેક વાતમાં સંશયની નજરે જોનારો લિપ્સ, આમ સુખી તો છે જ, પણ એક વાર એ અને એનો દોસ્ત એક બરફના પહાડ ઉપર ફરવા જતાં, ત્યાં ઝગડો થતાં બંને લપસ્યા, જુદીજુદી દિશામાં અને મનમાં ભરાવી બેઠા કે બંનેએ એકબીજાનું ખૂન કર્યું છે, એટલેકે ધક્કો મારીને સામાનું કાસળ કાઢી નાખ્યું છે! બંને સંતાતા ફરે. પણ આપણા લિપ્સ સાહેબનો અંતરાત્મા તો એમને એવો ડંખે, કે અંતર ઊંદરડા કોતરી રહ્યા છે કે એમાં વીંછી ડંખ્યા કરે છે એની એને કશી સમજણ પડે નહિ. ધોળો દિવસ એને કાળી રાત સમાન લાગે અને મધરાત એને કારમી ભૂતાવળ સમી ભાસે. એકલો હોય ત્યારે એની આસપાસ ટોળાં ફરતાં હોય એવી એ અટકળો કરે અને બેપાંચ જણાની વચ્ચે બેઠો હોય, ત્યાંથી એ ક્યાંક એકલો ભરાઇ બેસવાના મનસૂબા કરે.

અને પછી, કોઈ દિલ ધડકાવનારા દેખાવો યા જીવ તાળવે ચોંટાડી રાખનારી વસ્તુગૂંથણી વિના નેસ્ટ્રોમે આ સંશયાત્માના ભૂતભરમો જે એક પછી એક ખંખેરવા શરૂ કર્યા છે એમાં જ એની લેખનકલાનો વિજય છે. નાટકને અંતે લિપ્સ પોતાનામાં શ્રદ્ધા રાખનારો, સ્વતંત્રપણે વિચાર કરનારો અને ઇશ્વરના અસ્તિત્વમાં માનનારો થાય છે, ત્યારે એ કંઇક સંતોષી જિંદગી ગુજારવાના રાહ ઉપર આવતો હોય એમ એને લાગે છે. વીએનામાં, ત્યાંના બર્ગ થીએટરમાં ભજવાતું આ નાટક, અહીં હૉલૅન્ડનાં સાત શહેરોમાં ભજવવા ગોઠવી દીધું હતું.

આવા મહોત્સવમાં શેક્સપીઅર ન હોય! શાકુન્તલને કાવ્યમાં ઉતારનાર કવિ બર્ટ વોએટને શેક્સપીઅરના 'ટ્રૉઇલસ અને ક્રેસીડા' નાટકનો પદ્યબંધ અનુવાદ કરી આપ્યો અને અહીં પહેલી જ વાર ભજવાએલું એ નાટક જોવામાં બહુ મઝા આવી. હૉલૅન્ડમાં કામ કરનારી જુદીજુદી નાટકમંડળીમાંથી સારામાં સારા નટોને ચૂંટી આ ભજવણી યોજી હતી. આ નાટક બહુ જાણીતું નથી. ચૅાસરના એ જ નામના એક લાંબા કાવ્ય પરથી શેક્સપીઅરે વાત ઉપાડી, હેન્રીસનની 'ટેસ્ટામેન્ટ ઑવ ક્રેસીડા', કૅક્સટનની 'ટ્રૉયની હિસ્ટરી', ઉપરાંત બે ત્રણ બીજી કૃતિઓમાંથી ઘટનાઓ ઉઠાવી, ક્રેસીડાના ચંચળ પ્રેમનું આલેખન કરી અને એને બચાવવા આડકતરાં કારણો ગોઠવી શેક્સપીઅરે આ નાટકની રચના કરી છે એ તો જાણીતી વાત છે. ક્યાંક્યાંથી વાતના તાંતણા ઉપાડી એમાંથી એક નવો, આવેગ-આવેશથી ભરપૂર એવો કથાદોરો ગૂંથવો, અને એ દોર વડે પ્રેક્ષકોના જીવને જકડી બાંધેલા રાખવા, એ કુશળ કારીગરીના અભ્યાસ માટે આ નાટક જોવાથી ઘણું શીખવાનું મળ્યું. રંગભૂમિની રચના, વચ્ચે ચોતરો ઉપસાવીને કરી હતી. ઊઘડતે પડદેથી જ નાટકે જોમ પકડ્યું અને ધસમસતા પ્રવાહમાં પ્રેક્ષકોને તાણી લીધા. શેક્સપીઅરનાં તો કંઈક નાટકો જોયાં, એમાં આ નવો પ્રયોગ જોવાની તક મળી એથી ઘણી ખુશી થઈ.

નાટક કે ઑપેરા ભજવવા માટે શરૂઆતમાં વિચાર કઈ ઘડીથી થાય અને આખરે કેવું સુંદર પરિણામ નિપજાવાય, એ તપાસવા 'મૅાન્ડો ડે લા લ્યૂના' એટલે કે 'ચન્દ્રલોકમાં પ્રવાસ' નામનું સંગીત નાટક તપાસીએ અને સાથે આપણે પણ ચન્દ્રલોકમાં જઈ આવીએ! ચન્દ્રલોકમાં જવાનો અખતરો કરવાનો હક્ક એકલા વીસમી સદીના વૈજ્ઞાનિકોનો જ નથી; આ સદી પહેલાં કંઇક કલ્પનાશીલ વ્યક્તિઓએ ચન્દ્રલોકમાં યાત્રા કરી હતી અને લેખકોએ એ સંબંધી કલમો ખેલવી હતી. લેખક કે વિજ્ઞાની એ તો જતાં જશે, પરંતુ જુવાનીના જુવાળે ચડતાં, કંઈક કિશોર કિશોરીઓ પ્રેમનો પંથ પકડી, સીધા ચન્દ્રલોકમાં જઇ બેસે છે, એ તો આપણા ઘણાની નજરે જોએલી (યા જિગરે અનુભવેલી) વાત હશે, એટલે આ કિસ્સો સમજવામાં ઓર લિજ્જત આવશે.

ઈ. ૧૯૫૧ની વાત. ત્યારે હૉલૅન્ડ ફેસ્ટીવલના એક વહીવટદાર અને ફ્રાન્સના પ્રોવેન્સ ફેસ્ટીવલના વહીવટદારોમાંના બે-રૉઝર બિરાઓને અને ડાયમન્ડ, એમ ત્રણ જણા મળ્યા. હેઈડિને આ ઑપેરાનું સંગીત આલેખેલું એ વિષે મતભેદ. એની પૂરીપાધરી નકલ ન મળે. વીએનાની લાયબ્રેરીમાં કે બ્રસેલ્સની સંગીતશાળામાં ફક્ત બે નકલો, પણ તે અધૂરી. છેક ઇ. ૧૭૫૦માં ગોલ્ડોનીએ વેનીસમાં આ કૃતિ ભજવવા મથામણ કરેલી. પછી પ્યૂચિનીએ, ગાસમેને, પાઈસિએલોએ ૧૭૭૩ સુધી ફાંફાં મારેલાં. એમાં હેઇડિને ક્યાંક મૂળ કૃતિમાં ફેરફાર કરેલા, ક્યાંક યોગ્ય ગવૈયા ન મળવાને કારણે કાપકૂપ કરેલી. એવી કૃતિઓ એકઠી કરી સંશોધનકામ કરવા અમેરિકાના સંગીતજ્ઞ રૉબિન્સ લૅન્ડાને ઝંપલાવ્યું, અને વીસમી સદીમાં એણે બે પોણી અને એક

ત્રીજી વૂટક વૂટક એવી કૃતિઓમાંથી એક આખરની કૃતિ નિપજાવી.

હેઈડિનને આ કૃતિ ગમતી હોવી જોઈએ. પણ એની ભજવણી બહુ ન થઈ, એથી એમાંનું સંગીત એળે ન જાય એ સારુ એમાંના ટુકડા એકઠા કરી, નવાં નામો આપી, નવાં આયોજનો કરેલાં. પરંતુ જાણકારોને આ કૃતિમાંનું વસ્તુ આહ્લાદક અને મનોરમ લાગ્યા જ કરતું. સંગીતના યાત્રાધામ જેવા વીએના શહેરમાંની પ્રચલિત એવી કંડિકાઓથી ભરપૂર આ કૃતિ ફ્રાન્સ અને હૉલૅન્ડ ફેસ્ટીવલોમાં ભજવવાને, પાત્રશોધન, પાઠવાચન, સંગીતઆયોજન, તાલીમવ્યવસ્થા સેટસજાવટ એવાં વિવિધ અંગોની ઉપાસના-ચકાસણી પછી નવ વર્ષે તૈયાર થઈ, અને ભજવાતાંવાર જ પ્રેક્ષકોના આદરને પાત્ર બની. ખડે પગે કામ કરનારાઓની મહેનત સફળ થઈ. ગિયુલિનીએ સંગીત સમાલ્યું, સારાઝિને રજૂઆત વિચારી, મલફલાસે સેટિંગ વગેરે સંભાળી લીધાં, હૉલૅન્ડની ચેમ્બર ઑર્કેસ્ટ્રાના સંગીતવિશારદોએ સૂર બજાવ્યા, એક વાર પારી(સ) તો બીજી વાર મિલાન, એમ ચર્ચાના ચોતરા જમાવાયા અને આખરે એનું છેવટનું સ્વરૂપ નક્કી થયું. એ આખી ભજવણીમાં કોઇ ફ્રેન્ચ તો કોઈ ઈટાલિયન તો કોઈ જર્મન તો કોઈ ડચ એમ વિવિધ પ્રજાજનોએ ફાળો આપ્યો.

એમાં એવાં તે કેવાં હીરામાણેક મઢેલાં છે કે બસો વર્ષ જૂની કૃતિ ઉપર એક દાયકા સુધી વિચારમથામણ ચાલી? રંગીલું સંગીત, સમજ પડે કે ન પડે, પણ ગાયક-ગાયિકા ગાય ત્યારે મનમોરલાને થનગનાવી દે. અહીં એ સંગીત તો કઇ રીતે તમને સંભળાવી શકાય? પરંતુ વાર્તાદોર વાંચશો તો યે બે ઘડી આનંદના હેલારા અનુભવી શકાશે. ઉપરાંત, આપણે માબાપ હોઈએ તો પ્રેમમાં પડેલાં આપણાં સંતાનોની મરજી વિરુદ્ધ મત આપતાં પહેલાં જરા ખમચી, એમના તરફ જરા વધારે સમભાવ દાખવતાં પણ થઈએ.

ના, રોમિયો-જુલિયેટ જેવું આમાં કાંઈ નથી; તરફડાટ ફડફડાટ, અને ગેરસમજૂતીને કારણે આખરે મરણને ખોળે સૂવા આપઘાત આમાં નથી. અહીં તો ગમ્મત છે અને સમજૂતી પૂરેપૂરી છે. નામો જરા વિચિત્ર છે. પણ આપણે નામ સાથે શું કામ છે? બાપાજી પોતાની બે દીકરીઓ ઉપર ઘડીપળની ચાંપતી નજર રાખે છે, કેમ જે ઉમર થઇ એટલે કોઈના પ્રેમમાં ન પડે! પણ છોકરી ઉમરલાયક થાય અને કોઈના પ્રેમમાં ન પડે એમ બન્યું છે ખરું? છતાં કેટલાક ઉલ્લુ બાપ સાહેબો પોતે ઈશ્વરને ત્યાંથી છોકરીઓની રખેવાળી કરવાનો ઈજારો લઈને આવ્યા છે, એવું માની સતતની ચોકીદારી કરે છે.

પણ આ બાપાજી તો એક પગલું આગળ પહોંચેલા હતા. બે દીકરીઓ ઉપર કડક જાપ્તો તો બરાબર; પરંતુ સાથે ઘરની નોકરડી ઉપર પોતાની મીઠી નજર, એટલે એ નોકરડી ઉપર વધારે કડક જાપ્તો. આમ ત્રણ સાપોલિયાંનો ભારો સાચવતાં એક ઇકલીટિકો એટલે કે સૂર્યની ધરી,–ટૂંકમાં જોષ જોનાર–ઘરમાં દાખલ થઈ ગયા! અસલ વાતે તો એની નજર મોટી પોટ્ટી ઉપર જ; પણ ઘરપ્રવેશ કરવા જોષીરાજ બન્યા. અને બનાવટી જોષીઓ હમેશાં ખરા જોષીઓ કરતાં વધારે વિશ્વાસ પેદા કરી શકે છે, એવો મારો પણ અંગત અનુભવ હોઈ, આ મહાશયે ધીમે રહી અલકમલકની વાતો ભેરવવા માંડી. એમાં શનિ-મંગળની યુતિ કે બુધ-શુક્રની દષ્ટિ, યા ગુરુના ઘરમાં સૂરજ કે સૂરજના ઘરમાં ગુરુ સુધીની વાત હોય તો તો ઠીક છે; પણ એણે તો ધીમે રહી ઘરમાં પેંધી જતાં એવા તો પગ લંબાવ્યા કે આભને આરેથી પેલે પાર ચન્દ્રલોક સુધી નજર નંખાવી! એની પાસે એક ટેલિસ્કોપ, ટૂંકમાં પોતાને ઘેર એવડું એક ભૂંગળું ખાસ બનાવેલું, અને એમાં જુઓ તો ચન્દ્રલોકમાં અબઘડીએ શું ચાલી રહ્યું છે તે દેખાય! એમાં વૈભવ, નાચરંગ, રંગોત્સવ, ખાણીપીણી જેવા જે કૈં શોખ આ બાપાજીના મનમાં જોવાના જાગે એવા દેખાવો અહીંથી મારો વ્હાલો આ જોષી દેખાડી આપે! અવારનવાર આવી ઘટના એ યોજે. દૂરબીનના કાચમાં એવી કરામત રાખેલી કે પોતે ધારે તે દેખાવો એ ગોઠવી શકે, અને કઠપૂતળીના ન્યાયે એના મળતિયા દોરી-સંચા અંચયે રાખે. દૂરબીનનું ભૂંગળું પણ એવડું મોટું રાખેલું કે પેલા બાપાજી નીચા વળી અંદર જુએ, એટલે એમનું આખું મોઢું જ ભૂંગળાના મોઢામાં ડૂબે. પરિણામે બહારના કડી-અંકોડાની કે ખેંચતાણની એને કશી ગમ જ ન પડે. એ દોરી ખેંચવામાં જે નોકર તે વળી પેલી નોકરડીનો આશક, અને એનો મદદનીશ તે બીજી દીકરીના હાથનો ઉમેદવાર; એમ ત્રણ ગઠિયાઓએ ચાલબાજી યોજેલી. ભવિષ્યના સસરાજી જેવા બરાબર જ્યોતિષના ભુરકીદાવમાં પકડાયા કે આપણા જોષીમહાશયે, વખત જોઈને દાવ નાખ્યો. એ કહે કે આવતી કાલે પોતે નહિ મળે, અને મહિનાઓના મહિના સુધી પણ નહિ મળે.

હવે આ જ્યોતિષની લત તો એવી માદક છે કે એક વાર એની લતે ચડયા તો આવતી કાલે તો શું, પણ બીજી ઘડીએ શું થશે એ જાણવા માણસ ઇંતેજાર બન્યા વિના રહેતો નથી. એ પણ એક નશો છે. એક વાર કુંડલી માંડી કે બાર ઘરના ભ્રમણમાંથી માંડમાંડ નીકળી શકો! એમાં ગોચરના ગ્રહોમાં અટવાયા, તો હમણાં જ છીંક કેમ આવી, એનું કારણ શોધવામાં ને આવતી કાલે આવનારા ઓડકારનો સ્વાદ ખાટો હશે કે ગળ્યો એ જાણવામાં તમે મચી જ પડવાના!

બાપાજી બરાબર સાણસામાં સપડાએલા. જોષી મહોદય વિના એને ચેન કેમ પડે? એટલે વાતે ચડયા. એમાં ભાવિ જમાઈરાજે ચન્દ્રલોકમાં ગયા પછી કેવો વૈભવ ભોગવવાનો મળે છે એની રૂપરેખા દોરી, અને આ તો પોતે બીજી કે ત્રીજી વાર ઊપડે છે એમ પણ જણાવ્યું. બસ, બાપાજી લપટાયા. જરા થોથરાતી જીભે, પણ પૂછયું, કે હું સાથે આવું? માળો જોષી પણ એક ઘડાએલો દાગીનો છે. એટલે એકદમ હા પાડે કે? નહિ. એણે પ્રશ્નકુંડલી માંડી, ગ્રહોની ગતિ ગણી, પછી આધાર ઊભો કર્યો અને નિર્ણય પોકાર્યો કે જો જવું જ હોય તો અબઘડી; કાલની વાત નહિ; આજે જ તૈયારી કરી મધરાતે ઊપડવાનું; તૈયાર થઇને એને ત્યાં હાજર થઇ જવાનું, અને જતાં પહેલાં એક રસાયન પી લેવાનું, એટલે સીધા ચન્દ્રલોકમાં! વાત લંબાય તો કદી રમત વંઠે, એવો ચાન્સ લે એ બીજો; આપણો જોષી મહોદય નહિ. અને આ ગ્રહોની ગોઠવણી દરમિયાન પેલી બે છોકરીઓ સખણી રહીને ઘેર બેઠી હતી એમ પણ માનવાનું કારણ નથી. બે કેમ? ત્રણ. નોકરડી પણ ખરી ને? નોકરડી ઉપર શેઠ આફરીન, તો નોકરડીને શું હૈયું નહોતું? તે જોષીજીના કારભારી સાથે અમનચમન ન કરે?


રાત પડી છે, ને બાપાજી તો ઠંડી સામે ઝઝમવા પીંછાળા ઓવરકોટ અને કાનઢાંકી ટોપીઓ પહેરી પધાર્યા છે. ભારેના ભોળા, યા બબૂચક, યા મૂરખ, યા ઘનચક્કર, જે કહો તે સસરાજીને ભાવિ જમાઇરાજે કહ્યું કે આ એક ઘૂંટડો ગટગટાવી જઇશું એટલે હલકાફૂલ જેવા થઇ જઇશું, અને એમ થતાં જ આસ્માનમાં ઊડીશું, અને ત્યાંથી ચન્દ્રલોકના અસ્વારો જોતજોતાંમાં ચન્દ્રલોકમાં લઇ જશે! માનશો? એણે તો હોંસભેર પીણું પીધું. પીધું એટલે પોતે હલકા ફૂલ જેવા તો શું, પણ મગજ હલકું–ખાલીખમ થઇ ગયું. ભાન ભૂલી એ તો બેફામ થઇને ચત્તાપાટ ધરતી પર પડયા. બસ, પછી શું જોઇએ? બે જમાઇઓ ને ત્રીજો નોકર, ત્રણે એ કોઠમડાને ઊંચકી બાજુના ખંડમાં લઈ ગયા. પૈસા ખરચીને ખંડને એવો તો શણગારેલો કે નર્યો ચન્દ્રલોક જ લાગે. પેલી ત્રણ સન્નારીઓ તો પરીઓના પહેરવેશમાં: કોઈ ઓળખાવે તો

પણ આપણે એને ઓળખી ન શકીએ! વચલી ગાદી ઉપર ચન્દ્રદેવ બનીઠની સાજ સજી ભારે ઠાઠમાઠથી બિઠેલા. દરબાર આંખને આંજી દે એવો; ઝાકઝમાળ બુદ્ધિને ભરમાવી દે એવા; વાતાવરણ ભલભલાને ભાન ભુલાવે એવું. ત્યાં આ બાપાજી જાગતાં જ છક થઈ ગયા! ઓહોહોહો! 'શો બ્રહ્મનાદ ગાજે, રૂડો રાસ રચ્યો આજે બ્રહ્માંડમાં!' આ વૈભવ, આ દમામ, આવી રોશની તો પૃથ્વીને પાટલે કદી યે ન્યાળી નહોતી! અને પછી ચન્દ્રદેવ ફૂલતોરણથી શણગારેલા મઘમઘતા રાજ્યાસન ઉપર બિઠાબિઠા નૃત્યગાન જુએસુણે છે, ન્યાયદંડ આપે છે અને છેવટે પ્રજાજનોમાં લગ્નવિધિ પણ કરાવે છે! એમાં પેલા બે ગઠિયા બાપાજીની બે દીકરીઓને પણ બનાવી સજાવી લઈ આવે છે અને જાણે શિવ ને પારવતીના હાથ મળ્યા, એવાં લગ્નગીતો પણ ગવાવાં શરૂ થાય છે! એટલામાં ચન્દ્રદેવ પણ પોતાની પ્રિયતમાને હાજર કરી છેવટે પોતે પણ પરણી બેસે છે! પ્રેમ આંધળો તો કહેવાય છે, એટલે દીકરીઓને ઓળખતાં હજી મગજના અંધારામાં અરુંપરું અજવાળું થવા માંડે છે; પરંતુ પોતાની પ્રિયતમા જે પેલી નોકરડી, એ જ અત્યારે ચન્દ્રદેવના ખોળામાં છે એમ જુએ છે ત્યારે પ્રેમ સભાન થતાં, પૂરેપૂરી જાગ્રતિ આવીને બડબડાટથી ક્રોધ સુધી મગજ તપે તે પહેલાં તો ચન્દ્રદેવ પોતાના હાથમાં બાપાજીના—હવે સસરાજીના ઘરની, અને એના પૈસાટકાની ત્રિજોરીની ચાવીનો ઝુમખો ખણખણતો બતાવી એને હતાશ બનાવી દે છે! ગમ્મત તો એ કે લગ્નવિધિમાં વળી રજિસ્ટરમાં બાપાજીની સાક્ષી પણ પડી છે! થઇ રહ્યું!

પછી તો શું થાય? આ મળતિયાઓ હવે એને બધું કબૂલ કરાવ્યા વિના જીવતો જવા દે ખરા કે? એટલે બંને દીકરીઓએ મોંમાંગ્યો કરિયાવર તો લીધો, પણ પોતાની પ્રિયતમા નોકરડીને પણ કન્યાદાનમાં સારી જેવી રકમ આપવી પડી, ને પછી વાજતેગાજતે વરઘોડો સાસરેથી પીએર જવા ઊપડચો,—ને પ્રેક્ષકો પોતપોતાને ઘેર જવા નીકળ્યા.

લંડનમાં આર્ટ્સ થીએટરમાં જેઈમ્સ જૉઈસની નવલકથા ઉપરથી 'યુલાઇસિસ ઈન ધ નાઈટ ટાઉન'નું નાટક જોયું હતું એ અહીં આ ઉત્સવમાં ઈંગ્લંડ તરફથી લહાણી રૂપે હતું: અંગ્રેજીમાં જ. એ જ મિ. બ્લૂમ—ઝીરો મોસ્ટેલ તરીકે, અને એની આખી ટોળી. અમેરિકા અને યુરોપ બે ખંડમાં ડંકો વગાડનારી કૃતિ. એની લખાવટ, ભજવણીની ઢબ અને એમાંના અતિ ઉત્તમ અભિનય વિષે જેટલું લખીએ એટલું ઓછું છે. હૉલૅન્ડની પ્રજાએ નાટકને અંતે નટનટીઓને ખોળે ફૂલોના ઢગ ઢાળી દીધા, માથાં નમાવી દીધાં, આંખમાંથી પાણી ટપકાવી દીધાં. જૉઇસે નવલકથામાં જે નાટચાત્મક પ્રકરણ લખ્યું છે એને જ વળગી રહીને ભજવાએલા આટલી અઘરી ભાષાવાળા નાટકે પ્રેક્ષકોને રસમાં તરબોળી દીધા. બ્લૂમને મેં તો ત્રીજી કે ચોથી વાર જોયો. વળી અહીં ક્લબમાં ખાતાંપીતાં મળતાં, વાતો કરવાની મોજ આવી. આખા ફેસ્ટિવલમાં પરદેશથી આવેલી કૃતિઓમાં લેખનકલા, અભિનયકલા અને રજૂઆતકલાની દૃષ્ટિએ આ નાટક સૌથી વધારે વખણાયું.

અને છેવટે એક નવા પ્રકારની નાટકશાળા અને એમાં થએલા છટપટાટવાળા નૃત્યને જોઇ લઇએ. આ નાટકશાળા તે આમ્સ્ટર્ડામ શહેરની અધવચ્ચે રસ્તો કોતરી ચાલી જતી આમ્સ્ટલ નદીને કાંઠે બાંધેલું, 'કરે' થીએટર. એમાં ૪૬૦૦ બેઠકો. વચ્ચે ૬૦૦. એ વચલા ગાળામાંની ૬૦૦ ખુરશીઓ ખસેડી લ્યો તો એ ગોળાકારમાં સરકસના ખેલ થાય અને ત્રણ બાજુથી લોકો એ જૂએ. અત્યારે વચલા ગાળામાં ખુરશીઓ છે, અને સામે રંગભૂમિ એક બાજુ, અને ત્રણ બાજુ ફરતી ચડઊતર ખુરશીઓ.



સ્પેનના મશહૂર નચવૈયા—જોસે ગ્રેકો અને એના સાથીદારો સ્પેનનાં નૃત્યો નાચી બતાવવાના છે. હાથમાં લાકડાની પતાકડી, થનગન થનગન પગલીએ, કડાક દઇને વચ્ચે હૈયાં હચમચાવી મૂકે એવી ઠેકા દેતી તાલબાજી, કેડના મનોરમ વળાંક, હાથ અને ડોકની મરોડો. જોસેની સાથે તીખી તેજીલી તીરછી નજરીઆં નાખી વધ કરી વશ કરનારી, લોલા ડ રૅાન્ડા; કદીક ટ્રીવેડોર્નો, કદીક ગીયનાના કદીક સ્પેનવાસી અન્ડુલેશિયાના, તો મશહૂર ફ્લેમેન્કાના, તો કદીક કોરડોબાના, તો કદીક મોન્ટાનેસાના કાસ્ટીલાના. ત્રિતાલ ઝપતાલના તાલને પણ ટપી જાય, અને છતાં આપણા દેશમાંના આંટીઘૂંટીવાળા અઘરા અટપટા તાલની પૂરેપૂરી યાદ આપે એવા તાલ સાથે, વારાફરતી અને વળી સાથે, જે નૃત્યોની રમઝટ બોલાવી છે, એ તો મગજમાંના ખજાનામાં સદા સંઘરાએલો ભંડાર જ રહેશે. વચ્ચે વળી આપણા જેવા દૂહા લલકારે ભાઈ, સામસામા ઊભા રહીને, અને પછી પગના અચકામચકા તાલમાં ભાવ અને દર્દભરી કથા કહેતા રહે. અરે વાહ! રંગ છે રંગલાલાને, જોસે ગ્રેકો નામના આ રંગીલા જવાનને.

ઈટાલીમાં એનો જન્મ. સાતમે વર્ષે સેવિલ (સ્પેન)માં આવ્યો. ત્યાં એણે સ્પેનનાં ફ્લેમિન્કો નૃત્યો જોયાં. ન્યૂ યૉર્ક જવાનું થતાં ત્યાં ચૌદમે વર્ષે લીઓનાર્દો દા વિન્ચી નૃત્યશાળામાં નૃત્ય શીખવા માંડ્યું. ચિત્રકળામાં હાથ અજમાવ્યો. પાંચસાત વર્ષ ભણી સ્પેનના સામાજિક ઇતિહાસનો અભ્યાસ કર્યો. દરમિયાન એને અર્જેન્ટિનીટા નામે એક રમણી મળી. ૧૯૪૨થી ૧૯૪૫ સુધી બંને નૃત્યઆયોજનમાં સહભાગી, સહચારી રહ્યાં. ૧૯૪૫માં સખીનું અવસાન થયું. એના મૃતદેહને એણે અમેરિકાથી સ્પેન લઇ જઇ ત્યાં ઘટિત સંસ્કાર કર્યા. પછી સખી અર્જેન્ટિનીટાની બહેન પિલર લોપેઝ સાથે મૈત્રી બંધાતાં એની સાથે સ્પેનનાં નૃત્યોને રંગમંચ ઉપર થનગનાવ્યાં. પોતાની મંડળી બાંધી. એમાં જોસે મોલિના, રામન વાલેઝ, ટીના, રૉડ્રિગો, લીડિયા એવાં એવાં સશક્ત અને સુકુમાર કલાકારોને દાખલ કરી વિવિધ રીતે નૃત્યોનાં આયોજનો યોજી સ્પેનનાં શહેરોમાં સંપાદન કરેલી કીર્તિ યુરોપભરમાં પ્રસારી દીધી.

શોમૅનશિપમાં એક્કો, અજોડ પ્રોડચુસર, તાલની આંટીઘૂંટીનો જાણકાર, મર્દાનગીભર્યાં નૃત્યોનો નાચનાર જોસે ગ્રેકો આજે તો સ્પેનનો પ્રથમ કોટિનો કલાકાર ગણાય છે.

'કરે' નાટકશાળા ફરીફરીને જોયા પછી હોટેલ સુધી પહોંચતાં આખે રસ્તે એ લાકડાની પતાકડીનાં ટિકટિકટિક યા તાલ મગજમાં ઘૂમરાતા જ રહ્યા; આજે પણ ઘણીવાર એ ઘૂમવા મંડી પડે છે. (ચાલુ)

પૃથ્વીના પાંચે ખંડમાં ચક્રવર્તીપણું ભોગવતું
અને સભ્ય સમાજની મહોર પામેલું
...પણ અનેક રોગોને આમંત્રતું વ્યસન

તમાકુ

ડૉ. શિવપ્રસાદની
લોકપ્રિય લેખમાળા
આહાર અને આરોગ્ય-૪૨

દારૂનો પ્રવાહી કે વાયવી પદાર્થ શરીરમાં નાખતાં એની ગણના ખોરાક તરીકે થાય; પણ જીવન ટકાવવાની જેની કશી ઉપયોગિતા જ ન હોય તેની ગણના ખોરાકમાં નહિ પણ વ્યસનમાં થાય. આજે સમાજનો એક વર્ગ એવો છે કે જે ચા, તમાકુ અને દારૂને વ્યસન તરીકે લેખે છે; પણ દુનિયાના મોટા ભાગના લોકોને ચા આહારરૂપ છે, તો ધૂમ્રપાનને સભ્ય સમાજની મહોર લાગેલી છે. સુધરેલા ગણાતા દેશોમાં તો ભદ્ર સ્ત્રીઓ પણ તમાકુ ક્યાં પીતી નથી હોતી?

તમાકુનો વપરાશ ત્રણ રીતે થાય છે: તે ખવાય, પીવાય અને સુંઘાય છે. આ ત્રણેય રીતનું વ્યસન ખર્ચાળ તો છે જ; તદુપરાંત એનાથી શ્વાસ ગંધાય છે, દાંત ઉપર ડાઘા પડે છે, અને એ એટલું તો ગંદું છે કે એ ‘ખાનારનો (ઘરનો) ખૂણો, પીનારનું ઘર અને સૂંઘનારનો ધોતિયાનો (કે સાડીનો) છેડો એ ત્રણે ગંદાં’ એવી લોકોક્તિ પ્રચારમાં આવી છે. તમાકુનું વ્યસન જેટલું ગંદકીકર્તા છે એથી વધારે તો એ આરોગ્યને નુકસાન કરનારું છે.

તમાકુનું માદરે વતન અમેરિકા છે. મેક્સિકોની પેદાશની તપાસ અર્થે સ્પેનના ફિલિપ બીજાએ મોકલેલો ફ્રાન્સિસ્કો ફર્નાન્ડિસ ઈ. ૧૫૫૮માં તમાકુનો છોડ પહેલીવાર યુરોપમાં લાવ્યો ત્યારથી એનો ખાવા, પીવા અને સૂંઘવાના વપરાશમાં ફેલાવો થયો. ઈ. ૧૭૮૮માં હામ્બુર્ગ (જર્મની)માં સૌપ્રથમ સિગાર (ચિરૂટ)નું કારખાનું નંખાયું. હિંદમાં તમાકુનો પ્રવેશ ૧૬૦૦ના અરસામાં થયાનું મનાય છે. એ પછીનાં દોઢસો વરસમાં દેશભરમાં તમાકુની ખેતી ઝડપભેર વધી.

તમાકુના ઘટકો

તમાકુને સુગંધ અને સોડમ આપનારા બે મુખ્ય ઘટકો નિકોટિન અને નિકોટિયાનીન છે. ઝાઈસનું કથન ટાંકીને ડૉ. ચંદ્ર ચક્રવર્તી કહે છે કે ‘ગરમીથી નિકોટિનનું વિઘટન થવાથી તમાકુના ધુમાડામાં તે નથી હોતું, પણ તેમાં પાયરીડિન, થોડા પ્રમાણમાં ક્રીઓસોટ, હાઈડ્રોસિયાનિક અને ઍસેટિક ઍસિડો, ગંધક અને થોડાક વાયુ હોય છે.

ધુમાડામાં આ વિવિધ દ્રવ્યો વિપુલ બાષ્પજલ તેમજ કાર્બન મૉનૉક્સાઈડ તથા કાર્બનિક ઍસિડ વગેરે વાયુઓ સાથે ભળેલાં હોય છે. આ વાયુઓના કારણથી પેદા થતું પ્રવાહી અતિ ઝેરી છે. તમાકુના ઝેરી ગુણો એકલા નિકોટિનને જ નહિ, પણ પ્રૂસિક ઍસિડ અને કોલિડિન જેવાં ગંધમય દ્રવ્યોને પણ આભારી છે. જેના એક ટીપાનો વીશમો ભાગ દેડકાના પ્રાણ હરે એવું, તમાકુની મીઠી ને ઉગ્ર ગંધવાળું કોલિડિન પણ નિકોટિન જેટલું જ ઝેરી છે. પ્રૂસિક ઍસિડ ને બીજાં ગંધમય દ્રવ્યો લાંબો વખત શ્વાસમાં પુરાવાથી નિર્બળતા, ચક્કર અને માથાનો દુખાવો થઈ આવે છે. તમાકુની પ્રાદેશિકતા અને જાત પ્રમાણે તેમાં પ્રૂસિક ઍસિડ અને ગંધમય પદાર્થોનું પ્રમાણ રહે છે.

ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે: ‘ચૂંગીની નળીમાં જમા થએલા અર્ધઘટ્ટ કાળા પદાર્થોમાં ઉપર દર્શાવેલાં બધાં દ્રવ્યો સાથે મોટા પ્રમાણમાં નિકોટિન હોય છે. જેનાં બે ત્રણ ટીપાંથી નાના પ્રાણીનું મરણ થાય એટલું એ તીવ્ર ઝેરી છે. તમાકુના દહનથી થોડું નિકોટિન બળે છે. ધૂમ્રપાન કરનારમાં સો ગ્રામ તમાકુએ પચાસ સેન્ટીગ્રામ નિકોટિનનું શોષણ થતું હશે. ધુમાડો શ્વાસમાં લેતાં આ પ્રમાણ ઘણું વધે છે. હુક્કામાં ઓછામાં ઓછું આવે છે.

તમાકુની અસરો

‘વાપરવા નહિ ટેવાએલા માણસ ઉપર તમાકુની શારીરિક અસરો શામક અને માંસપેશીઓની શિથિલતા આણવાની છે. શ્વસનતંત્ર અને રુધિરાભિસરણ એથી મંદ પડે છે, શરીરની ઉષ્ણતા ઘટે છે, ચામડી પરસેવાથી ભીની અને ઠંડી બને છે. તમાકુ દારૂની લગભગ સંપૂરક છે. દારૂથી લોહીનું તાણ વધે છે તો તમાકુથી ઘટે છે. આ કારણે દારૂના અટલ વ્યસની પુષ્કળ તમાકુ પીનારા પણ હોય છે. તમાકુથી લાળગ્રંથી અને આંતરડાંના સ્રાવો ઉત્તેજાય છે, આંતરડાંની પરિસંકોચન ગતિ વધે છે, પેશાબ અને પસીનાનું પ્રમાણ વધે છે.’

તમાકુથી હોજરીના પાચકરસના હાઇડ્રોક્લોરિક ઍસિડનું પ્રમાણ ઘટે છે. પાચકરસની શક્તિ ને પેપ્સીનની ક્રિયા મંદ પડે છે. વ્યસની કરતાં બિનવ્યસનીને સારી ભૂખ લાગે છે. વ્યસન છોડી દીધા પછી વ્યસનીનું પણ વજન વધી શકે છે. તમાકુની અસર જ્ઞાનતંત્ર ઉપર વહેલી પડે છે. એમાથી હૃદય ઉત્તેજાય છે. કરોડરજ્જુ અને મગજનાં કેન્દ્રો ઉપર અસર થાય છે. પરિણામે લથડતી ચાલ અને ચક્કરનાં ચિહ્નો વરતાવા માંડે છે.

નિકોટિન હળાહળ ઝેર છે. પ્રાણહર અસરોની ઝડપ માટે તે હાઈડ્રોસિયાનિક ઍસિડનું બરોબરિયું છે. એનાં આઠ ટીપાંથી ઘોડાનું, બે ટીપાંથી કૂતરાનું અને ગ્રેનના ત્રીજા ભાગથી માનવીનું મોત થાય છે. હૃદય અને લોહીની નળીઓ ઉપર તેની અસર પડે છે. આશુક્ષોભ (‘નર્વસ’) અને સાંધાઓના સોજાથી પીડાતાને તેની ઝેરી અસરો વધુ લાગુ પડે છે. તેનાથી એમની ખાસ કરીને ક્ષયરોગની ગ્રહણશીલતા વધે છે. વળી જાતીય વાસના મંદ પડવાનું પણ કહેવાનું ધારવું છે.

રોગો

બ્રિટનની ૪૪૪ વર્ષ જૂની દાક્તરોની સંમાન્ય સંસ્થા રૉયલ કૉલેજ ઑવ ફિઝીશિયન્સે વિસ્તૃત અવલોકનો બાદ ‘સ્મોકિંગ ઍન્ડ હેલ્થ’ નામનો અહેવાલ પ્રગટ કર્યો છે. તેમાં લખ્યું છે કે ‘સિગારેટ પીવાથી ફેફસાંનું કૅન્સર અને બ્રૉન્કાઇટિસ થાય છે. કૉરૉનરી, હૃદયવ્યાધિ અને બીજા સામાન્ય રોગો થવા તરફનું વલણ વધે છે. બ્રિટન-અમેરિકા સહિત નવ દેશોમાં ઈ. ૧૯૫૩માં ત્રેવીસ તપાસો હાથ ધરાએલી. એમાં સ્પષ્ટ થયું છે કે ‘તમાકુની ધુમાડીની સંરચના જટિલ છે. ચૂંગી અને સિગાર કરતાં છેક સુધી બળતી સિગારેટનું ઉષ્માપન ઘણું વધારે હોય છે. ધુમાડો શ્વાસમાં લેનારામાં સિગારેટનું ૯૦ ટકા નિકોટિન શોષાય છે; જે નથી લેતા તેમને માત્ર ૧૦ ટકા શોષાય છે. સિગારેટો પીવાનું પ્રમાણ વધવા સાથે ફેફસાંના કૅન્સરનું મરણપ્રમાણ ન પીનારા કરતાં ત્રીસગણું વધ્યું છે. વળી ચૂંગી કે સિગાર પીનારા કરતાં સિગારેટ પીનારાઓને માઠી અસરો થાય છે.

એ તો જાણીતી બાબત છે કે તમાકુ પીનારને લાક્ષણિક ઉધરસ અને ગળફાની સામાન્ય પીડા હોય છે. ધૂમ્રપાન મૂકી દેતાં એ મટી જાય છે. ધૂમ્રપાનની ઉધરસ ચાલુ રહેવાથી શ્વાસનળીઓને ચેપ લાગે છે. અને પછી હાંફ તથા છેવટે હૃદય ઉપર અસર ઉપજાવી તે મરણની સ્થિતિ તરફ દોરી જાય છે. તમાકુના વ્યસનથી આવરદા ટૂંકાતી હોવાનું તો પુરવાર થયું છે. તમાકુ નહિ પીનારા કરતાં પુષ્કળ પીનારને પંચાવન વર્ષથી ઉમરની અંદર હૃદયવ્યાધિ મરણના કારણરૂપ બને છે. કેટલાક

તમાકુ

તમાકુ તંબાકુ કે તમાખુ, અને સંસ્કૃત-માં તામ્રકૂટ કે ક્ષારપત્રાને નામે ઓળ-ખાતી અસલ અમેરિકાની વતની આ વનસ્પતિ સ્પેનને માર્ગે યુરોપમાં ગઇ, જ્યાંથી દુનિયાભરમાં એ પ્રસરી. બે સદી પહેલાંની 'ફૅશન' તમાકુ (તપખીર) સૂંઘ-વાની હતી; આજે એનું સ્થાન (સિગારેટ) ફૂંકવાએ લીધું છે.

હિંદુસ્તાનમાં સૌ પ્રથમ ફિરંગીઓ તમાકુ લાવ્યા. જોકે ભારતમાં છેક ઈસુ-ની સાતમી સદીમાં પણ કોઈક સુગંધી દ્રવ્યોના ધૂમ્રપાનનો ચાલ હોવાના ઉલ્લેખો મળે છે. હિન્દમાં સૌ પ્રથમ અકબર પાસે જ્યારે એ રજૂ થઈ ત્યારે દરબારી હકીમોની ના છતાં બાદશાહે નવીનતા ખાતર એને સ્વીકારી. પણ પછી તો એક બૂરી લતના રૂપે એ એટલી પ્રસરી ગઈ કે થોડાં જ વર્ષો પછી જહાં-ગીરને એના ઉપયોગ સામે પ્રતિબંધો ફરમાવવા પડયા. લાહોરમાં ધૂમ્રપાન કરનારના હોઠ કાપી નંખાતા; કાળું મોં કરી ગધેડે બેસાડીને ફેરવવાની સજા પણ કેટલેક ઠેકાણે થતી. રશિયામાં પણ ધૂમ્ર-પાન માટે કાન કાપી નાખતા. જોકે આ-



રંભના કાળમાં તો એ કોઇ મહા રોગ-શામક શક્તિ મનાઇને 'દૈવી વનસ્પતિ' તરીકે પણ બિરદાવાએલી.

તમાકુ, એ બટાટા-ટમાટાના વર્ગની વનસ્પતિ છે. આપણા દેશમાં કલકત્તી, ગાજરની, લૂની, તીસી, બલ્ખી, મુલ-તાની, અમાનતખાની, બનારસી, સુરતી, ખાનદેશી, ઈલાએચી વગેરે એની અનેક જાત ઊગે છે. ચરોતરની તમાકુ બધીમાં શ્રેષ્ઠ ગણાય છે. આપણે ત્યાં એનાં પાન દોઢેક ફૂટનાં, પણ વિલાયતમાં તો કેટ-લીક જાતમાં ત્રણત્રણ ફૂટનાં પાન ઊગે છે. પણ એનાં બી જુઓ તો તદ્દન ઝીણાં.

ધૂમ્રપાનમાં, સૂંઘવામાં, દાંતે ઘસવા-માં અને મુખવાસ સાથે યા એમ ને એમ ખાવામાં આવતું એ વ્યસન જગવ્યા-પી છે એ તો જાણીતી બીના છે. પણ ઔષધ તરીકે પણ તેના ઉપયોગો છે. શંકરદાજી પદે તમાકુને કફ, ઉધરસ, દમ, વાયુ, કૃમિ, દંતરોગ, શુક્રરોગ, દૃષ્ટિરોગ, લીખ, જૂ, વીંછીનું વિષ તથા સોજાનો નાશ કરનારી ગણે છે. તમાકુનું ચૂર્ણ ચાઠામાં ભરવાથી જાનવરોના કીડા દૂર થાય છે. મધમાખી વગેરેના ડંખ ઉપર છીંકણી કે તમાકુની ભૂકી લગાડવી. આ-ધાશીશી ઉપર પાણીમાં તમાકુ નાખી વસ્ત્રગાળ કરી તેનાં બે ટીપાં નાકમાં પાડવાં ને તાળવે એ પાણી ચોળવું. વીંછીના ડંખ ઉપર તમાકુ પીવાની ચલ-મમાંનો કીલ, ખાવાના પાનના બીડામાં આપવો. માથામાં જૂ પડી હોય તો તમાકુ પાણીમાં મેળવી, એ પાણી માથે ચોપડી ઉપર પાટો બાંધી રાખવો. બે પ્રહર પછી એ છોડી નાખી અરીઠાનાં ફીણથી માથું ધોઇ નાખવું.

પરંતુ ઔષધીય ગુણ તો બીજા પણ કેટલાંક ઝેરમાં હોય છે, પણ એથી આ-પણે એનો કંઈ રોજિંદો ઉપયોગ કરતા નથી. તમાકુ પણ એ રીતે વર્જ્ય જ છે.

માણસોને, ખાસ કરી જેમનાં માતા કે પિતાને વધેલું લોહીદબાણ હોય તેમને, તમાકુથી લોહીનું દબાણ વધવાનું વલણ રહે છે. વળી ધૂમ્રપાનથી બગડેલાં ફેફસાંમાં ઇન્ફલુએન્ઝા ન્યૂમોનિયા કે ક્ષયની માંદગી કાં તો ગંભીર અગર તો મરણજનક થઈ પડે છે. ડાયાબીટિસના રોગીને ધૂમ્ર-પાનની ટેવથી દૃષ્ટિ-દુર્બળતા પ્રાપ્ત થાય છે.

માનસિક સંતોષ, સુખની લાગણી, જાતીય ઉત્તેજના અને તાજગી મેળવવા માટે ધૂમ્રપાન થતું હોવાનો ખયાલ ભ્રામક છે. ઊલટું તેનો વધુ વપરાશ સુસ્તી અને ઘેન આણનાર જ નીવડે છે.

જોકે ધૂમ્રપાનથી હોજરી અને ગ્રહણીમાં નવું ચાંદું તો પડતું નથી, પણ જો કોઇને ચ ાંદું હોય તો તેમાં વધારો થઇ તે કાયમી બને છે. સિગારેટની ધુમાડીના ગળેલા ઘૂંટ ફેફસાં, ધમનીઓ અને હૃદયમાં ફેલા-વાથી અકાળ મૃત્યુના ઓળા પથરાય છે. બ્રૉન્કાઇટિસ, દમ, હોજરીનું ચાંદું અને ધમનીના રોગીઓ માટે તમાકુનું વ્યસન મોટું અપથ્ય છે. અરે, વ્યસનની ઉધરસ પણ વ્યસનને છોડવા માટે પૂરતા કારણરૂપ છે. તમાકુ ખાવાથી કે પીવાથી ચામડીની લોહીની નળીઓ સંકોચાય છે.

આપણે ત્યાં તમાકુ વિશેષતઃ હુક્કો, ચલમ અને બીડીના રૂપમાં પીવાય છે. બીડી કરતાં હુક્કો અને ચલમ ઓછાં જોખમી છે. સિગારેટ કરતાં પાઈપ (ચૂંગી) પીવામાં ઘણું ઓછું જોખમ છે. વળી માત્ર સિગાર (ચીરૂટ) પીનાર તો નજીવું જોખમ વહોરતા હોવાનું લંડનની રૉયલ કૉલેજ ઑવ ફિઝીશિયન્સનો અહેવાલ છે. હુક્કામાં પાણી વાટે અને ચલમમાં ભીના કપડા વાટે ધુમાડી ગળાઇને આવવાથી ધુમાડાના ઈજાકારી પદાર્થો મોં અને શ્વસનમાર્ગમાં આવતા નથી. એ સિવાયનું તમાકુનું બીજું કોઈ પણ વ્યસન પૂરેપૂરું જોખમી છે.

બીડીમાં ધુમાડાના કણો શ્વાસનળી અને ફેફસાં સુધી ન જતાં જીભના પાછલા ભાગમાં અને ગળાના ઉપરના ભાગમાં જમા થાય છે, જે અન્નનળી તથા કંઠનળીના કૅન્સરના કારણરૂપ બને છે. મુંબાઈના ઇન્ડિયન કૅન્સર રીસર્ચ સેન્ટરની તપાસમાં માલૂમ પડ્યું છે કે તમાકુ ખાવાની ટેવથી મોંઢાનું કૅન્સર અને ખાવાની તથા પીવાની ટેવથી જીભના પાછલા ભાગમાં ને કંઠનળીના ઉપલા ભાગમાં કૅન્સર થાય છે.

તમાકુના વ્યસનની શરીર ઉપર આવી માઠી અસરો હોવા છતાંય ઈ. ૧૯૫૫નો ભારત સરકારનો અહેવાલ હિંદમાં તમાકુનું ઉત્પાદન અને ધૂમ્રપાન વધતાં હોવાનો ઈશારો કરે છે! પશ્ચિમી દેશોમાં પણ આ સ્થિતિ હોઈ અમેરિકાની નૅશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑવ હેલ્થે ધૂમ્રપાનનાં જોખમોની શૈક્ષણિક ઝુંબેશ ઉપાડવા મજબૂત હિમાયત કરી છે. ઇંગ્લંડની મિનિસ્ટ્રી ઑવ હેલ્થે ચેતવણીનાં સચિત્ર ભીંતપત્રો પ્રકટ કર્યાં છે.

આ દિશામાં ઊગતી વયના કિશોરોથી પહેલ કરવાની છે. સમા-જના નીચલા થરમાં પાંચ-છ વર્ષની ઉમરે, ને એનાથી ઉપલા વર્ગમાં દસ-ચૌદ વરસની ઉમરે બાળકો બીડી પીવાનો પહેલો પ્રયોગ કરે છે અને ત્યાર બાદ બે વર્ષના ગાળામાં તો નિયમિત ધૂમ્રપાની બને છે. તમાકુનું સૂંઘવાનું ખાવાનું કે પીવાનું કોઈ પણ વ્યસન ઘેનની દવા જેવું છે. એક વાર એ ગળે પડયા પછી છૂટતું નથી. એ આરોગ્ય હણનારું તો છે જ પણ ટૉલ્સ્ટૉયના કથન મુજબ આસુરી સંપત્તિ આણનારું છે.


કલાવાર્તા

કલાકાર છગનલાલ જાદવ

ગઈ અર્ધી સદીના ગાંધીયુગની સીધી અસર તળે સમાજના સાવ નીચલા થરના લોકમાં પણ જાગૃતિની સંજીવની પ્રસરતાં જે નવચેતન આવ્યું તેનાં અનેક સારાં પરિણામોમાં શ્રી છગનલાલ જાદવ જેવા કલાકાર ગુજરાતને મળ્યા તે ગણાવી શકાય.

ગુજરાતવિદ્યાપીઠમાંછગનભાઈ ચિત્રકળાની પ્રથમ દીક્ષા પામ્યાને આજે તો પાંત્રીસેક વર્ષ વીતી ગયાં છે. અને એ ત્રણેક દાયકાના ગાળામાં એમણે જે સાધકની શ્રદ્ધા તથા ધીરજ વડે ચિત્રકળાની આરાધના કરી છે તેના જ પરિણામે આજે ગુજરાતમાં જાણીતા કલાકારોમાં તેમની ગણના થાય છે. એ સિદ્ધિ તેમણે જે પ્રતિકૂલ સંજોગો સામે મેળવી છે, તેનો ઇતિહાસ કોઇને પણ માટે પ્રેરક છે. એટલે હમણાં તેમને સાઠ વર્ષ પૂરાં થયાં તે પ્રસંગે તેમના જીવન અને સર્જન પર એક ઊડતી નજર નાખવી ઉચિત ગણાશે.

અમદાવાદ નજીક આવેલા, અને આજે તો તેના એક પરા રૂપ બની ગએલા નવા વાડજ ગામના અભણ, ગરીબ પણ ધાર્મિક સંસ્કારોવાળા હરિજન વણકર કુટુમ્બમાં ઇ. ૧૯૦૩ની ૨૨મી ફેબ્રુઆરીએ એમનો જન્મ થએલો. ચાલુ નિશાળમાંથી ફુરસદ મળતાં તેઓ ત્યાંથી લગભગ ચારેક માઈલ દૂર છેક કોચરબ



ગામના હરિજનવાસમાં આવેલી પ્રાથમિક શાળામાં રોજ પગે ચાલીને ભણવા જતા. એવામાં એમની ચૌદેક વર્ષની વયે પિતાનું અવસાન થતાં એમને પાંચમી ચોપડીથી ભણતર અધૂરું મૂકી કુટુમ્બ માટે કુમારકાળથી જ કમાણી કરવાની જવાબદારી લેવી પડી. થોડોક વખત એ હરિજનશાળામાં જ નોકરી કરી પણ ત્યાંના ટૂંકા પગારમાં ઘરનિભાવ ચાલશે નહિ એમ લાગવાથી શહેરની એક મિલમાં સ્પિનિંગ ખાતામાં મહિને રૂ. ૧૮ કમાવા તેમણે કારીગર તરીકે જવા માંડ્યું અને સંતોષથી સંસાર ચલાવવા માંડ્યો.

પણ વિધિનું નિર્માણ કૈંક જુદું જ હતું. એકાએક એમની ત્રેવીસ વર્ષની ઉંમરે પત્ની, બાળક અને નાનો ભાઈ ગુજરી ગયાં અને ઘરમાં અરસપરસ આશ્વાસનરૂપ મા અને દીકરો બે જ બાકી રહ્યાં! કુટુમ્બના દબાણને વશ વર્તીને તેમણે બીજું લગ્ન કર્યું, પણ તે લગ્નજીવન નિષ્ફળ જતાં એમાંથી મુક્તિ મેળવી.

એ અટૂલ નિરાશાના દિવસોમાં, સામાન્ય રીતે એ થરના માનવીઓમાં બને છે તેમ, સંસારની વિષમતાને વિસારવા તેઓ વ્યસન આદિના છંદે ચડી ગએલા. પરંતુ કોઈ દૈવી સુયોગે દેશમાં રાષ્ટ્રીય જાગૃતિનાં મંડાણ થયાં તેમાં હરિજન ઉદ્ધારક પ્રવૃત્તિ શરૂ થઈ. તે સાથે એમના પૂર્વસંસ્કાર પણ જાગૃત થયા અને તેમણે ગુજરાત વિદ્યાપીઠની રાત્રિશાળામાં ફરી પાછું ભણવાનું શરૂ કર્યું. દિવસે મિલમાં મજૂરી કરે ને રાત્રે શાળામાં અભ્યાસ કરે, એમ કરતાં આગળ વધીને છેવટે તે શાળામાં તેઓ શિક્ષક તરીકે નિમાયા.

નાનપણમાં કુટુમ્બમાં સાંભળેલાં ભજનો અને લોકકલાના થએલા પરિચયથી, તેમજ ગામઠી રમકડાંની બનાવટ પ્રત્યેના આકર્ષણ તથા ગામડાંની ભીંત પરનાં ચિત્રોના નિરીક્ષણથી તેમના બાલમાનસમાં અજાણપણે જ જે રસવૃત્તિ ઉદ્ભવી હશે તે આ સંસ્કારકાળ દરમિયાન જાગૃત થઈ અને 'કુમાર' દ્વારા તેમને ચિત્રકળાનો નાદ લાગ્યો. ખાસ કરીને તેમાં આવતાં શ્રી કનુ દેસાઇનાં ચિત્રોથી તેઓ કલા તરફ આકર્ષાયા; અને બજારમાંથી આણેલી એક આનાની પીછી અને બે પૈસાના રંગથી છવ્વીસ વર્ષની વયે તેમણે ચિત્રકામનો આરંભ કર્યો. એ વખતે એમને ચિત્રકામની પદ્ધતિનું કશું જ જ્ઞાન ન હતું. એમને એવો ખયાલ પણ ન હતો કે પ્રથમ પેન્સિલ વડે રેખાઓનું માળખુ ઊભું કરવું જરૂરી છે. પેન્સિલની આળપંપાળ વગર જ એમણે સીધી પીછી અને



લય

(પૂઠા ઉપરનું શિલ્પ: બીજું દર્શન)

ભારતના આરૂઢ શિલ્પી દેવીપ્રસાદ રાયચૌધરીએ સર્જેલું બે ટન વજનનું ૧૦ ફૂટ ઊંચું આ ધાતુશિલ્પ નવી દિલ્હીના જનપથ પર આવેલા રાષ્ટ્રીય સંગ્રહાલય (નૅશનલ મ્યૂઝિયમ)ના પટાંગણના વાયવ્ય ખૂણામાં તાજેતરમાં જ ઊભું કરવામાં આવ્યું છે. નારીદેહની ભંગિ ને તેના વસ્ત્રની કરચલીઓ આદિની રચના દ્વારા લલિત લયાન્વિતા લાવવાનો એમાં પ્રયત્ન છે.

રંગ વડે ચિત્રકામની શરૂઆત કરી દીધી!

પણ આવાં ચિત્રોમાં ય એમનો કલાકાર આત્મા વ્યક્ત થયા વિના રહ્યો નહિ. વિદ્યાપીઠની રાત્રિશાળના મુખ્ય શિક્ષક શ્રી અમૃતલાલભાઈ નાણાવટી તથા ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક શ્રી શ્યામલાલ ભગવતી એ બંને જણને પ્રતીતિ થઇ કે આ યુવાનને જો તક મળે તો એ એક સારો ચિત્રકાર બની શકે. આથી શ્રી શ્યામલાલે શેઠ શાંતિલાલ મંગળદાસ પાસેથી એમને એક શિષ્યવૃત્તિ અપાવી.

શિષ્યવૃત્તિ મળતાં છગનભાઇએ ઇ ૧૯૨૯ના જૂનની વીસમી તારીખે, તેમની અઠાવીસ વર્ષની ઉંમરે ગુજરાત વિદ્યાપીઠમાં શ્રી કનુ દેસાઈ પાસે પદ્ધતિસરની ચિત્રકળાની તાલીમ લેવી શરૂ કરી, અને તે અભ્યાસ એકાગ્રતાથી થઇ શકે તે માટે મિલની નોકરી છોડીને એમણે વિદ્યાપીઠના પુસ્તકાલયના પટાવાળાની નોકરી ઉમંગથી સ્વીકારી.

પણ ત્યાં તો આવી ૧૯૩૦ની સત્યાગ્રહની ઉગ્ર ઐતિહાસિક લડત. વિદ્યાપીઠ બંધ થઈ ને

'અવધ મેં આનન્દ ભયો'

આ અંકના આગલા પૂઠાની અંદરની બાજુએ આપેલું ચિત્ર કલાકાર શ્રી ગૌતમ વાઘેલાની વિશિષ્ટ કૃતિ છે. ફેબ્રુઆરી અંકમાં આપેલી શ્રી વાસુદેવ સ્માર્તની 'સીતાજન્મ'ની પ્રલંબ તકતીની શૈલીથી ભિન્ન એવી ગુજરાતની ચંદરવા-આલેખનની તળપદી ઢબની આની શૈલી છે, જેમાં સળંગકથાનાં જુદાંજુદાં દશ્યોને નાનીનાની તકતીઓમાં નિરૂપ્યાં છે.

અમદાવાદ પાસે સાણંદના આ યુવાન હરિજન કલાકાર આજે હૅન્ડલૂમ બોર્ડની મદ્રાસ શાખાના વીવર્સ સેન્ટરમાં ડિઝાઈનર તરીકે કામ કરે છે. આ વર્ષના લલિત કલા અકાદમીના રાષ્ટ્રીય વાર્ષિક પ્રદર્શનમાં એમની 'ડયૂ' નામની જલરંગી કૃતિને રૂ. ૧૦૦૦નું પારિતોષિક મળેલું એ સમાચાર અમે ફેબ્રુઆરી અંકમાં આપી ગયા છીએ. આ ચિત્રને ગયે વર્ષે (૧૯૬૨માં) ઉજ્જૈન ખાતે ભરાએલી 'મહાકવિ કાલિદાસ ચિત્ર એવં મૂર્તિકલા પ્રદર્શિની'માં સર્વશ્રેષ્ઠ પુરસ્કાર મળેલો. વર્ષોવર્ષ ભરાતા એ પ્રદર્શનમાં કાલિદાસની કોઇ એક કૃતિના શ્લોક ઉપર ચિત્ર કે શિલ્પ કરવાનું હોય છે. તદનુસાર આ ચિત્રનો વિષય રઘુવંશમાંના 'રામજન્મ'ને લગતા શ્લોકનો છે.

એમાં શ્રવણની કથા તથા દશરથે પુત્રપ્રાપ્તિ માટે કરેલા કામેષ્ટિ યજ્ઞ માટે ઋષ્યશૃંગ ઋષિને બોલાવવામાં આવે છે તે પૂર્વકથા પણ આવરી લીધી છે. એની શૈલી વિષે ભાઇ વાઘેલા લખે છે: 'ગુજરાતમાં જન્મ્યો હોઈ, વારસામાં ને વાતાવરણમાં ચાકળાની તથા મંદિરમાં લગાડાતા દેવીઓના ચંદરવાના છાપકામની જોએલી તળપદી શૈલીથી ચિત્રો કરવાનું મન હમેશાં થાય છે. જૈન મીનીએચરના રંગોરેખાઓએ પણ એટલો જ મોહ જગાડયો છે. ચારે બાજુએ નવી રીતનાં ચિત્રો થતાં હોય ત્યારે મનને કાબૂમાં રાખવું અઘરું છે. એવું કરવા મન લલચાય છે, પ્રયોગો કરું પણ છું, છતાં સંતોષ તો આવાં ચિત્રોમાં જ મળે છે. ભલે લોકો મને જે કહેવું હોય તે કહે.'

મહાત્માજીએ માર્ચની ૧૨મી તારીખે દાંડીકૂચ શરૂ કરી. છગનભાઇ તેની 'અરુણોદય' ટુકડીમાં જોડાયા અને તેમાં તેમણે સાબરમતી અને નાસિકનો ત્રણેક માસ જેલવાસ ભોગવ્યો. જેલજીવનની કઠણાઈનું એક સુફળ એ મળ્યું કે જેની બહુ જરૂર હતી તેવા સામાજિક સંબંધો આપમેળે જ બંધાયા. જેલવાસની એ ફરજિયાત ફુરસદનો ઉપયોગ તેમણે સાહિત્યના વાચન ને ચિત્રો કરવામાં ગાળ્યો.

જેલમાંથી બહાર આવીને ઈ. ૧૯૩૧ના અંતમાં તેઓ ગુજરાતના પ્રસિદ્ધ કલાકાર શ્રી રવિશંકર રાવળના કલાસંઘમાં ચિત્રકળાની તાલીમ માટે જોડાયા. શ્રી રાવળની ભલામણથી અમદાવાદના કલાશોખી સર ચિનુભાઇએ એમનાં થોડાં ચિત્રો ખરીદ્યાં તેમજ અભ્યાસમાં સહાય અર્થે એક શિષ્યવૃત્તિ પણ આપી.

અમદાવાદના ગુજરાત કલાસંઘમાંના અભ્યાસકાળ દરમિયાનની એમની પ્રગતિ જોઇને ગુજરાત હરિજન સેવકસંઘ તથા દિલ્હીના હરિજનસંઘ તરફથી એમને શિષ્યવૃત્તિઓ મળી, અને શ્રી રવિશંકર રાવળના માર્ગદર્શન અનુસાર તેઓ ઉચ્ચ અભ્યાસ માટે પહેલાં ઇંદોર અને પછી લખનૌની કલાશાળામાં જોડાયા. ઈંદોરમાં તેમને હાલના વડોદરા યુનિવર્સિટીના લલિતકલા વિભાગના ડીન શ્રી બેન્દ્રેએ ખૂબ પ્રોત્સાહન અને શિક્ષણ આપ્યું. નિસર્ગદશ્યોમાંથી સાંદર્યતત્ત્વ પકડવાની ગુરુચાવી એમને શ્રી બેન્દ્રેએ આપી, જે કલા ભવિષ્યમાં એમની કીર્તિદા બની.

ઈ. ૧૯૩૪-૩૫નાં વર્ષોમાં લખનૌ કલાશાળામાં વિખ્યાત કલાકાર શ્રી અસીતકુમાર હલધર અને સ્વ. વીરેશ્વર સેનની દોરવણીનો એમને લાભ મળ્યો. ત્યાં તેમને રંગાવટની તાલીમ તથા રંગ-આયોજનની કલાનો કસબ શીખવા મળ્યો. જોકે ત્યાંની અતિ સુંવાળી શૈલીમાં તેમને બહુ રસ ન પડચો; પરંતુ ત્યાં રહે રહે એમણે કરેલા દિલ્હી, આગ્રા, જયપુર, બનારસ, સારનાથ આદિના પ્રવાસો દ્વારા તેમના અનુભવની ક્ષિતિજો વિસ્તરવા લાગી. ઇંદોર-લખનૌના શિક્ષણ તથા આ પ્રવાસો પછી એમની શૈલી પૂર્ણપણે વિકસીને આધુનિક ભારતની 'ઍકેડેમિક' શૈલી બની.

લખનૌથી પાછા ફરીને તેમણે રવિશંકર રાવળના ગુજરાત કલાસંઘમાં પોતાની સાધના આગળ ચાલુ રાખી; પછી મેળવેલા જ્ઞાનનું દાન કરવાની ઈચ્છાથી તથા કલાના સાચા આદર્શને સામે રાખીને બીજાં પ્રલોભનો જતાં કરી સામાન્ય વેતન લઇને અમદાવાદના જ્યોતિસંઘમાં કલાના વર્ગો શરૂ કર્યા, જે કામ તેમણે એકધારાં બાર વર્ષ લગી ચલાવ્યું.

એ દરમિયાન એમનું કલાસર્જન અવનવાં રૂપો ધારણ કરતું ગયું. એમાં પહેલી કક્ષા નિસર્ગદશ્યોની વિકસી. ઈ. ૧૯૩૮માં તેમણે કાશ્મીરનો પ્રવાસ કર્યો. ત્યાંની અદ્ભુત સુંદર નિસર્ગશ્રીમાં એમને પરમ જ્યોતિનો સંપર્ક લાધ્યો, અને શ્રી બેન્દ્રેએ બતાવેલી ગુરુચાવી દ્વારા એમણે આવીઆવીને ઊડી જતી ત્યાંની સૌંદર્યની હવાને કાગળો પર ઝડપી જળરંગો વડે મૂર્તિમંત કરવા માંડી. ૮-૧૦ મિનિટથી માંડીને ૩૫-૪૦ મિનિટમાં જ ઝડપી લીધેલાં ત્યાંનાં ૫૪ ચિત્રોમાં એમણે હૈમવતી નિસર્ગશ્રીનું રમ્ય દર્શન કરાવી ગુજરાતને મુગ્ધ બનાવી દીધું. હિમપ્રદેશની ઝડપથી બદલાતી પ્રકૃતિ પોતાના સૌંદર્યની અતિ ચંચલતાપૂર્વક ઝાંખી કરાવીને વિલીન થતી જેણે જોઈ છે તે જ સમજી શકે કે રંગના થોડા જ લસરકામાં, ગણતરીની ક્ષણોમાં એ ચંચળ સૌંદર્યને ફલકપર સ્થિર કરનાર કલાકાર સામાન્ય સાધક નથી.

એ જ રીતે ૧૯૪૪માં એમણે જ્યાં રશિયન કલાચાર્ય મહર્ષિ રૅરિક વસતા હતા એ હિમાલયની કુલુ ખીણનો પ્રવાસ કરીને ૬૦ દશ્યો આલેખ્યાં, જે જોઇને સ્વ. રૅરિકે પણ પ્રસન્નતા દાખવેલી. કુદરતને આત્મસાત્ કરીને ઉતારવાના એ કાળમાં પછી તો એમણે પંચગની અને પૉંડીચેરી, દિલ્હી અને આગ્રા, ગોહિલવાડનો ચાંચનો દરિયાકિનારો અને ગુજરાત-સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થળોનાં સંખ્યાબંધ દશ્યાલેખનો કર્યાં. એકલી કાશ્મીરની હરિયાળી ખીણ કે હિમમંડિત ગિરિશૃંગમાં જ વિલસતી શોભા નહિ પણ કાઠિયાવાડના ખોબા જેવા ગામની વાંકીચૂંકી શેરીમાં પણ રહેલા પ્રકૃતિના સૌંદર્ય તત્ત્વને ઝડપીને એમણે ફલક પણ ચમકતું કરી મૂકયું છે. આ ચિત્રોનાં પ્રદર્શનોએ એમની નિસર્ગ ચિત્રકાર તરીકે નામના કરી. વડોદરા કૉલેજના પ્રિન્સિપલ રૅમાન્સ તો એમનાં પ્રકૃતિચિત્રો પર એટલા મુગ્ધ હતા કે એમને વિખ્યાત અંગ્રેજ કલાકાર ટર્નર સાથે સરખાવતા. પણ એમનું મૂલ્યાંકન કરતાં વિખ્યાત કલાવિવેચક હર્માન ગઅટ્ઝ કહે છે કે 'એમનાં હિમાલયનાં કેટલાંક દશ્યોમાં જોકે રૅરિકના જેવાં ભવ્ય સાદાઈથી સાધેલાં રંગવિભેદદર્શન (કૉન્ટ્રાસ્ટ્સ) કે ટર્નર જેવી ધુમ્મસી હવાઓ ઝડપાયાં છે, પરંતુ એ બે સમર્થ કલાસ્વામીઓની વૈજ્ઞાનિક ગણતરીપૂર્વકની માંડણી અને ધારી અસર ઉપજાવવાની સિદ્ધિના કરતાં તો છગનલાલમાં વાન ગૉઘના જેવો પ્રેરણાજ્વર છે, જે વડે તેઓ પોતાના પટુકરણ માનસને હેરાન કરી મૂકનારું દર્શન વિદ્યુત્ ઝડપે કાગળ પર ઉતારીને સ્થિર કરી દે છે.' તેઓ કહે છે કે 'વડોદરાના કલાસંગ્રહના આધુનિક હિંદી વિભાગમાં મૂકેલું

'ગુલમર્ગમાં વર્ષા' નામનું ચિત્ર એમનાં શ્રેષ્ઠ નિસર્ગદશ્યો પૈકીનું એક છે.

ઈ.૧૯૪૩માં તેમના જીવનમાં અસાધારણ કરુણ ઘટનાને પરિણામે એક જબ્બર માનસિક પલટો આવ્યો. તેઓ તીવ્ર મનોમંથન અનુભવવા લાગ્યા અને કોઈ અગમ્ય અનુભૂતિઓ એમને થવા લાગી. તેનો તાગ મેળવવા પોતાના જીવન ને કર્તવ્ય વિષે તે અંતર્મુખ થવા લાગ્યા. આ આત્મમંથનને પરિણામે જ તેમણે શાંતિની ખોજમાં ૧૯૪૪નો હિમાલયનો પ્રવાસ ખેડેલો. પોંડિચેરીની મુલાકાત પછી શ્રી અરવિંદના તત્ત્વચિંતન તરફ તેઓ વળ્યા અને આજે તેઓ એ દિશામાં એક સાધકનું જીવન ગાળે છે.

આ મંથનકાળ દરમિયાન તેમણે માનસિક આવેગોનાં મૂર્ત-અમૂર્ત આલેખનોની ચિત્રમાળાઓ કરેલી. એવી જ એક ચિત્રમાળા ઈ. ૧૯૪૮માં મહાત્મા ગાંધીજીની હત્યાને કારણે ઉત્પન્ન થએલા મનઃક્ષોભમાંથી સર્જાએલી. આવી સત્તરેક ચિત્રમાળાઓ એમણે સર્જી છે જેમાં કેટલીકમાં અગમ્ય અનુભૂતિઓના અમૂર્ત રંગવિન્યાસો છે; જ્યારે પુષ્પચિત્રમાળા કે વૃક્ષચિત્રમાળા જેવી કેટલીકમાં મૂર્ત પ્રતિકો દ્વારા મનોભાવનું આલેખન છે. તેઓ સ્પષ્ટ કહે છે કે 'અત્યારની ફૅશનેબલ બનેલી મૉડર્ન આર્ટ વિષે હું સદા શંકાશીલ રહ્યો છું. ભૂતકાળમાં થઈ ગએલા સમર્થ કલાસ્વામીઓ અને ભારતીય કલાપરંપરાનો હું ચાહક છું. અદ્યતન કલાકારોમાં વાન ગૉઘ અને ગૉગાંને હું સાચા મૉડર્નિસ્ટ ગણું છું. મને શ્રદ્ધા છે કે અત્યારની મૉડર્નિઝમની ફૅશન જ્યારે ઓસરી જશે ત્યારે જ સાચી નવી કલાનો જન્મ થશે.'

બધાં મળીને તેમણે સાતસો જેટલાં ચિત્રસર્જનો કર્યાં છે. અમદાવાદ, વડોદરા, મુંબાઈ આદિ સ્થળે તેમનાં નવ નિજી એક-વ્યક્તિ-પ્રદર્શનો યોજાયાં છે. અનેક કલારસિક વ્યક્તિઓના ખાનગી સંગ્રહો ઉપરાંત વડોદરા, મ્હૈસૂર આદિ ચિત્રાલયોમાં એમની કૃતિઓ સ્થાન પામી છે. 'રંકની કલા', 'આભ-ધરતીનો ઉપાસક', 'સૌભાગ્યના શણગાર', 'પીરની માનતા', 'ગામડાનું ફૂલ', 'પ્રતીક્ષા', 'કાશ્મીરનાં કમળ', 'પ્રકાશ અને જીવન' વગેરે તેમની જાણીતી કૃતિઓ છે.

સ્વભાવે શાંત ગંભીર અને વિનમ્ર આ કલાકાર છેલ્લાં લગભગ પાંત્રીસ વર્ષની કલાની એકધારી ને નિર્વ્યાજ ઉપાસના કરતા આવ્યા છે; પરંતુ કાંઈક ઉપેક્ષા અને કાંઈક પોતાની ઉદાસીન વૃત્તિને કારણે પૂરા પ્રીછાયા વિના રહી ગયા છે. (સકલન)

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

ભારત-રત્ન : મહાભારતમાંથી પોતાને ગમતાં વચનોનો સંગ્રહ જૂના કાળથી લોકો કરતા આવ્યા છે. પણ શ્રી ઉપેન્દ્રરાય જ. સાંડેસરાએ વીણેલો આ સંગ્રહ વિશિષ્ટ છે. એમાં ભારતીય સંસ્કૃતિ સમજવા માટે જરૂરી તેટલા શ્લોકો ચૂંટીને તે તે વિષયો પર એમણે સાથે તુલનાત્મક વિવેચન પણ કરેલું છે, જેમાં શ્લોકોની વિષયવાર ગોઠવણી કર્યા પછી એ જ અર્થના શ્લોકો બૌદ્ધ જૈન કે બીજા સાહિત્યમાં ક્યાં ક્યાં આવેલા છે તે પણ યથામતિ યથાસ્મૃતિ આપીને એમણે વિસ્તૃત વિવરણ કરેલું છે. આમાં સમગ્ર 'ભારત'નું મંથન નથી પણ કેટલાક વિશિષ્ટ મુદ્દાઓને લઈ તેનો સાર આપી ઉપયુક્ત ચર્ચા કરી છે, અને એ ચર્ચા કરતાં લેખકે જે ઇતર અનેકવિધ સાહિત્યનું અવલોકન કરી તેમાંથી તુલના રૂપે કે ઇતિહાસના સૂચન રૂપે જે પાદનોંધો લીધી છે તે કોઇ પણ અભ્યાસીને આકર્ષે તેવી છે.

પુસ્તકની કિંમત ૧૫ રૂપિયા જેટલી હોવાથી ઘણાને ભારે લાગશે, પણ એમાં રહેલા સત્ત્વની નજરે તે ઉપયુક્ત ગણાય. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, પ્રતાપગંજ, વડોદરા-૨, પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ તથા સરસ્વતી પુસ્તકભંડાર, રતનપોળ, અમદાવાદ.

Bibliography of Stageable Plays in Indian Languages Part 1

નવી દિલ્હીના ભારતીય નાટ્ય સંઘ તથા વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ ભારતની જુદીજુદી ભાષામાં રચાએલ તખ્તાલાયક નાટકોની, તેના લેખકોની તથ તેમાં સમાવિષ્ટ કરાએલા વસ્તુતત્ત્વની સમગ્રપણે માહિતી ને માર્ગદર્શન પૂરું પાડતી આ સંદર્ભસૂચિ તૈયાર કરી છે. અતિ કઠિન એ પ્રયાસનો આ પહેલો ખંડ શ્રી ચન્દ્રવદન ચી મહેતાની રાહબરી નીચે વિવિધ વિદ્‌-જને તથા ગુજરાતના કેટલાક વિદ્યાર્થીઓના શ્રમ થી બહાર પડચો છે.

પ્રસ્તુત ગ્રંથમાં સંસ્કૃત, હિન્દી, તેલુગુ, ગુજરાતી, મરાઠી, કન્નડ, કાશ્મીરી અને ઉર્દૂ ભાષાસાહિત્યનાં નાટકોની સંદર્ભસૂચિ અપાઇ છે. બીજા ખંડમાં બાકીની ભાષાઓ વિષેની માહિતી આવશે. ગ્રંથમાં સમાવાએલી માહિતીઓ આ દેશમાં નાટ્યકળાના ક્રમિક વિકાસ પર સારો પ્રકાશ ફેંકે છે; ને સાથેસાથે કાળક્રમે એમાં થતા રહેલા ફેરફાર તથા નિરૂપણતત્ત્વની પુનર્રચના, ભારતના રીતરિવાજો, સામાજિક ને આર્થિક વ્યવસ્થા તથા બદલાતાં જીવનમૂલ્યોનો એક સળંગ-સૂત્ર ઇતિહાસ પણ આપણને એમાંથી મળી રહે છે. પ્રકાશક : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા તથા ભારતીય નાટચ સંઘ, નવી દિલ્હી વતી શ્રી ચંદ્રવદન ચી. મહેતા, મનુભાઈ મહેતા હૉલ, યુનિવર્સિટી રોડ, વડોદરા-૨.

શ્રી બાળકૃષ્ણ વ્યાસ (૭ રાણી મંઝિલ, સારંગપુર ગોલવાડ, અમદાવાદ-૧) તરફથી તેમનાં માતુશ્રીના સ્મરણાર્થે 'બાળકોના શ્રીમદ વલ્લભાચાર્ય' (જે મેસર્સ બાળગોવિંદ કુબેરદાસે ૩૦ ન.પૈસાની કિંમતે બહાર પાડયું છે તે) વૈષ્ણવ કુટુંબનાં બાળકોને અગર રસ ધરાવનારાઓને ભેટ આપવાની ઇચ્છા પ્રકટ કરવામાં આવી છે. અમદાવાદનાં બાળકોએ રૂબરૂ જઈને લઈ આવવું.

શબ્દકથા : વસંત · વાસર

આપણી કેટલીક મોસમ કે ઋતુનાં નામ પારદર્શક છે, કેટલીકનાં ધૂમસમાં વીંટાએલાં છે તો કેટલીકનાં ઘોર અંધકારમાં દટાએલાં છે. જેમાં પાણી 'વરસે' તે 'વર્ષા'. વરસાદના ચાર માસ તે 'ચાતુર્માસ', પ્રાકૃત 'ચાઉમ્માસ', આપણું 'ચોમાસું'. 'હિમ'ની ઋતુ, ઠંડી ઋતુ તે 'હેમન્ત'. પણ 'શરદ', 'શિશિર' ને 'ગ્રીષ્મ' એ નામોનાં મૂળ સ્પષ્ટ પકડાયાં નથી.

બાકીનાંમાંથી 'શિયાળો' તે તો 'શીતકાલ', પ્રાકૃત 'શીઅઆલ'; ને 'ઉનાળો' તે 'ઉષ્ણકાલ' પ્રાકૃત 'ઉન્હઆલ'. જૂની ગુજરાતીમાં 'વર્ષાકાલ' ઉપરથી થએલું રૂપ 'વરિસાલો' વપરાયું છે. તે જળવાયું હોત તો આપણને 'શિયાળો', 'ઉનાળો' ને 'વરસાળો' એમ પૂરો સંવાદ પ્રાપ્ત થાત!

છેવટ રહે છે 'વસત'. તેના મૂળમાં છે 'વસ્'='પ્રકાશવું' રંગેરૂપે પ્રકાશતી ઋતુ તે 'વસંત.'

'વસ્' ઉપરથી થએલો 'વસર' શબ્દ 'સવાર'ના અર્થમાં ઋગ્વેદમાં વપરાયો છે. વાયુદેવને 'વસર્હન્' કહ્યા છે. 'વસર્હન્' એટલે નિશાચરોને પ્રાતઃકાળે હણનાર'. 'વસર' ઉપરથી 'વાસર' શબ્દ મૂળમા 'સવારનુ' અને પછીથી 'દિવસ' ને 'અઠવાડિયાનો કોઈ દિવસ' (સોમવાસર=સોમવાર) એવા અર્થમા વપરાતો. 'વનર' (=વન) ઉપરથી 'વાનર' તેમ 'વસર્' ઉપરથી 'વાસર'. સૂર્ય 'વાસરમણિ'='દિનમણિ' કહેવાયો છે.

હરિવલ્લભ ભાયાણી

આ અંકમાંની જગજાણીતી નવલિકાના રશિયન લેખક નિકોલાઈ ગૉગૉલ

રશિયન સાહિત્યના મહાન કલ્પના-રંગી લેખકોમાં આદ્ય, નિકોલાઈ વાસીલિયેવિચ ગૉગૉલનો જન્મ પૉલ્ટાવા પ્રાંતના સૉરો ચિન્ત્સી મુકામે ૧૮૦૯ની ૩૧મી માર્ચે એક ગરીબાઈમાં આવી પડેલા ઉમરાવ કુટુંબમાં થયો હતો. નિઝ્હીનની જિમ્નૅશિયમ શાળામાં અભ્યાસ કરતો તે દરમિયાન તે 'સ્ટાર' (તારક) નામનું હસ્તલિખિત સામયિક ચલાવતો, ત્યારથી એની લેખનપ્રવૃત્તિ શરૂ થએલી. વીસ વર્ષની મહત્ત્વાકાંક્ષી વયે ૧૮૨૯માં તે રશિયાના પાટનગર સેન્ટપીટર્સબર્ગમાં જઇને રંગભૂમિમાં જોડાયો. ત્યાં નિષ્ફળ જતાં સરકારી કચેરીમાં એણે કારકુનની નોકરી લીધી; થોડો સમય યુનિવર્સિટીમાં ઇતિહાસનો વ્યાખ્યાતા બન્યો; પણ આખરે એ બધાથી કંટાળીને તથા આરોગ્ય સુધારવા માટે ૧૮૩૬માં તે યુરોપમાં ચાલ્યો ગયો અને મોટે ભાગે રોમમાં રહ્યો.

પણ એ પહેલાં એણે જે કૃતિઓ સર્જી તે દ્વારા તે માત્ર રશિયાના જ નહિ પણ જગતના સાહિત્યક્ષેત્રે વિજયી પ્રવેશ કરી ચૂક્યો હતો. 'ડિકાન્કા નજીકના એક ખેતરની સાંજ' નામનો એનો વાર્તાસંગ્રહ સેન્ટ પીટર્સબર્ગમાં પ્રગટ થયો ત્યારે એની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી. પણ એમાંની જીવંત મસ્તી, રમૂજ અને લોકકવિતાથી ભરેલી કથાઓ ચાલુ પ્રચલિત વાર્તાઓથી કાંઈક વિશેષ હતી. એમાં એક મધમાખી ઉછેરનારાને મુખે કહેવાએલી વાતમાં લોકકથાઓ, દંતકથાઓ, પ્રણાલિકાઓ અને રશિયાના મધુર જીવનનું કથાનક આલેખ્યું છે. ગૉગૉલની ખરી શક્તિ એના તીક્ષ્ણ કટાક્ષોભર્યા મુક્ત હાસ્યમાં છે. એ પછી લખાએલી 'મિર્ગોરોદની કથાઓ'માં આળસુ ને પરોપજીવી જમીનદારો તથા અમલદારોનું નૈતિક દેવાળું આલેખ્યું છે.

પણ પછી કલ્પનારંગી મટીને વાસ્તવવાદી બનેલા ગૉગૉલની જે સર્વોત્તમ કૃતિ સર્જાઈ, તે તો આ અંકમાં આપેલી 'ઓવરકોટ' નામની વાર્તા. યુરોપની બધી ભાષાઓમાં તે ઊતરી, એટલું જ નહિ પણ લગભગ દરેક દેશમાં તેની ફિલ્મ પણ ઊતરી છે. હળવી રમૂજ અને વ્યંગ સાથે અપાર અનુકંપાપૂર્વક આલેખાએલી એની વાસ્તવિકતાએ આધુનિક રશિયન સાહિત્યના માનવતાની ભાવનાવાળા સાહિત્યસર્જનનાં મૂળ નાખ્યાં.

અને ૧૮૩૫માં લખાએલું 'ઈન્સ્પેક્ટર જનરલ' નામનું તેનું નાટક તો જગપ્રસિદ્ધ બની ગયું. અમલદારવર્ગમાં પડેલો દંભ, અભિમાન અને લાંચરુશ્વતના સડાની તીક્ષ્ણ કટાક્ષભરી હાંસી ઉડાવતા આ હાસ્યજનક નાટકે ભારે ચકચાર જગાવી. પહેલી રાતે નાટ્યગૃહ ભરી દેનાર 'ભદ્ર' લોકોએ એમાં પોતાની જાતને પિછાની અને ગૉગૉલ માથે નિંદા અને કાયદેસર બદનામીના આક્ષેપોનો



વરસાદ વરસ્યો. પરંતુ સમાજના પ્રગતિશીલ લોકોએ તેને વધાવી લીધું. વિદ્યાર્થીઓએ તો એ નાટકનાં દૃશ્યોનાં દૃશ્યો મોઢે કર્યાં! ત્યારથી એ નાટક બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા, રૂમાનિયા, બલ્ગેરિયા, જર્મની, પોલાન્ડ, ભારત વગેરે દેશોમાં અનેક વાર ભજવાયું છે.

આ નાટક રજૂ કર્યા પછી તે વિદેશ ગયો ત્યાં લખેલી 'મૃતાત્માઓ' નામક તેની નવલકથા જગતની મહાનવલો પૈકી એક ગણાય છે. રશિયન જીવનના મહા જ્ઞાનકોશ રૂપ આ ઉત્તમ કલાકૃતિમાં ગૉગૉલે, મરી ચૂકેલા નોકરોનાં નામ પર સરકારને ઠગીને પૈસા પડાવતા જમીનદારોનાં પોકળ જે ખુલ્લાં પાડયાં છે તે જોમભર્યા હાસ્યથી ભરપૂર છે.

૧૮૪૬માં તે રોમથી પાછો સ્વદેશ આવ્યો અને ઈ. ૧૮૫૨ની ૩જી માર્ચે માત્ર ૪૩ વર્ષની નાની વયે મૉસ્કોમાં અવસાન પામ્યો.

તેમના વિચારોનો પરિચય સાધી શકે તે હેતુથી 'ઑલ મેન આર બ્રધર્સ' નામથી ગાંધીજીના વિવિધ વિષયો અંગેના વિચારોનો સમુચ્ચય અંગ્રેજીમાં પ્રકટ કરેલો, તેનો આ ગુજરાતી અનુવાદ પણ એટલો જ ઉપયોગી છે. (રૂ. ૩) ને એવી જ, શ્રી મીરાંબહેન સંકલિત ગાંધીજીના વિચારોને **ગાંધી વિચાર સાર**માં સંગ્રહિત કરતી લઘુ પુસ્તિકા પણ ઉપયોગી છે. (૪૦ ન.પૈ) એ ઉપરાંત ખોરાક અંગેના ગાંધીજીના વિચારોને **'આપણો ખોરાકનો પ્રશ્ન'** એ લઘુ પુસ્તકમાં સંકલિત કરવાનો શ્રી આર. કે. પ્રભુનો પ્રયાસ પણ આવકારપાત્ર છે. ૪૦ ન. પૈ.

ભાવિ સમાજરચનાની દિશામાં: ગાંધીજીના જીવનના અંતિમ પર્વનું નિરૂપણ પ્યારેલાલજીએ 'મહાત્મા ગાંધી–ધ લાસ્ટ ફેઈઝ' નામના બે દળદાર ગ્રંથોમાં કર્યું છે. એ મહાગ્રંથમાંનાં ૨૧, ૨૨ અને ૨૫ એ ત્રણ પ્રકરણો વડે આ પુસ્તક યોજ્યું છે, જેમાં ગાંધીજીની કલ્પનામુજબના સર્વોદયના પાયા પર રચાએલા નવા સમાજના ચિત્રની રૂપરેખા આપવામાં આવી છે. અત્યારે જ્યારે વિશાળ પાયા પરના આયોજન દ્વારા આપણા દેશના નવઘડતરનું મહાન કાર્ય ચાલી રહ્યું છે એ વખતે આ વિચારપ્રેરક પુસ્તક વાચકોને તેની યોગ્ય મૂલવણી કરવામાં માર્ગદર્શક થઈ પડશે. ગાંધીજીના અંતેવાસી શ્રી પ્યારેલાલજીના ભાષાવૈભવને છોડયા સિવાય શ્રી મણિભાઈ ભગવાનજી દેસાઇએ કરેલો આ અનુવાદ એક સુપથ્ય તેમજ બહુમૂલ્ય ગ્રંથ બની રહે છે. રૂ. ૪.

ગીતા અને કુરાન: માત્ર બુદ્ધિને સંતોષવાની ઈચ્છા સાથે નહિ. પરંતુ મનુષ્ય સત્યનું આચરણ કરવાની શક્તિ કેળવે એ હેતુથી મૂળ પંડિત સુંદરલાલે હિંદીમાં લખેલા પુસ્તકનો શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટે કરેલો ગુજરાતી અનુવાદ. રૂ. ૩.

ગાંધીબાપુ: ગાંધીજીને આપણી વચ્ચેથી ચાલ્યા ગયે દોઢ દાયકો વીતી ગયો છે અને નવી પેઢી માટે ગાંધીબાપુનું જીવન અને આપણી સ્વતંત્રતાની લડત ઇતિહાસ જેવાં બની ગયાં છે તેવે વખતે એક મા પોતાના બાળકને ગાંધીબાપુની વાત કહેતી હોય તેવી શૈલીમાં લખાએલી આ વાર્તાઓમાં ગાંધીજીનું જીવન, તેમના જીવનના સિદ્ધાંતો, ને સાથે સાથે આપણા દેશની સ્વતંત્રતાનો ઇતિહાસ બેગમ કુદસિયા જૈદીના 'ગાંધીબાબા' નામના હિંદી પુસ્તકમાં સરળ રીતે વણી લેવાયો છે. તેનું શ્રી જિતેન્દ્ર ઠા. દેસાઇએ કરેલું ગુજરાતી રૂપાંતર રૂ. ૧–૫૦.

ખાદી શા માટે?: ગાંધીજીના રાષ્ટ્રીય પુનર્નિર્માણના કાર્યક્રમનું એક અગત્યનું અંગ તેમની હાથકાંતણ અને હાથવણાટની પ્રવૃત્તિ હતું. તેમાં તેમને આપણા આર્થિક સાંસ્કૃતિક અને સામાજિક ઉદ્ધારનાં દર્શન થતાં હતાં. એટલે રાજકીય ઉપરાત એ મહત્ત્વનાં કારણોસર ગાંધીજીએ ખાદીની પ્રવૃત્તિ શરૂ કરી ને ક્રમે ક્રમે એમાં મહત્ત્વના તબક્કાઓ ઉમેરી એનો વિકાસ સાધતા ગયા. ઈ. ૧૯૧૮ થી ઈ. ૧૯૪૮ના ત્રીસ વર્ષના ગાળા દરમિયાન આ અંગે એમણે વ્યક્ત કરેલા વિચારો–લેખિત કે વ્યાખ્યાનરૂપમાં–નો આ સંગ્રહ પહેલાં 'ઇકૉનૉમિક્સ ઑવ ખાદી' નામે બહાર પડેલો. એ પરથી સ્વ. ભારતન્ કુમારપ્પાએ 'ખાદી વ્હાય ઍન્ડ હાઉ' નામે સંપાદન બહાર પાડયું. એ પુસ્તકનો આ અનુવાદ અંશતઃ રૂપે શ્રી કિલબિલબહેન દેસાઇએ કર્યો છે. રૂ. ૩.

સાંકેતિક લિપિઓ-૨] . . . . . કૌટિલીયં . . . . . [સુશીલા આર. પટેલ

ગયા અંકમાં 'અંકપલ્લવી' નામની સાંકેતિક લિપિ આપી હતી. આ વખતે 'કૌટિલીયં' નામની બીજી લિપિ જોઇએ.

ચાણક્ય નામથી પ્રખ્યાત, કૌટિલ્ય નામના જે મહાન રાજનીતિજ્ઞ આજથી ૨૩૦૦ વર્ષ પહેલાં થઇ ગયા તેમણે 'અર્થશાસ્ત્ર' નામનો રાજનીતિનો શ્રેષ્ઠ ગ્રંથ લખ્યો છે. એ ઉપરાંત રાજનીતિનાં સૂત્રો ધરાવતો 'ચાણક્ય સૂત્રાણિ' નામનો એમનો ગ્રંથ પણ છે.

આ શ્રેષ્ઠ રાજનીતિજ્ઞે નંદ વંશને ઉથલાવી પાડીને ચંદ્રગુપ્ત મૌર્યને ભારતનો સમ્રાટ બનાવ્યો હતો એ જાણીતું છે.

મોટા રાજ્યના રક્ષણ માટે તથા પરદેશી રાજ્યોની ગુપ્ત હકીકતો મેળવવા માટે દેશવિદેશમાં ગુપ્તચરો મોકલવા પડે છે. તેઓ જે માહિતી મોકલે તે સાંકેતિક લિપિમાં જ લખવાની જરૂર હોય છે. કૌટિલ્યે એવી સાંકેતિક લિપિ નક્કી કરી તે કૌટિલીયં નામથી ઓળખાય છે. જેનું સૂત્ર કૌટિલ્યે નીચે મુજબ બતાવ્યું છે:

'દ'થી અનુક્રમે 'ક્ષ' સુધીના વ્યંજનો લખો; અને પછી તેની નીચે જ ક્રમસર 'ક' થી 'થ' સુધીના લખો. એ બંનેને ઉલટાવીને લખવાથી ગુપ્ત સાંકેતિક લિપિ તૈયાર થશે. જુઓ નીચેનો કોઠો:

દ	ધ	ન	પ	ફ	બ	ભ	મ	ય	ર	લ	વ	શ	ષ	સ	હ	ક્ષ
ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	થ

સ્વરો પણ ઉલટાવવાના છે. તેનો નિયમ એ છે કે હ્રસ્વ સ્વરને બદલે દીર્ઘ અને દીર્ઘના બદલે હ્રસ્વ લખવા; અનુનાસિકને બદલે વિસર્ગ ને વિસર્ગને બદલે અનુનાસિક લખવો. નીચે મુજબ:

અ ઇ ઉ એ ઓ અં

આ ઈ ઊ ઐ ઔ અઃ


આમાં જણાશે કે મૂળાક્ષરોના વ્યંજનોના બરાબર અરધા ભાગ કરી બીજા વિભાગને પહેલો મૂકયો છે અને તેની નીચે 'ક'થી શરૂ કરી ક્રમાનુસાર અક્ષરો મૂકયા છે. જ્યારે બીજો, ચોથો, છઠ્ઠો, એમ બેકી સ્વરને એકી નીચે મૂકયા છે.

હવે ઉદાહરણો લઇએ.

આ લિપિમાં 'કૌટિલીયં' શબ્દ લખવો હોય તો 'દોલીટિઝઃ' લખાય; કેમકે 'ક'ના બદલે 'દ' 'ઔ'ના બદલે 'ઓ' સ્વર, 'ટ'ના બદલે 'લ' હ્રસ્વ 'ઇ'ના બદલે દીર્ઘ 'ઇ' લખવાની છે. એ જ રીતે 'લ'ના બદલે 'ટ' દીર્ઘ ઇના બદલે હ્રસ્વ 'ઇ', યના બદલે 'ઝ' તથા અનુસ્વારને બદલે વિસર્ગ આવે છે.

આ રીતે ગમે તે લખાણ આ સાંકેતિક લિપિમાં લખી શકાશે. દા.ત. 'સુશીલા' શબ્દ કૌટિલીયં લિપિમાં 'ણૂડિટ' થશે અને 'કુમાર' 'દૂજઞા' થશે.

ગુપ્તચરો ઉપરાંત પ્રેમીઓ પ્રેમપત્રો લખવામાં પણ આવી લિપિ વાપરતા. કામી લોકો આવી લિપિ શીખતા હોવાનું 'કામસૂત્ર' ગ્રંથની ટીકામાં સૂચન છે.



દુનિયાનો એક વિકૃત નકશો

આ ઉપરના મોટા નકશામાંની દેશોની આકૃતિઓ, નીચલા ડાબા ખૂણામાંના વાસ્તવિક નકશામાંની આકૃતિઓ કરતાં જુદી અને વિચિત્ર લાગે છે; તેનું કારણ એ છે કે એ મોટા નકશાનું આલેખન, એ પ્રત્યેક દેશની ભૂમિના પ્રમાણ મુજબ નહિ પણ તેની વસ્તીના પ્રમાણ અનુસારનું છે. દાખલા તરીકે કૅનેડા અને ઑસ્ટ્રેલિયાના દેશો વિસ્તારમાં ઘણા મોટા છે, છતાં તેમની વસ્તી બહુ જૂજ હોવાથી તેનાં કદ એ વસ્તીના પ્રમાણમાં અત્યંત નાનાં દર્શાવ્યાં છે. બીજી બાજુ યુનાઈટેડ કિંગડમ, ભારત, ઈન્ડોનેશિયા અને જાપાનનાં કદ ત્યાંની ગીચ વસ્તી અનુસાર વાસ્તવિક કરતાં ઘણાં મોટાં દર્શાવ્યાં છે. ભારત વગેરે દેશોના ભાગ ઓછા-વધુ ઘેરા બતાવ્યા છે તે, એ દેશોની વસ્તી જે અપૂરતો ને યોગ્ય પોષણ વિનાનો ખોરાક પામે છે તેનું પ્રમાણ દર્શાવે છે.

('સનડે ટાઈમ્સ'માં આવેલા નકશા ઉપરથી)

વસ્તીવધારો


દુનિયા આગળ પડેલો

અન્ન અછત

એક ગંભીર પ્રશ્ન

ભૂખભરડો

અને તેનું નિવારણ



અમેરિકન શહેરી અને ભારતના કામદારના રોજિંદા ખોરાકની સરખામણી કરી આપતો આલેખ

દુનિયાની વસતિ આજે લગભગ ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ (ત્રણ અબજ) જેટલી છે. માનવજાત પોતાની હસ્તીના આરંભથી માંડી આજ ૨,૦૦,૦૦૦–બે લાખ–વર્ષને અંતે આ સંખ્યાએ પહોંચીછે. પણ વૃદ્ધિનો આ વેગ જો આવો ને આવો જ જળવાઈ રહે તો આવતાં ૩૫ થી ૪૦ વર્ષમાં તો એ સંખ્યા બમણી થઈ જશે! ઘડિયાળના પ્રત્યેક ટકટકાટ સાથે દુનિયામાં એક વધુ મોં ખોરાક માટે ઊઘડે છે—જગતમાં રોજ ૧,૨૭,૦૦૦ જેટલા જન્મ થાય છે! અને એ દરેકને ખોરાક આપવાની દુનિયાની જવાબદારી સતત વધતી જ રહે છે.

ભૂખ્યા કે અર્ધભૂખ્યા લોકોની એ લંગારનો માત્ર એક જ ટંકનો આહાર (કેવળ દૂધનો એક પ્યાલો, એક રોટી, અને પ્રોટીન પૂરતી માછલીનો ખોરાક એટલું જ) ગણીએ અને એને એક હારમાં મૂકીએ તો ૩૦ માઈલ લાંબી હાર થાય! એક વરસને અંતે એ હાર બ્રિટનથી ન્યૂ ઝીલૅન્ડ જેટલા અંતરે પહોંચે. દૂધના એ એક જ પ્યાલા માટે ૩૫ લાખ વધુ ગાય જોઇએ, એ એક જ રોટી માટે માઇલોના વિસ્તારવાળું ખેતર જોઇએ, ને એ માછલીઓ પકડવા સારુ વહાણોનો જંગી કાફલો જોઇએ! એક જ દિવસમાં રોજ જન્મતા એ લોકોને પ્રત્યેક આવતી કાલે ખવડાવવા માટે આટલી વ્યવસ્થા કરવી જોઇએ! અને જન્મનો એ આંકડો તો વણથંભ્યો આગળ વધતો જ જાય છે! બીજી તરફ વિજ્ઞાનની શોધોના આશીર્વાદથી સુધરતી જતી દુનિયાના કેટલાક ભાગમાં મરણ પ્રમાણ પણ ઘણું ઘટી રહ્યું છે.

આ બધાંને પરિણામે અમુક દેશો બાદ કરતાં દુનિયાનો ઘણો મોટો ભાગ—ખાસ કરીને પૂર્વના લગભગ બધા જ દેશોની પ્રજા પેટ પૂરતો ખોરાક પણ નથી પામતી. અને માત્ર પેટ ભરવાની જ આ વાત નથી. આજે એમના ખોરાકમાં કસ પણ નથી. એ ખોરાકમાંથી શક્તિ મેળવવા માટે પૂરતી ગરમી મળતી નથી, રોગ સામે ટકવાની તાકાત મળતી નથી, શરીરની મરામત થતી રહે તથા શરીરનાં રાસાયણિક તત્ત્વોમાં પૂર્તિ થતી રહે એવો કોઈ પદાર્થ મળતો નથી. આ બધી પ્રજા 'ખાય' છે, પણ 'પોષાતી' નથી.

હૈયું બેસી જાય એવો આ પ્રશ્ન હોવા છતાં એનો ઉકેલ અશક્ય નથી. આપણી આ હાલત કાંઈ કુદરતી કોપ રૂપે આવેલા દુષ્કાળમાંથી સરજાતી નથી, પણ કુદરતે આપણને જે જમીન પાણી ને એવી અન્ય સવલતો આપી છે તેનો, તથા શ્રમ અને બુદ્ધિનો પૂરતો લાભ આપણે લઈ નથી શકતા તેમાંથી સરજાઈ છે.

બીજી બાજુ ઉત્તર અમેરિકા જેવા દેશો પાસે, ભારત જેવા દેશના ૪૮,૦૦,૦૦,૦૦૦ (અડતાલીસ કરોડ) લોકોને આખું વરસ ચાલે એટલું અનાજ સંઘરામાં પડ્યું છે! અથવા બીજા શબ્દોમાં કહીએ તો સમગ્ર એશિયાની વસતિને ત્રણ વર્ષ સુધી રોજની ૨૦૦ કૅલેરી વધારાની આપી શકાય એટલો એ ભંડાર છે. ભાવની સપાટી જાળવી રાખવા માટે ત્યાંની સરકારો સામા પૈસા આપીને પણ એ વધારાના ઉત્પાદનને કોઠારોમાં પૂરી દે છે.

આજે જોકે રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેના સુધરતા અને વધતા જતા સંબંધોને કારણે જરૂરિયાતવાળા દેશો આ અનાજ ખરીદીને, શરતી યા બિનશરતી સહાયના રૂપે લાવીને પોતાની પ્રજાને આપે છે; પણ આ સાચો ઉકેલ નથી. કોઈ પણ સ્વમાની પ્રજા આવું પરાવલંબન હમેશ માટે નિભાવી શકે નહિ. એણે તો પોતાના જ દેશમાં પ્રાપ્ય એ બધી જ સવલતોનો લાભ લઈ આ પ્રશ્ન પોતે જ હલ કરવો જોઇએ.

હમણાં જગતમાં જે 'ભૂખનિવારણ સપ્તાહ'નું આયોજન થયું હતું તેનો પણ આવો જ ઉદ્દેશ છે. આહાર 'આપવાનો' નહિ, આહાર 'ઉત્પન્ન કરવાનો' એનો ઉદ્દેશ છે; લોકો પોતે પોતાની જાતને સહાય કરતા થાય એમાં મદદરૂપ બનવાનો એનો હેતુ છે; આ પરિસ્થિતિની જડ અને એના ઉપાય તરફ સૌનું લક્ષ દોરવાની એની નેમ છે. એને સારુ જમીનની નીપજ વધારવી જોઇએ, એ માટે જરૂરી સિંચાઈની વ્યવસ્થા કરવી જોઈએ, ખાતરનાં કારખાનાં સ્થાપવાં જોઇએ, ખેતીના ઉત્પાદનની યોગ્ય સ્થાને હેરફેર કરવા માટે સારા રસ્તા અને સાધનો વધારવાં જોઇએ, ઘર-આંગણે કુટુંબ પૂરતાં શાકભાજી વાવી લેવા તરફ લક્ષ આપવું જોઇએ, શાળાનાં બાળકો પાસે જ મહેનત કરાવી એમને બપોરના નાસ્તા જેટલી પેદાશ કરતાં કરવાં જોઇએ. ખોરાકનાં મૂલ્યોનું સાચું શિક્ષણ અને રાંધવાની સાચી પદ્ધતિ પણ શીખવવી જોઇએ.

જરૂરિયાતવાળા દેશની સરકાર અને પ્રજાના પ્રત્યેક વર્ગના સહકારની આમાં જરૂર છે. અને એ સંદેશ આમ વર્ગ સુધી પહોંચાડવા માટે ટપાલ-ટિકિટનો પણ ઉપયોગ થયો છે. 'ભૂખનિવારણ'નો પ્રચાર કરતાં ટચૂકડાં પોસ્ટરો જેવી એ ટિકિટો એટલા માટે જ દરેક દેશે બહાર પાડી છે, (જુઓ એપ્રિલ અંક તથા આ અંક) જેમાંની અમુક ટકા કમાણી ઉપલા ઉદ્દેશોને પાર પાડવામાં પૂર્તિ રૂપે વપરાશે.

બધી જ રીતે આગવો એવો ઉચ્ચ પ્રદેશ

લદાખ



પુરુષ સમોવડી હોવા છતાં લદાખી સ્ત્રીઓ પોતાનું આગવું ક્ષેત્ર ભૂલી નથી.

ઘરકામની બધી જવાબદારીઓ ઉપરાંત સ્વેટર ને મોજાં ગૂંથવામાં તેઓ નિપુણ છે.

એ નામ આજે કોઇથી અજાણ્યું નથી. કાશ્મીરની એ વઝારત (જિલ્લો) દુનિયાના ઊંચામાં ઊંચા પ્રદેશોમાંનો એક પ્રદેશ છે. લા-દવાગસ, માર્યુલ, ખુ ચુન-પા વગેરે નામે પણ એ ઓળખાય છે.

ભૂમિપ્રદેશ

એની વિશિષ્ટતા એની ભૌતિક રચના છે: અગ્નિથી વાયવ્ય દિશામાં સમાંતર વિસ્તરેલી કારાકોરમ અને હિમાલયની ગિરિમાળાઓ, જેમાં પશ્ચિમથી પૂર્વ તરફ આવતાં હિમાલય, ઝાસ્કર, લદાખ, સુસ્તાગ અને કયુન લૂનની ગિરિમાળાઓ મુખ્ય છે. સમુદ્રની સપાટીથી ૯૦૦૦ થી ૧૪૦૦૦ ફૂટ જેટલે ઊંચે* આવેલા લદાખના આ મધ્ય પ્રદેશને ભેદતી ઉપર્યુક્ત ગિરિમાળાઓમાંથી પસાર થતી સિંધુ નદીનો ખીણ-પ્રદેશ એ અહીંનો વધુ વસ્તીવાળો અગત્યનો ભાગ કહી શકાય. નુબ્રા અને શ્યોક નામે બે બીજી નદીઓ પણ આ પ્રદેશમાંથી વહે છે, જે આગળ જતાં સિંધુમાં સમાઈ જાય છે.

લદાખનો દક્ષિણનો રૂપશુ પ્રદેશ સરોવરોવાળો છે. જેમાં મોરારી નામે સૌથી વિશાળ સરોવર છે. આમતોગર, સારીઘ જિલ્ગાનંગ, સ્પાન્ગુર, પૅંગૉગ વગેરે મોટાં સરોવરો છે. એમાં યે પૅંગૉગ તો હવે બહુ પરિચિત નામ બની ગયું છે. એ ૪૦ માઈલ લાંબું, ૩ થી ૪ માઈલ પહોળું ને વધુમાં વધુ ૧૫૦ ફૂટ ઊંડું એવું વિશાળ સરોવર છે. સ્પાન્ગુર પણ ૧૬ માઇલ લાંબું ને ત્રણ માઇલ પહોળું છે, અને એના નામના લદાખી અર્થ મુજબ ખરેખર અતિશય કડવા પાણીનું સરોવર છે. જોકે એક કાળે ત્યાં મીઠું પાણી હશે એવી એંધાણીઓ સાંપડે છે. આ સરોવરોમાં જિલ્ગાનંગ સિવાય બાકીનાં બધાંનાં પાણી ખારાં છે.

લિન્ગઝિયાંગ અને અક્સાઈ ચીન નામે ઓળખાતો પૂર્વ તરફનો પ્રદેશ ૧૭ થી ૧૮ હજાર ફૂટની ઊંચાઈએ આવલો વેરાન પ્રદેશ છે. એક કાળે એ કોઇ વિશાળ સરોવરનો તટપ્રદેશ હશે એમ જણાય છે. આજે પણ ત્યાં આમગોતર અને એક બીજું, એમ બે વિશાળ જળાશયો છે જે જુલાઈ માસમાં અનુક્રમે ૧૬ અને ૬૦ ચોરસ માઇલનો વિસ્તાર રોકે છે, પણ એપ્રિલ ને મે માસમાં જ્યારે બરફ ઓગળ્યો હોય ત્યારે ઘણાં વિશાળ બની જાય છે. આ પ્રદેશમાં સૂસવાટા મારતા વાયરા જોરથી ફુંકાય છે, તો રાતે હવા પણ થંભી જાય છે. બીજી બાજુ ચાંગ ચેન્મોની ખીણ પાનખરમાં વિશાળ ચરાણભૂમિ બની રહે છે.



હવામાન


લદાખનું હવામાન સૂકું અને તંદુરસ્ત છે. વરસાદ તદ્દન ઓછો, પણ કોરી હિમવર્ષા તો અવારનવાર થયા જ કરતી હોય, ને કયારેક તો બહુ ભારે પડે. વીજળી ને મેઘગર્જનાનો અનુભવ અહીં ન મળે. હવામાં ભેજ તદ્દન ઓછો. પણ ઠંડી-ગરમીનો તફાવત ઘણો જ મોટો. તડકામાં કોઈ ખડક તપ્યો હોય તો ત્યાં હાથ મુકાઇ જતાં ઝાળ ઊઠે, જ્યારે એની બીજી બાજુ છાંયામાં એકદમ ઠંડોગાર! માણસ પોતે પણ પણ એક બાજુ ગરમીથી અકળાઇ જાય જ્યારે બીજી તરફ ઠંડીથી ઠૂંઠવાઈ જતો હોય. આ એક અજબ અનુભવ છે.

પણ આ હવામાનથી અહીંની પ્રજા ટેવાઈ ગએલી છે. અહીંનાં પશુઓ પણ એનાથી ટેવાએલાં છે. મિ. નાઈટ એના એક ગ્રંથ (વ્હેર થ્રી એમ્પાયર્સ મીટ)માં નોંધે છે કે 'માત્ર માણસ જ નહિ, પણ પ્રાણી પણ બધાં અહીં ઠીંગણાં છે. જ્યારે ઊંચા પર્વતોમાંનાં વનપશુઓ ગંજાવર કદનાં છે.' ૧૭ હજાર ફૂટની ઊંચાઇએ પણ અહીં જંગલી ગધેડાં, હરણાં વગેરે જોવા મળે છે. ૧૯ હજાર ફૂટની ઊંચાઈએ બરફનિવાસી સુંદર દીપડો, સસલાની એક જાત વગેરે નજરે પડે છે. 'સ્કિન'કે 'સાકિન' નામે પહાડી બકરાનું તો અહીં ઘણું માન છે. બૌદ્ધ ધર્મનો અહીં પ્રસાર થયો એ પહેલાં કોઈ પશુપૂજક સંપદાયનું અહીં ચલણ હતુ. આવું પશુપૂજન જોકે પ્રત્યેક પ્રજામાં એના વિકાસની શરૂઆતમાં જોવા મળે જ છે. લદાખમાં આ સંપ્રદાય પાછળથી 'બૉન' ધર્મ નામે વિકાસ પામ્યો. એમા આ સાકિન મુખ્ય ધર્મપ્રતિક હતું. પાછળથી કુશાન અમલમાં અહીં પ્રસરેલા બૌદ્ધ ધર્મના ચૈત્યો અને સ્તૂપો ઉપર પણ એ જોવા મળે છે. લદાખના લોકો એને બુદ્ધનો એક અવતાર માને છે. એમના પડોશી અને બૌદ્ધ ધર્મના જ અનુયાયી તિબેટવાસી આ માન્યતાને સ્વીકારતા નથી.

પક્ષીસૃષ્ટિ

હમણાં જ્યારે લદાખમાં લડાઈ ચાલતી હતી ત્યારે ત્યાં ગએલા રૉઇટરનો એક ખબરપત્રી પીટર જૅક્સન લખે છે કે, 'ડિસેમ્બરની ૧૫મી તારીખે હું લેહ પહોચ્યો. લેહની રકાબી આકારની ખીણ સમુદ્રની સપાટીથી ૧૧ થી ૧૧ાા હજાર ફીટ ઊંચી છે. દિવસે પણ પાણી થીજી જાય એવી ઠંડી હતી અને રાતે તો શૂન્ય નીચે ૧૦ ડિગ્રી સેન્ટીગ્રેડ સુધી ઉષ્ણતામાન ઊતરી જતું હતું. આવી ઠંડીમાં પણ ગામની

* ગુજરાતનો સૌથી ઊંચો ડુંગર ગિરનાર ૩૬૦૦ ફૂટ ઊંચો છે, એ હકીકત ઉપરથી આ પ્રદેશની ઊંચાઇનો કંઇક અંદાજ મળી શકશે.



દિવસ આખો પોતાનાં ઘેટાંબકરાં ચારીને સાંજે ઘર પાછી ફરતી લેહની એક સ્ત્રી. લદ્દાખનાં આ પ્રાણીઓની ઊન ઘણી સુંવાળી ને મુલાયમ હોઇ જગવિખ્યાત પશ્મિના બનાવવામાં એનો ઉપયોગ થાય છે. ઊન ઉતારીને લદ્દાખીઓ તે શ્રીનગરમાં વેચે છે. એની સફાઈ ને કંતામણ પણ શ્રીનગરમાં જ થાય છે. ચિત્રમાં લદ્દાખના સ્વચ્છ તેજસ્વી વાતાવરણ અને ત્યાંના ભૂમિસૌંદર્યની ઝાંખી જોવા મળે છે.

આસપાસ થરથરા ઊડતા હતા અને ખોરાક મેળવતા હતા. ચકલી, તુર્કસ્તાની કબૂતર ને મોટા કાળા કાગડા ઘણા હતા. એવા ઠંડા આકાશમાં બે જાતનાં ગીધ પણ ઊડતાં જોયાં; રડ્યાખડ્યા તિબેટી કાગડા પણ હતા. સફેદા અને વિલોનાં ઝાડનાં ઠૂંઠાંમાં કાશ્મીરી ટિટ્સ જોયાં. વાડની ચકલી ને એક સુંદર થરથરો પણ જોયો.' આ વિગત પરથી ત્યાંની પક્ષીસૃષ્ટિનો ખયાલ આવે છે.

પીટર હજી આગળ નોંધે છે: 'સિંધુ નદી થીજી ગઈ હતી. તેના કાંઠે જીપમાં હું ૧૪૦ માઇલ ગયો. લેહથી ૩૦ માઈલ દૂર સિંધુ એક ૫૦ માઈલ લાંબા સાંકડા કોતરમાં વહે છે. તેના પટમાં એક ઠેકાણે ગરમ પાણીનો ઝરો છે, માત્ર ત્યાં સિંધુનો પ્રવાહ જામ્યો ન હતો. ત્યાં સ્વચ્છ પાણીમાં મેં એક જલમુરઘી જોઇ!

એ કોતર પછી એક ખુલ્લા વેરાન મેદાનમાં ઊઘડે છે. એ મેદાનની આસપાસ ૨૦ હજાર ફીટથી પણ ઊંચા પહાડો છે. ખુદ નદીની ખીણ પણ ૧૫૦૦૦ ફીટ ઊંચે છે. અહીં એક મરેલા પ્રાણીને એક વિશાળ પંખી ફાડી ખાતું હતું. એ સોનેરી ગરૂડ લાગ્યું.

લશ્કરી છાવણીઓની આસપાસ પહાડી કાળા કાગડા એંઠ માટે ભટકતા હતા. સૌથી વધુ સંખ્યામાં તો બે જાતનાં ચંડુલ હતાં.'

પીટરની આ નોંધ પરથી એ વિસ્તારનો કંઇક ખયાલ મળે છે. કાશ્મીરી પશ્મિનાની સુંવાળી મુલાયમ ઊન અહીંથી જ આવે છે.


પાટનગર

લદ્દાખનું પાટનગર લેહ સિંધુ નદીની નજીક છે. અહીંથી ઝાસ્કર પર્વતમાળામાં ૧.,૩૦૦ ફીટની ઊંચાઇએ આવેલા ઝોઝી લા (લા=ઘાટ) માં થઇને શ્રીજગર જવાનો માર્ગ છે. એ ઝોઝી-લાને પાકિસ્તાનના હાથમાંથી બચાવવા ભારતીય સૈન્યે જે પરાક્રમ કર્યાં હતાં તેનો જોટો લશ્કરી તવારીખમાં ભાગ્યે જ મળશે. લેહની વેધશાળા એશિયાભરની ઊંચી વેધશાળા છે. સિંધુનો પ્રદેશ અહીં આટલી ઊંચાઇએ ઘણું સ્વચ્છ હવામાન ધરાવે છે, અને જેમ શિયાળામાં અહીં બહુ ઠંડી પડે છે તેમ ઉનાળામાં અતિશય ગરમી પડે છે. નહિનહિ તો ૬૦ અંશનો ફેર જોવા મળે છે! લેહનું સરેરાશ વાર્ષિક ઉષ્ણતામાન ૯૦ અંશ સેન્ટીગ્રેડ છે, ઓછામાં ઓછું શૂન્યથી યે નીચે ૧૭ અંશ.

લેહની આસપાસની ધરતીમાં સોનું છે તે વૈજ્ઞાનિક રીતે કાઢવામાં આવે તો પુષ્કળ પ્રમાણમાં નીકળે તેમ છે. બીજી પણ ખનિજસમૃદ્ધિ અહીં છે, પણ વ્યવહારમાર્ગોના અભાવે એનો લાભ લઈ શકાતો નથી.

અહીંની ભૂમિ રેતાળ હોઇ સારી પેઠે ખાતર માગે છે તથા સિંચાઈ વિના કંઈ જ પાકતું નથી. ઘઉં, જવ, વટાણા વગેરે અહીંની ખેતીની પેદાશ છે. થોડાંક ફળ અને લાકડાં તો સિંધુના પટ નજીકનાં નીચાણનાં ગામડાંઓમાં જ જોવા મળે. લાકડાંમાં તો સફેદા અને વિલ્લો એ બે જ વૃક્ષો, ને તે પણ અપૂરતી સંખ્યામાં છે. આમ અનેક મુસીબતોથી ખોરાક પેદા થઈ શકતો હોવાથી જ કદાચ લદ્દાખીઓમાં ખાવાની બાબતમાં ભાવ-અભાવ જેવું જોવા નથી મળતું.

લદ્દાખમાં સિંધવ પણ થાય છે. ટંકણખાર પણ વરસે દોઢેક હજાર મણ જેટલો બનાવાતો, પણ એથી રાજ્યને કંઇ ખાસ આવક થતી નહિ. અગાઉ ગંધક, સુરોખાર ને લોખંડ પણ લેહનાં કારખાનાંઓમાં તૈયાર કરવાના પ્રયત્નો થયા છે, પરંતુ બળતણની હાડમારીને કારણે





દરિયાની સપાટીથી ૯૦૦૦ થી ૧૪૦૦૦ ફૂટ ઊંચે ખડકાળ અને વેરાન એવી લદ્દાખની ભૂમિમાં પાણીની સગવડ મળે ત્યાં લોકોએ વસવાટ કર્યો છે. કુદરત સામે ટકી રહેવા માટે એમને જે આકરી જહેમત લેવી પડે છે એનાથી એ પ્રજા ઘણી જ ખડતલ ને સહનશીલ બની છે. અને એટલે જ તો ૧૯૪૭માં પાકિસ્તાની અને '૬૨માં ચીની હુમલાઓ સામે તેઓએ, સ્ત્રીઓ અને પુરુષો બંનેએ બહાદુરીથી સામના કર્યા છે. ઉપર પહેલા ચિત્રમાં લદ્દાખની રાજધાની લેહનું એક દશ્ય છે. જમણી બાજુનું ચિત્ર ત્યાંનાં મકાનોની બાંધણી દર્શાવે છે. ચિત્રના આગલા ભાગમાં 'ચોરતન' છે. કોઈ મોટા લામાઓની એ સમાધિઓ છે. એમાં ધાર્મિક ગ્રંથો રાખવાનો પણ રિવાજ છે.

એ બહુ નભ્યા નહિ. લદ્દાખને યારકંદ, મધ્ય એશિયા, કાશ્મીર વગેરે સાથે વ્યાપારી સંબંધો હતા. અનાજ, જરદાલુ, તમાકુ અને ખાસ તો ટટ્ટુઓ એ એમની મોટી આયાતની વસ્તુઓ છે.

જનસમાજ

લદ્દાખની વસતિ સામ્પા, લદ્દાખી, બાલ્ટી અને ગિલ્ગીટમાંની ડાર્દ જાતિઓની બનેલી છે. ગણ્યાગાંઠ્યા ઈસ્લામધર્મી સિવાયના સૌ બૌદ્ધધર્મી છે અને લગભગ દરેક ગામમાં એકાદ બૌદ્ધ મઠ–'ગોમ્પા' છે જ. આ 'ગોમ્પા'નું લદ્દાખી સમાજમાં ઘણું મહત્ત્વ છે. ગામના સૌથી ઊંચા સ્થાને એ હોય છે. એના પ્રવેશ પાસે પ્રાર્થનાચક્રો હોય છે, જે ઘણી વાર પાણીનો પ્રવાહ વાળીને ફેરવાય છે. સામાન્યતઃ દરેક મોટા કુટુંબમાંથી એક પુત્ર અહીં લામા તરીકે મોકલાય જ છે. ગોમ્પાના અધિપતિ લામાનું વર્ચસ્વ ખૂબ હોય છે. મઠની જમીનની આવક-જાવક સંભાળવા ઉપરાંત તેઓ આસપાસનાં ગામમાં નાણાં ઉછીનાં આપે છે, અનાજની આપલે કરે છે, અને પ્રવાસીઓ માટે સારી સગવડ કરી આપનારા ને ગ્રામજનોને સદા સહાયક હોય છે. લગભગ છઠ્ઠા ભાગની વસતિ આ ધાર્મિક સ્થાનકોમાં સમાઈ ગએલી છે.

લોકો મજબૂત, સુગઠિત, ગંદા પણ આનંદી અને શાંત સ્વભાવના. જવમાંથી બનાવેલો દારૂ 'ચાંગ' જો પીધો હોય તો કદાચ થોડી ચડભડ જોવા મળે; બાકી ક્યાંય ઝઘડો થાય નહિ. બહુ જ સાચી પ્રજા. અદાલતમાં જવું પડે તો બંને પક્ષ તદ્દન સાચી હકીકત કહી દે ને જે ન્યાય મળે એને માન્ય રાખે.

ઝગડા હોય તો એ પણ ઝાડ અંગે કે એકના ખેતરમાંથી બીજો થોડું ખાતર ચોરી ગયો હોય કે એવા! આપણા 'ભદ્ર' સમાજ જેવી ખટપટો ને બુદ્ધિયુક્ત કાવાદાવાઓ એમનામાં નથી. અને આ કારણે ત્યાં પોલીસનું દળ રાખવાની પણ જરૂર રહેતી નથી. (ચીનને એટલે તો ફાવટ મળી ગઈ હતી.) લેહના ગઢમાં રાજ્યની એકાદ નાની ટુકડી રહેતી. એ ગઢ પણ માટીની દીવાલોવાળા બંધ રહેઠાણ જેવો જ ગણાય. ચોકીદારોનું કામ પણ મુખ્યત્વે લેહમાંથી પસાર થતી વેપારી હેરફેર પર ધ્યાન રાખવાનું જ રહેતું.

વસતીનો મોટો ભાગ ખેતી કરે છે; અને જાતે કારીગર પણ ખરા જ. કામ કરતી વખતે સ્ત્રી અને પુરુષ ગાતાં રહે છે. અતિશય કરવા પડતા શ્રમને હળવો કરવાના પ્રયત્નમાંથી જ આ ખાસિયત વિકસી હશે. સ્ત્રીઓનું વર્ચસ્વ પણ સારું. બહુપતિત્વની પ્રથા પણ એમનામાં છે.

જવ તેમનો મુખ્ય ખોરાક છે. એનો જાડો રોટલો બનાવી છાશ સાથે ખાય છે. પુરુષો જાડા ગરમ ઝભ્ભા (કોટ) ને માથે ગરદન–કાન ઢંકાઈ રહે એવી ઘેટાના ચામડાની ટોપી તથા પગમાં ઘેટાના ચામડાના તળિયાવાળા જોડા પહેરે છે અને એને કાપડના રંગીન ટુકડાઓ બાંધી શણગારે છે. તેઓ હમેશાં ચપ્પુ, ચા અને તમાકુની કોથળી તથા લોખંડની નળી વગેરે પોતાના કમરપટામાં સાથે જ રાખીને ફરે છે. એમના રખડુ જેવા જીવનમાં એ અત્યંત ઉપયોગી હોય છે.

સ્ત્રીઓ ઘૂંટણથીયે નીચે સુધી પહોંચે એવું અનેકરંગી ગરમ જાકીટ જેવું વસ્ત્ર પહેરે છે. એની ઉપર, ઊનના અસ્તરવાળું ઘેટાનું ચામડું ઓઢે છે, જે છાતી આગળ લોખંડ કે પિત્તળની પિનથી બંધ કરી દે છે. માથું ઉઘાડું ને એમાં સેંથી પાડી ચોટલો ગૂંથે છે જેને ઊનનાં ફૂમતાં કે કોડીથી શણગારે છે. વાળ સાથે બાંધેલા અર્ધગોળાકાર ગરમ કટકાથી તેઓ કાન ઢાંકેલા રાખે છે. આ કટકાની અંદરની બાજુએ ઊન ભરેલું હોય છે ને બહારની બાજુએ ભરતકામ કરેલું હોય છે.

સંખ્યા વધારે

દસ્તાવેજી સામગ્રીઓ તથા પૂરતાં સંશોધનોને અભાવે, કારાકોરમ અને હિમાલયની ગોદમાં છુપાએલા આ દુર્ગમ પ્રદેશનો સિલસિલાબંધ ઇતિહાસ મળતો નથી, છતાં જે કંઈ માહિતીઓ પ્રાપ્ત છે એ પરથી જણાય છે કે સૌપ્રથમ લદ્દાખ, મુખ્યત્વે પશ્ચિમ તિબેટના વિશાળ પ્રદેશ સાથેનું એક સ્વતંત્ર રાજ્ય હતું. દસમી સદીમાં કૌટુંબિક ભાગલા પડ્યા અને એ સાથે તિબેટમાંનો ઘણોખરો પ્રદેશ પણ ગયો.

પોતાના સમગ્ર ઇતિહાસમાં લદ્દાખીઓ શાંત પ્રજા તરીકે જ રહ્યા છે. આસપાસના પ્રદેશો જીતવાના પ્રયત્નોથી તેઓ હમેશાં દૂર રહ્યા છે. એનાં કેટલાંક કારણો પણ છે. પ્રથમ તો તેમનો વસતિવધારો ઘણો જ મર્યાદિત રહેતો આવ્યો છે, એટલે લશ્કર ઊભું કરવાનું એમને કોઈ રીતે પરવડે નહિ. બીજું, ફળદ્રુપ પ્રદેશની અછત પણ આ પ્રદેશને હમેશ ગરીબ જ રાખતી આવી છે. પોતાના સમૃદ્ધિકાળમાં પણ લદ્દાખીઓને રાજ્યવિસ્તાર કરવો પોસાય એવી સ્થિતિ તો નથી જ આવી. કદાચ એટલે જ આ શાંત પ્રજાને અહિંસક બૌદ્ધ ધર્મ ઘણો જ અનુકૂળ થઈ ગયો છે. એક મત એવો છે કે લડાખમાં બૌદ્ધધર્મનું આગમન તિબેટ તરફથી થયું છે, પણ હકીકતે એ કાશ્મીર તરફથી પ્રવેશ્યો છે. લદ્દાખી પ્રજામાં જોવા મળતાં તિબેટી તત્ત્વો તો ૧૦મી ને ૧૧મી સદીમાં આવ્યાં છે. તિબેટના લામાઓની અસર ચોતરફ પ્રસરી એ પહેલાંનાં બ્રાહ્મી લિપિમાં લખાએલાં ધાર્મિક લખાણો લદ્દાખમાંથી મળી આવ્યાં છે. ખાલાત્સે પાસેથી મળેલાં આવાં લખાણો ઈ.સ. પૂર્વે બીજીથી ત્રીજી સદીનાં છે. ભારત સાથેનો લદ્દાખનો ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધ આમ અતિ પુરાણો સાબિત થાય છે.

ઇતિહાસ

લદ્દાખના ઇતિહાસમાં ચીનનો એક જ ઉલ્લેખ મળે છે. ઈ.સ. ૭૪૭માં કાઓ હસ્યાં-ચિહે કરેલા એ હુમલામાં એણે બાલ્ટિસ્તાન, ગિલગીટ ને તિબેટના પ્રદેશો પણ દબાવ્યા હતા. પણ એનો આ અમલ બહુ ટકી શકયો નહોતો. ઈસ્વીસનની લગભગ બીજી સદીમાં અહીં કુશાન રાજ્યનો અમલ હતો. બીજા પરદેશીઓ પણ ચડી આવતા રહ્યા હતા. લડાખની આજની પ્રજામાં એ બધાંનું લોહી ભળેલું છે.

ઈ. સ. ૧૦૮૦થી ૧૧૧૦ લગભગ અહીં એક 'ઉત્પલ' નામક પ્રતાપી રાજા થઈ ગયો. (એના નામનું આ સંસ્કૃત ઉચ્ચારણ ધ્યાનમાં લેવા જેવું છે). એણે પોતાનું રાજ્ય છેક કુલુની ખીણ સુધી વિસ્તાર્યું હતું. એની વાતો બહુધા લદ્દાખનાં લોકગીતોમાં સંકળાએલી છે. જ્યારે એના પૂર્વજોનો જે કંઈ ઇતિહાસ જળવાએલો છે એ તિબેટી ભાષામાં છે. પોતાને ગૌરવ અપાવવા તિબેટીઓએ લદ્દાખના રાજાઓને તિબેટી નામો આપ્યાંના અનેક ઉદાહરણો મળે છે.

એ પછીની છએક સદીમાં તિબેટનો લામાધર્મ અને તાંત્રિક સંપ્રદાય ઘણો પ્રસરેલો, જેની અસર લદ્દાખ પર પણ થઈ છે. બૌદ્ધ ધર્મ પહેલાં અહીં પશુપૂજનવાળો 'બૉન' ધર્મ પ્રચલિત હતો. એની અસર આજના ત્યાંના બૌદ્ધધર્મમાં હજી જોવા મળે છે, જે તિબેટમાં નથી મળતી. આ અસરો ભારતીય પ્રદેશોમાંથી જ આવી છે.

લદ્દાખમાં દેખાતી જરાતરા મુસ્લિમ અસર પંદરમી સદીમાં કાશ્ગરના સુલતાન સયીદખાનના સરદાર મિરઝા હૈદરે કરેલી ચડાઈ પછીની છે. આ ચડાઇનો ઉદ્દેશ માત્ર ધર્મપ્રચારનો જ હતો. એ મિરઝા હૈદરને લદ્દાખે સાડાત્રણ વર્ષ સુધી હંફાવ્યો ને આખરે એને પીછેહઠ કરાવી. અહીંના દુર્ગમ પહાડો અને કપરી હિમવર્ષાએ આ પ્રદેશને આમ અનેક વખત પરદેશીઓથી બચાવ્યો છે.

સત્તરમી સદીમાં તો લદ્દાખ ભારતની ઘણું નજીક આવ્યું. ઈ. ૧૬૮૩માં એને તિબેટ સાથે મોટી લડાઈ થઈ જેમાં લદ્દાખે મુઘલ રાજની સહાય લીધી હતી, પછી કાશ્મીરના ડોગરાઓએ ચડાઈ કરી ને ઈ. ૧૮૪૧માં ગુલાબસિંહના સરદાર જોરાવરસિંહે લદ્દાખને જમ્મુ-કાશ્મીરમાં ભેળવી દીધું. અને પછી આગળ પશ્ચિમ તિબેટ પર પણ ચડાઈ લઈ ગએલો ને ત્યાં એ માર્યો ગયો હતો. આ પછી તિબેટીઓએ ચીની સૈનિકોની મદદથી લેહ તરફ કૂચ આરંભી પણ તેમાં તેમને શિકસ્ત મળી. અંતે ઈ. ૧૮૪૨માં એક બાજુ કાશ્મીર અને લદ્દાખ તથા બીજી બાજુ તિબેટ અને ચીન વચ્ચે સુલેહ પર સહીઓ થઈ. આમ, કાશ્મીરનો ભાગ બનતાં પહેલાં લદ્દાખ એક સ્વતંત્ર રાજ્ય જ હતું અને એના પર તિબેટ, ચીન, કે મોંગોલનું રાજકીય વર્ચસ્વ હતું જ નહિ.

પણ આજે હવે ચીને આ પ્રદેશને ગળી જવાનો પેંતરો રચ્યો છે, કેમકે તે ભારત અને પશ્ચિમ પાકિસ્તાનના તટપ્રદેશો માટેનું શક્ય પ્રવેશદ્વાર છે. સદીઓથી સંસ્કૃતિના પ્રવાહો, વિજેતાઓનાં ધાડાં અને વેપારની વણજારો લદ્દાખમાંથી પસાર થતાં રહ્યાં છે. બૌદ્ધધર્મના ઉપદેશો લદ્દાખમાં થઇને જ પશ્ચિમ ચીનમાં ફેલાયા હતા. પેકિંગમાં સામ્યવાદી સરકાર આવ્યા પછી જ આ ભાગમાં ચીનની પ્રાદેશિક ભૂખ ઊઘડી છે. એનું પહેલું અને હિંમતપૂર્વક આક્રમણ લગભગ ૧૯૫૪ અને ૧૯૫૭ના ગાળામાં અકસાઇ ચીનમાંથી જતા મોટરમાર્ગના બાંધકામથી થયું. આ રસ્તો તિબેટને સિંકયાંગ પ્રાંતના કોઠારો, ઔદ્યોગિક કેન્દ્રો અને દારૂખાના સાથે જોડે છે. તિબેટ અને સિંકયાંગની જનતા—સામ્યવાદીઓથી અસંતુષ્ટ જનતા ઉપરના અંકુશ માટે આ માર્ગ ઘણો અગત્યનો છે. આ પછી ધીરેધીરે વધારે ભારતીય વિસ્તાર એણે કબજે કરવા માંડયો અને ગયા વર્ષના મે અને સપ્ટેમ્બર માસ દરમિયાન ૩૪ જગ્યાએ એણે લશ્કરી મથકો સ્થાપ્યાં. પોતાના પ્રાદેશિક દાવાઓને પ્રસ્થાપિત કરવા ચીને ગયા ઑક્ટોબરની ૨૦મી તારીખે લદ્દાખ પર આક્રમણ કર્યું ત્યાર પછીની તવારીખ તો સૌને વિદિત છે.

ગણિત-ગમ્મત

	૧	૨	૩	૪	૫	૬	૭	
ક	૫૭૮	૪૫૮	૩૪૮	૨૩૮	૨૮	૨૧૮	૧૨૮	ક
ખ	૫૭૫	૪૫૫	૩૪૫	૨૩૫	૨૫	૨૧૫	૧૨૫	ખ
ગ	૫૭૪	૪૫૪	૩૪૪	૨૩૪	૨૪	૨૧૪	૧૨૪	ગ
ઘ	૫૭૩	૪૫૩	૩૪૩	૨૩૩	૨૩	૨૧૩	૧૨૩	ઘ
ચ	૫૭૨	૪૫૨	૩૪૨	૨૩૨	૨૨	૨૧૨	૧૨૨	ચ
છ	૫૭૧	૪૫૧	૩૪૧	૨૩૧	૨૧	૨૧૧	૧૨૧	છ
જ	૫૭૦	૪૫૦	૩૪૦	૨૩૦	૨૦	૨૧૦	૧૨૦	જ
	૧	૨	૩	૪	૫	૬	૭	

'કુમાર'ના ૪૭૦મા અંકમાં ૪૯ આંકડાને સાત વર્તુળમાં સાત ત્રિજ્યાના ખાનામાં એવી રીતે ગોઠવી બતાવેલા કે દરેક ત્રિજ્યાના સીધા ખાનામાં અથવા પ્રત્યેક વર્તુલમાં આવતા સાતે આંકડાનો સરવાળો ૧૯૬૩ થતો હતો. હવે એ જ આંકડાને ઉપર પ્રમાણે સાત ઊભી અને સાત આડી હારમાં મળીને ૪૯ ખાનામાં ગોઠવીને જુદી જ રીતે ૧૯૬૩નો સરવાળો બનાવવામાં આવ્યો છે.

ઉપર દર્શાવેલી ૧ થી ૭ સુધીની સાત ઊભી અને ક થી જ સુધીની સાત આડી હારોમાંની પ્રત્યેક હારમાંથી માત્ર એક જ અંક ચૂંટવાની શરતે ગમે તે સાત આંકડા ચૂંટશો તો તેનો સરવાળો ૧૯૬૩ જ આવશે. દાખલા તરીકે પહેલો અંક ૫૭૮નો લઇએ તો તે ઊભી હાર '૧' અને આડી હાર 'ક'માં છે. માટે તે બે હારમાંથી બીજો એક પણ આંકડો ન લેવો. આ રીતે બીજો આંકડો ૪૫૫ લઇએ તે ઊભી હાર '૨'માં અને આડી હાર 'ખ'માં છે. હવે ઊભી હાર '૧' તથા '૨' અને આડી હાર 'ક' તથા 'ખ' સિવાયની બાકીની પાંચ હારમાંથી ગમે તે આડાઅવળા પણ પાંચ આંકડા ચૂંટો અને પછી સાતેનો સરવાળો કરો તો ૧૯૬૩ આવશે. આમ બીજી પણ અને રીતે આડાઅવળા આંકડા (ઉપલી શરત પાળીને) ચૂંટતાં દર વખતે સરવાળો ૧૯૬૩ જ આવવાનો.

(નાઇરોબી) —માધવજી નરસી દેવળિયા

નટવરલાલ માલવી ઔષધ

ત્રણ નાની શીશીમાં અરધો આયુર્વેદ

તે વખતે મારા ટેબલ પાસેના ગોખલામાં ત્રણ શીશીઓ પડી રહેતી. ત્રણેમાં એકેક દ્રવ્ય—દવા કહો તો દવા હતી. હું બધાને કહેતો, 'આ ગોખલામાં અરધો આયુર્વેદ પડેલો છે.' એક વાર કર્મધર્મ સંજોગે ત્રણ વૈદ્યો મારે ત્યાં જમવા આવ્યા. એ ત્રણને જમતાં જમતાં મેં કહ્યું: 'મારા એક ગોખલામાં મેં અરધો આયુર્વેદ રાખ્યો છે.'

જમી રહ્યા પછી પેલી ત્રણ શીશીઓ મેં એમને બતાવી. ત્રણેએ એકે મતે કહ્યું: 'તમારી વાત ખરી છે. આ ત્રણ દવાઓને અરધું વૈદક-શાસ્ત્ર ગણી લેવામાં હરકત નથી. આટલી ત્રણ ચીજ કોઈ ઘરમાં રાખે તો તેના અરધા રોગ તો એ વડે જાય. રોજરોજની નાની નાની તકલીફો એનાથી અવશ્ય દૂર થાય. કંઈ વધુ તોફાન હોય તો જ બીજે જવું પડે.'

એ ત્રણ દ્રવ્યો કયાં? એક શીશીમાં હતો મારેલો ઝેરકચૂરો, બીજીમાં હતી ચોસઠ પહોરી પીપર, ને ત્રીજીમાં પ્રવાલભસ્મ કે સાબર-શિંગ ભસ્મ. બસ આ ત્રણ મળીને થઇ ગયો, જાણે કે અરધો આયુર્વેદ!

ઝેરકચૂરો અદ્‌ભુત વસ્તુ છે. એ ઝેર પણ છે ને અમૃત પણ છે. માણસ માટે એ ઝેર છે-છે, ને નથી-નથી. રોગ માટે તો એ ઝેર છે જ. અમૃત છે તે, અલબત્ત, યોગ્ય માત્રામાં લીધાથી જ. વધારેપડતો લેવાઇ જાય તો તો ઝેરી અસર કરે જ.

'આર્યઔષધિ'ના કર્તા ડૉ. વીરજી ઝીણાભાઈ પોતે હતા તો ડૉક્ટર, છતાં એમણે પુસ્તક લખ્યું આયુર્વેદનું. એટલી તેમને તે પર શ્રદ્ધા હતી. એમણે લખ્યું છે: 'કેટલાકને ઝેરકોચલાની ફાકીનું બંધાણ હોય છે.'

આ 'ઝેરકોચલાની ફાકી'માં માત્ર ઝેરકોચલા સિવાય બીજું કશું જ હોતું નથી. મૂળ ઝેરકચૂરો ગૌમૂત્રમાં પલાળી રાખે એટલે તેની વધારાની જાલિમ અસર દૂર થઈ જાય છે. આવો 'શુદ્ધ કરેલો' ઝેરકચૂરો વિશ્વાસપાત્ર ફાર્મસીઓમાં પણ મળે છે. ચાર-છ આના આપી એકાદ તોલો આણ્યો એટલે મહિનો-માસ તો મોજથી ચાલે. વાપરવાનો તે માત્ર એક ચણોઠીપૂર, બહુ તો બે ચણોઠીપૂર, ને સાથે બે તોલા દૂધ પી જવાનું. બસ ઘણાખરા રોગ સામે આ તમારી ઢાલ થઈ ગઈ.

'ડાકતરસાહેબ, ગૅસ બહુ થાય છે. કૈ પણ ખાઉં કે ગૅસ થઈ જાય છે. તેનું કંઈ અંદર દવામાં નાખજો. આ ગૅસથી તો હેરાન થઇ ગયા!'

થાય જ ને હેરાન! બારે માસ ઠંડાં શરબત ને પીણાં, સવાર-બપોર-સાંજનો, ટાઢ તડકાનો ખયાલ રાખ્યા વગર દીધે રાખે. રાત્રે આઈસક્રીમ ખાય. શિયાળામાં યે આઈસક્રીમ. લગનની મિજલસોમાં ઠંડો કોકો લહેજતથી ઉડાવે. બહાર વરસાદ વરસતો હોય ત્યારે પણ એ ગટગટાવે, ને પછી ગૅસ બહુ થાય છે એવી ફરિયાદ કરે. ધન્ય છે!

સત્તર-અઢાર વરસ પર એક દશકો એવી ભૂલ મેં કરેલી. પારસી લગનની મિજલસ હતી. ડિસેમ્બરનો મહિનો. ટાઢ સારી હતી. વાદળ પણ ખરાં. ઠંડો કોકો આવ્યો ને વાતમાં ને વાતમાં પી ગયો. બસ, ખલાસ! મળસ્કે સાડા ત્રણેક વાગ્યે ખોંખોં ખોંખોં શરૂ થયું જાગી ગયો ને વિચારમાં પડચો: આ ખોંખોં આવ્યું ક્યાંથી? બેએક મિનિટ ખોંખોં થયા કર્યું ત્યાં પેલો કોકો સાંભર્યો: 'હં, આ તો પેલો હરામખોર છે!' માળ પર સૂતેલો ત્યાંથી નીચે ઊતર્યો, ને એક ગોખલામાં 'ચાહનું તેલ' શીશીમાં રાખેલું હતું તે છાતી પર ચોળી દીધું. બધી શરદી એ ગરમગરમ ચાહ-તેલે બાળી નાખી. શિયાળામાં ઠંડો કોકો ખરેખર ઝેર લેખાય. એ ઝેરી ચીજનું મારણ મારે બીજા ઝેરથી કરવું પડચું.

આપણે ઝેરકચૂરાની વાત કરતા હતા. એને સકારણ અમૃત કહ્યો છે. હોમીઓપથીના એક મહાન સંશોધક ડૉ. બારિકનું કથન છે: 'If you do not know what to give, give Nuxvomica' આ ઉતારો જે ડૉ. નારાયણચંદ્ર ઘોષના પુસ્તકમાંથી ઉતાર્યો છે તે ડૉ. ઘોષ પણ લખે છે: 'રોજબરોજની ખાવાપીવાની ચીજોમાં જે સ્થાન નિમકનું છે, બરાબર એ જ સ્થાન હોમીઓપથી વૈદકમાં નકસવૉમિકાનું છે.' ઍલોપાથ ડૉ. વીરજી ઝીણાનું લખાણ લાંબું છે, પણ આયુર્વેદની દૃષ્ટિએ તેણે લગભગ આવું જ લખેલું છે. ડૉ. નારાયણ-ચંદ્ર લખે છે: 'આ દવાથી માનવ કાયાની લગભગ એક તૃતીયાંશ બીમારીઓ મટી જાય છે.' અને લગભગ આજ મતલબનું વાકચ આયુ-ર્વેદના કોઈક ગ્રંથમાં વાંચ્યું છે—ક્યાં તે હાલ યાદ નથી. પરંતુ તાવ, અજીર્ણ, મંદાગ્નિ, કબજિયાત, શરદી, અશક્તિ, પૌરુષી અશક્તિ, માન-સિક થાક આદિ એટલા બધા રોગોમાં એ કામ કરે છે કે દર અઠવાડિયે એકાદ વાર એની એક માત્રા (ડોઝ) લેવાનું રાખ્યું હોય તો રોગ-પ્રતિબંધક તરીકે બહુ સારું કામ આપે એમાં શંકા નથી. મેં એનો ઠીક-ઠીક ઉપયોગ જાતે કરી જોયો છે ને બીજા ઘણાઓને તે આપ્યું છે.

આજે ઘરમાં બામ કે કોલનવૉટર રાખવાની પ્રથા છે, તેમ આ મારેલો ઝેરકચૂરો એકાદ બે તોલા રાખી મૂકચો હોય તો ઘણાંખરાં સામાન્ય દરદોમાં તે કામ આપી રહેશે, દોડાદોડી બચાવશે. હા, એટલું સાચવવું પડે, બહુ જ ધ્યાન રાખીને, કે વધારે માત્રામાં લેવું કે આપવું નહિ; બાકી વિદ્યાર્થીઓ, માનસિક કામ કરનારા, પ્રોફેસરો ને બેઠાડુ માનવીઓ માટે ઝેરકચૂરો અવારનવાર લેતા રહેવાની મારી તો ભલા-મણ છે. શરીરના ઘણા નાનાનાના દોષોનું એ મારણ બને છે. સ્વાદે અત્યંત કડવું છે, ને એ કડવાશ જ શરીરમાંના રોગજંતુઓનો નાશ કરવાનું કામ કરે છે; એટલું જ નહિ પણ બહારથી આવતા એવા રોગ-જંતુઓનો હુમલો મારી હઠાવે છે.

પચીસેક વરસની એક બાઈ મુંબાઇમાં વીલેપારલે રહેતી હતી—આજે ય રહે છે. તેણે મારી આગળ કબજિયાતની ફરિયાદ કરી, મેં આ 'સર્વરોગ નાશક કાળી દવા'નું પડીકું બાંધી આપ્યું અને સવાર-સાંજ દૂધ સાથે એકેક રતી લેવાની સૂચના આપી. આઠદશ દહાડે બાઇનો અતિ ખુશાલીભર્યો કાગળ આવ્યો કે તમે જે કાળી દવા આપી તેનાથી મને તો બહુ મજા પડી ગઈ છે અને કોઠો ઠેકાણે આવી ગયો છે. બીજી વાર મુંબાઈથી સૂરત આવી ત્યારે મળવા આવી તે વેળા મેં એને દવાનું નામ બતાવી દીધું કે 'તારે હવે જ્યારે જોઇએ ત્યારે મુંબાઈ-માંથી જ મેળવી લે તે ઠીક પડશે. અને બને તો, ધ્યાન રાખીને બીજા-ઓને પણ આપજે, ને પછીથી નામ બતાવજે.' આ કિસ્સો લખવાનું કારણ એ કે મુખ્યત્વે આ દવા પુરુષોની ગણાય છે, સ્ત્રીઓને આપવામાં વપરાતી નથી. છતાં સાવચેતીપૂર્વક ઓછી માત્રામાં સ્ત્રીઓ પણ તેનો અવારનવાર ઉપયોગ કરે તો મને લાગે છે કે તેમને નુકસાન કરે નહિ. એટલું તો અવશ્ય ધ્યાનમાં રાખવું કે એ ઝેર તો છે જ, અને કદી પણ બે રતીથી વધારે લેવું નહિ જ અને દૂધની સાથે જ લેવું. જીર્ણ જ્વરમાં પણ તે કામ આપે છે; તેમ સામાન્ય રીતે પુષ્ટિકારક લેખાય છે. માન-સિક શક્તિને પણ તે સંકોરી આપે છે.

ચોસઠ પહોરી પીપર તો આયુર્વેદની અદ્ભુત શોધ રૂપ ખરેખરી રસાયન વસ્તુ છે. એનો પણ દર રવિવારે એકાદ ડોઝ લેવાનું રાખ્યું હોય તો પ્રતિબંધક રૂપે તે અજબ જેવું કામ આપશે. વાયુનાશનનો, ગરમાટો પેદા કરવાનો, ચકરી અંધારાં મટાડવાનો, ખાધેલું પચાવવાનો એમ ઘણા પ્રકારના ગુણ એમાં છે. એક બાઇને સુવાવડ પછી ચક્કર આવતાં હતાં. બીજી રીતે તબિયત સારી હતી, પણ ચાલતી વખતે કોઇકોઇવાર, દહાડામાં બેચાર વાર, ચક્કર આવી જાય. ચોસઠ પહોરી પીપર માખણ સાથે દહાડામાં એકેક વાર લેવાથી એક જ સપ્તાહમાં તેનો આ રોગ મટી ગયો હતો, એ વાત મારા જાતઅનુભવની છે. મુસીબત એક જ છે કે ખરેખર ને પૂરેપૂરા ચોસઠ પહોર ઘૂંટાએલી પીપર મળે ખરી કે કેમ? ઘરે તો એ બનાવી લેવાનું શક્ય નહિ. ફાર્મસીઓ ચૌષષ્ડી પિપ્પલિ કહે તે ખરેખર ચોસઠપહોરી હોતી નથી. લડાઈ પૂર્વે કેટલીક ફાર્મસી છ કે આઠ આને તોલો વેચતી ને તેને ચોસઠપહોરીનું લેબલ ચોંટાડતી, પણ તે વાત માનવામાં શી રીતે આવે? પરવડે જ નહિ. એકાદ શાણી ફાર્મસી 'અષ્ટપહરી' કહીને આપે છે, તે વાત ગળે ઊતરે ખરી. ખરેખરી ચોસઠપહોરી ૪-૬ રૂપિયે તોલાથી ઓછે ભાવે વેચી શકાય નહિ. તે ફક્ત ½ તોલો ઘરમાં રાખી હોય તો અડીઓપટીએ ઘણું સારું કામ આપી જાય. એની માત્રા ઘણી કમી હોય છે, એટલે ½ તોલો પણ લાંબું ચાલે.

જેમને બ્લડ પ્રેશરની 'ગરબડ' છે તેવાઓ અવારનવાર એ લેતા રહે તો તેમનો રોગશત્રુ સારી પેઠે કાબૂમાં રહેશે. જ્યાં બીજી મોંઘી દવાઓ કામ નહિ આપે ત્યાં ફક્ત આ એકલી ચોસઠપહોરી ચાર છ આના જોગી વાપરવાથી જ ઘણું ઉમદા કામ આપે છે.

માણસજાતનો સૌથી મહાન શત્રુ શરદી છે. એમાંથી જ હજાર જાતના રોગ જન્મે છે. પણ એ શરદીને છેટી ને છેટી રાખી મૂકવા માટે આ ચોસઠ પહોરી સારામાં સારો 'હાઉ' છે; કેમકે ચોસઠ પહોર સુધી ઘૂંટયા કરવાથી તેની તાકાત ખૂબ જ વધી જાય છે. 'મર્દનમ ગુણવર્ધનમ્'. એ સિદ્ધાંતનો અમલ તો ઘેરેઘેર, રોજ, દરેક ગૃહિણી કરે છે—કણકને ગૂંદતી વેળા. કણક જેમ વધારે ગૂંદાય તેમ રોટલી વધારે મીઠી ને મુલાયમ થાય; ને મારું માનવું છે કે પચે પણ વધારે જલદીથી.

ઉપલાં બે દ્રવ્યો કાષ્ઠરૂપ છે, વનસ્પતિજ પદાર્થ છે. ત્રીજો પદાર્થ સાબરસિંગ ભસ્મ હોય તો તે પ્રાણિજ લેખાય, અને પ્રવાળભસ્મ હોય તો તે પણ પ્રાણિજ જ લેખવી પડે. પ્રવાળ કોઈ ધાતુ નથી, પરંતુ જીવડાંનું હાડપિંજર છે. એ રીતે આ બંને હાડ-પદાર્થ તત્ત્વતઃ પોતે નક્કર હોઇ શરીરની નક્કરતામાં વૃદ્ધિ કરી જ શકે, ને કરે છે. આગલા બે પદાર્થ નરમ લેખી શકાય, ને તત્કાળ પચી જાય. આ પદાર્થ સખત લેખવો પડે, પચતાં સહેજ વાર લાગે. પણ સરવાળે તાકાતમાં સારી વૃદ્ધિ કરી આપે, શરીરમાં નક્કરપણું ઉમેરે. કોઈ પણ માંદગી પછીની અશક્તિમાં આ બેમાંથી કોઈ પણ વાપર્યાથી સારો જવાબ દેશે. વગર માંદગીએ પણ શિયાળામાં લીધાથી—દર શિયાળે લીધાથી આખું વરસ રક્ષણ આપવામાં સહાયભૂત થશે.

સાબરસિંગનો અનેક અનુપાનો સાથેનો અનુભવ કર્યો નથી, પણ પ્રવાળ તો સાતેક જાતનાં અનુપાનથી વાપરી શકાય છે. એ લગભગ બધાં જ અનુપાનનો મેં મારા પંડ પર જ (આર્યભિષક ગ્રંથાનુસાર) અખતરો કરી જોયો છે અને તેનો પ્રભાવ વૈદક ગ્રંથમાં લખ્યા મુજબ જ મને નજરે પડયો છે. બાકી તો શરીર રૂપ ધરતી પ્રત્યેક માનવીની જુદીજુદી જ છે, ને પ્રત્યેક ધરતી કોઇ પણ બીજારોપણને સહેજ હેરફેર જવાબ આપે એ સનાતન સત્ય છે.

ગમ્મતના ગોળા

એક અમેરિકને એક વાર અંગ્રેજ નવલનવેશ અને કવિ રડયાર્ડ કિપ્લિંગને લખ્યું: 'મેં સાંભળ્યું છે કે આપ આપનું સાહિત્ય એક શબ્દના એક ડૉલરના ભાવે વેચો છો. આ સાથે એક ડૉલર મોકલું છું, તો એકાદ નમૂનો મોકલશો.'

કિપ્લિંગે તેને લખી મોકલ્યું: 'આભાર.'

બે અઠવાડિયાં પછી પાછો પેલા અમેરિકનનો કિપ્લિંગ પર પત્ર આવ્યો. તેણે લખેલું: "આપનો 'આભાર' શબ્દ મેં બે ડૉલરમાં વેચી દીધો છે. આ સાથે ૪૫ સેન્ટની ટિકિટ બીડું છું, તે સોદાથી થએલા નફાનો અરધો ભાગ ગણી લેજો. પાંચ સેન્ટનું ટપાલ-ખર્ચ તેમાં આવી ગયું."

વકીલ અને વાળંદ

(અનુષ્ટુપ)

એકાદ ઘરને ઓટે, ડોસા વાળંદ આગળે
કરાવે ક્ષૌર દાઢીનું વર્ધમાન વકીલજી.

વકીલે કરતાં હાસ્ય, કીધું આમ કટાક્ષમાં:
"તને 'લા જબરો જાણું, તારી જોડ ન જોઇ મેં:
રાય ને રંક એલા તેં, મૂંડિયા કેટકેટલા!"

બોખલું મોં મલકાવી ડોસો વાળંદ બોલિયો,
"કરજો માફ, સાહેબ! ધંધાભાઈ તમે–અમે:
મૂંડું હું સવળે અસ્ત્રે, અવળે આપ મૂંડતા."

(નટવરલાલ પ્ર. બૂચ)

નવી કહેવતો

(સ્ત્રીસંહિતા)

આજની સ્ત્રીને પહેલો સાબુ, બીજો બાબુ, ને ત્રીજો ધણી પર કાબૂ.

કાં તો સાડી, કાં તો માડી, નહિ તો ચાલે આડી–એનું નામ લાડી.

સ્ત્રીની ત્રણ અવસ્થા: લાગણી, માગણી અને નાગણી.

લગ્ન પહેલાં 'સ્ત્રી' મૂગી હોય છે, લગ્ન પછી 'પુરુષ'.

પહેલાં બનાવે પતિ, પછી કરે જતિ, એનું નામ નટી.

નર્સ વિના ઑસ્પિટલ નહિ ને પર્સ વિના સ્ત્રી નહિ.

બાળહઠની દવા પીપરમેન્ટ, સ્ત્રીહઠની દવા સાડી.

('છોટમ')

'તમારે ત્રીસ ફૂટને અંતરેથી પિસ્તોલ વડે દ્વંદ્વ લડવાનું છે.'

'હા ત્રીસ ફૂટનો તો મને કંઈ વાંધો નથી, પણ હથિયાર તરીકે એટલે અંતરેથી તલવાર હું વધુ પસંદ કરું છું!'

બાઇ: આ ખાડીમાં કોઈ ગુમ તો નથી થયું ને?

હોડીવાળો: ના બાઈસાહેબ, ગયે અઠવાડિયે મારો ભાઈ ડૂબી ગયો હતો. પણ તેનું મડદું બીજે જ દિવસે મળી આવેલું.

નાટક કંપનીનો માલિક: આપણે કવિ કાલિદાસ પાસે એક નાટક લખાવીએ. એનાં નાટક બહુ વખણાય છે.

મદદનીશ: પણ એ તો મરી ગયા છે.

શેઠ: એમ? ક્યારે? એનો મંદવાડ પણ સાંભળ્યો નહોતો ને?

વ્યાખ્યા

'શિષ્ટ સાહિત્ય' એ કહેવાય, કે જેનાં વખાણ સૌ કોઇ કરે છે—પણ વાંચતું કોઇ નથી. (બર્નાર્ડ શૉ)



પચ્ચીસ વર્ષ પહેલાં — કુમાર

જેઠ ૧૯૯૪ અંક ૧૭૪

૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'ની સ્વાતંત્ર્ય-લડતમાં અમદાવાદમાં બૉમ્બ બનાવતાં ખતમ થઈ ગએલો પાણીદાર તરુણ ને આશાસ્પદ કવિ નંદલાલ જોષી કેવો કલમબાજ હતો તેની પ્રતીતિ આજથી પચ્ચીસ વર્ષ પર—અને તેના મૃત્યુ પૂર્વે ચાર વર્ષ પહેલાં 'કુમાર'માં પ્રકટ થએલો આ નાનકડો લેખ કરાવી રહે છે.

બાળપણમાં વાંચેલી ભૂગોળને મોટા થયા પછી નજરે જોવાના કોડ કોને ન થાય? એટલે એક વખત અમે, સૂરત સુધી આગગાડીમાં ને ત્યાંથી સાઈકલ પર, ડુમસ જોવા ઊપડયા.

પણ ડુમસના પ્રથમ દર્શને જ એના સૌંદર્ય માટે સેવેલાં સ્વપ્ન સરી ગયાં. અમે માનેલું કે વિસ્તીર્ણ ઊછળતા અરબી સમુદ્રનાં અગણિત મોજાંઓમાં ત્યાં તાપીનો ઘૂઘવતો પ્રવાહ લીન થતો હશે, ને નાળીએરીનાં ઊંચાં વૃક્ષોની લીલી છાયાવાળા એ સાગર-સરિતાના ભવ્ય સંગમ તટે કોઈ મનોહર ડુમસ વસેલું હશે. પણ શરૂમાં જ બેઠા ઘાટનાં વિષાદભર્યાં છાપરાંઓનું દૃશ્ય જોઈ અમે અવાક જ બની ગયા. અહીં તાપીને સાગર-મિલનમાં આનંદ નહોતો. અતિ થાકેલી, સંસારથી કંટાળેલી કોઈ નિરુત્સાહી સ્ત્રીની જેમ મંદ ગતિએ, કાળા કાંપને કાંઠા પર ઠાલવતી એ સમુદ્રજળમાં અલોપ થઈ જતી હતી.

કિનારા પર રેતી પણ નહિ ને ખડક પણ નહિ. એ બંનેને બદલે, અમારી સમુદ્રમિલનની આશાને પોતાનામાં જ સમાવી દેતો કાળો કાંપ! અને એ કાંપ પછીની સમુદ્રસ્થિતિ પણ દયાજનક અવદશાપૂર્ણ હતી. એનાં આછાં ને છીછરાં પાણી તરંગહીન હતાં. જાણે કોઈ ખાબોચિયાંનાં પાણીએ સાગરજળ બનવાનો ડોળ કર્યો હોય એવું લાગતું. એક બાજુથી તાપી જેવી ગુજરાતમાં ગંભીર ગણાતી સરિતા તેને મળતી હતી, ને બીજી તરફ અહીંથી થોડે દૂર આવેલા ભીમપોર નામના ગામ પાસે, ઘસાઈ આવતી એક મીનોરા નામની મુગ્ધ સરિતા તેને મળવા ધસતી હતી. સાગરની અનંતતામાં લીન થવા, તેમાં એકાત્મ થવા, આ પ્રૌઢા અને મુગ્ધા બંને આતુર હતી. પરંતુ ડુમસના દરિયાને કેમ જાણે બેમાંથી એકેની પણ પરવા ન હોય એમ દેખાતું હતું. તેનામાં મિલન માટેનો લેશમાત્ર ઉત્સાહ ન હતો. એના પ્રેમમાં કોઈ વિક્ષેપ પડયો હશે?

ના, પ્રેમમાં નાસિપાસ થએલા કોઇ પ્રેમીની નિરાશા ત્યાં ન હતી; પણ એકાએક રંકાવસ્થામાં આવી પડેલા કોઈ કરોડાધિપતિની હૃદયભગ્નતા, નિરાશા ને વિચારમય મનોદશા તેનામાં જણાતી હતી.

અને એને વિષાદ કેમ ન થાય? ભૂતકાળમાં કંઇ એ અત્યારે લાગે છે તેવો ક્ષુદ્ર ન હતો; એ પણ કોઈ કરોડાધિપતિ જ હતો. ગયા યુગની એ અતુલ સમૃદ્ધિભરી સ્થિતિને સંભારી એને શોક કેમ ન થાય?

એ યુગમાં કિનારાને છાડીને અને આટલો દૂર ઊભો રહીને એ રડતો ન હતો. એ કાળે તો એ ગૌરવભેર ગુર્જરીનું પાદપ્રક્ષાલન કરતો. પ્રતિદિન એ ભૂમિનાં ચરણો ઉપર ઉલ્લાસિત ઉરે જલાભિષેક કરતો. હિંદની સુવર્ણભરી સમૃદ્ધિમાં રાચીરાચી તોફાને ચડતા એના મત્ત તરંગો ગુજરાતના સાગરખેડુઓને—પોતાના સાહસિક સાથીદારોને દૂરની દુનિયાના કિનારાઓ સાથે સમૃદ્ધિ ને સંસ્કૃતિની આપલે કરવા આમંત્રણ આપતા ગર્જી રહેતા. એના એ આમંત્રણે શ્વેત સઢવાળાં સાગરસફરી વહાણો અનન્ત જળપટ ઉપર નાચી ઊઠતાં ને દૂરદૂર પૂર્વ આફ્રિકા, ઈરાન, અરબસ્તાન, ઇજિપ્ત ને જાવા—સુમાત્રાના કિનારા પર લાંગરતાં. હિંદની પુનિત સંસ્કૃતિ ને અણખૂટ સમૃદ્ધિની સુવાસ દૂરના દેશોમાં આ જ સમુદ્ર ગર્વભેર ફેલાવતો. મુઘલ શહેનશાહોના સ્વર્ગીય વૈભવની, દક્ષિણના મહારાજાઓની ઇંદ્રનગરીઓની, રત્નજડિત સુવર્ણસિંહાસનો મયૂરાસનો ને ઝવેરાતોની અલૌકિક વાતો દૂરદૂરના કિનારાના કાનમાં તે કહી આવતો; અહીંના મરીમસાલાની સોડમ, વૈવિધ્યભર્યાં ધાન્યની વિપુલતા, ઝીણામાં ઝીણા મલમલી કાપડની અકલ્પ્ય મનોહરતા વગેરેની ખ્યાતિ પ્રસરાવતો. હિમાલયનાં હિમશિખરોની પૃથ્વી ઉપરની શ્રેષ્ઠ ઊંચાઈ, સપ્તસિંધુપ્રદેશની ફલદ્રુપતા, ગંગા યમુના સિંધુ ને બ્રહ્મપુત્રાની ઉદારતા તથા તેમની પતિતપાવની મહત્તાની ગૌરવગાથાઓને અન્ય ખંડોને સંભળાવી એ રાચતો. હિંદભૂમિનાં રજકણોમાં ચમકતી કંચનકણિકાઓના, અહીંનાં પ્રકાશ પૃથ્વી વાયુ ને જળમાં અંતર્ગત થએલી અદ્‌ભુત જીવનસંજીવની શક્તિના ને આકાશમાં સ્વર્ગની કલ્પના કરનારાઓને ભૂમિપટે ઊતરેલા અહીંના સ્વર્ગના વાસ્તવિકતાના કલબોલ તે કહી આવતો.

આજે એ ગત ભૂતકાળના ચિંતનમાં ડૂબેલા ડુમસના આ જ કાંઠા ઉપર એક વખત દરિયાઈ કાફલાઓની અવિરામ ધમાલ રહેતી. એના સખ્યે સુરત ઉન્મત્ત લેખાતું ને સોનાની મૂરત કહેવાતું. આ જ ડુમસ, ભીમપોર ને હજીરાના કાંઠાના સાગરખેડુઓની એક વખત સારા યે અરબી સમુદ્ર પર હાક વાગતી. હજી ગઇકાલની જ વાત: ૧૯૧૪ના મહાયુદ્ધ સમયે અહીંના જે ટંડેલો ને સારંગોને અરબસ્તાનના કિનારા

આ હાથીને એક પારદર્શક કાગળ પર ઉતારી રદ્દી પોસ્ટકાર્ડ પર ચોડી દઇ તેની ચારે બાજુથી ઝીણી કાતર વડે સફાઇથી કાપી કાઢો. પછી ટપકાંવાળી લીટી આગળથી પગ નીચે વાળી દો, સૂંઢ ઊંચી ચડાવો અને કાન નીચા ઢાળી દો, એટલે જમીન પર ઊભો રહે તેવો હાથી બની જશે.



પર હિંદી (બ્રિટિશ) સરકારે મોકલ્યા હતા એ શૂરવીરોના પ્રાણસમર્પણનું એક સ્મારક અહીં ડુમસના રસ્તા પર ઊભું છે. મહાયુદ્ધમાં જીતાએલી એક જર્મન સ્ટીમરનું લોખંડનું જંગી લંગર, સરકારે સચીન રાજ્યને ભેટ આપી એ નામી વીરોના સ્મારક તરીકે અહીં ગોઠવેલું છે.

આજે એનામાં ગઈ કાલને નિર્ભેળ મુક્ત ઉલ્લાસ નથી. આજે એની પાસે તરંગો યે નથી ને તોફાન પણ નથી. એને બદલે આજે કરુણ મૂંગું રુદન એને હૈયે ઊભરાય છે. કેમ જાણે કંઈ કહેવાતું ન હોય ને સહેવાતું પણ ન હોય એવા ગંભીર શોકમાં એ ડૂબેલો છે.

આજે એના કાંઠે પૂર્વકાલીન ખ્યાતિધર વાણિજ્યકુશળ ગુજરાતી વહાણવટીઓને બદલે નિર્બળ માછીમાર ખારવાઓ જ રહે છે.



આ ને 'ગરવા ગુજરાતીઓ'ની નામાવલિમાં જેમનું નામ શોભી રહે એવા એક અમૂલ્ય—વૈદ્યરત્નનો શ્રી બાપાલાલભાઇએ કરાવેલો પરિચય પણ ત્યારે 'કુમારે' આપેલો :

જેમના અવસાનથી અનેક વિદ્યાર્થીઓએ શિષ્યવત્સલ ગુરુ, ગરીબ દરદીઓએ એક સદ્વૈદ્ય, ગુજરાતી વૈદ્યક સાહિત્યે એક અમૂલ્ય રત્ન અને વિદ્યાવ્યાસંગહીન ગુજરાતના ચિકિત્સક જગતે એક વિદ્યોપજીવી વૈદ્ય ગુમાવ્યો છે, એ અમૃતલાલભાઇનો જન્મ જામનગરમાં પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં વિ. સં. ૧૯૩૬ના શ્રાવણ વદિ ૭ને દિવસે થયો હતો. એમના પિતા પ્રાણશંકર પટ્ટણી, મહાત્મા ઝંડુ ભટ્ટજીની સ્થાપેલી પાઠશાળાના મુખ્ય આચાર્ય હતા. વાગ્ભટના 'અષ્ટાંગ હૃદય'નું ગુજરાતી ભાષાંતર એમણે કરેલું છે. પિતામહ પ્રેમશંકર પટ્ટણી ગગાભટ્ટના નામથી સુવિખ્યાત હતા. તે ઈશ્વરભક્ત હતા, સારા કવિ હતા અને ભાગવત રામાયણ તથા મહાભારતની કથા-સપ્તાહો ઘણી જ સરસ રીતે કરતા.

આવા ઈશ્વરપરાયણ કુટુંબમાં વિદ્વાન પિતા તથા અનેક સદ્‌ગુણાલંકૃતા માતાના સંસ્કારી વાતાવરણ વચ્ચે તેઓનું બાલપણ વીત્યું હતું. જામનગરમાં સાત વર્ષ સુધી મહામહોપાધ્યાય હાથીભાઇ શાસ્ત્રી ને નારાયણજી શાસ્ત્રીના હાથ નીચે વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય, દર્શનો વગેરેના અભ્યાસ બાદ ભરૂચ પાસે આવેલા ઝાડેશ્વર ગામમાં જ્યારે એક દેશી ઔષધાલય ખોલવામાં આવ્યું ત્યારે અમૃતલાલભાઈની નિમણૂક ત્યાં થઈ. મહાત્મા ઝંડુ ભટ્ટજી અને તેમના પુત્ર શ્રી શંકરપ્રસાદભાઈ પાસેથી તેમણે પ્રત્યક્ષ તેમજ શાસ્ત્રીય બન્ને જાતનું વૈદ્યકજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ઝાડેશ્વરમાં તે બાર વર્ષ રહ્યા. આયુર્વેદ તરફના અગાધ પ્રેમને લીધે જે અનન્ય નિષ્ઠાથી એની નિઃસ્વાર્થ સેવા તેમણે કરી છે તે વર્ણવવાનું આ સ્થળ નથી. ગરીબ દરદીઓને દૂધ પીવા માટે તે ગજવામાંથી પૈસા આપતા. સ્ત્રીઓનાં ગુપ્ત દરદો દેખી તે ગળગળા થઈ જતા, ને અપાર કરુણાથી સ્ત્રીઓનાં દરદોના ઉપાયો યોજતા. આમાંથી જ 'સ્ત્રીઓનો વૈદ્ય' (બે ભાગ) અને 'સ્ત્રી રોગ ચિકિત્સા' નામનાં અમૂલ્ય પુસ્તકો ગુજરાતને મળ્યાં છે.

ઝાડેશ્વરમાં ૧૨ વર્ષ ગાળી તે લીમડીના રાજવૈદ્ય તરીકે એક વર્ષ રહ્યા. આ અરસામાં પાટણમાં આયુર્વેદ મહાવિદ્યાલય ખૂલ્યું અને ડૉ. સુમંત મહેતાની નજર આ વિદ્વાન ઉપર ઠરી. એ સંસ્થાને આ મહાભાગની તપશ્ચર્યાએ જ આટલી પ્રતિષ્ઠા અર્પી છે.

પાટણમાં અતિ માનસિક શ્રમને લીધે તેમને મધુમેહ લાગુ પડયો, એટલે લીમડી ઠાકોર સાહેબના આગ્રહથી તેઓ લીમડી ગયા. ત્યાં એકના એક પુત્ર ગુણાઢ્યભાઈના સ્વર્ગવાસથી એમને સખત આઘાત થયો ને તેને જ પરિણામે ૫૮ વર્ષની ઉમરે તેઓ સંવત ૧૯૯૪ના કાર્તિક વદ અગિયારશને રોજ દેવલોક પામ્યા.

એમનામાં અભિજાત સંસ્કારિતા હતી છતાં અતડાપણું ન હતું; વિદ્યા હતી પરંતુ ગર્વ ન હતો; ભક્તિ હતી પરંતુ વેવલાપણું ન હતું; ધનવાન તેઓ ન હતા છતાં એમનામાં ઔદાર્ય હતું; વૈદ્ય તરીકેની ખ્યાતિ અજબ હતી છતાં તે કાયમના નિષ્કિંચન રહ્યા; આદર્શ ગુરુ હતા છતાં તે કાયમના વિદ્યાર્થી હતા; પ્રારબ્ધવાદી હતા છતાં પુરુષાર્થમાં માનતા; તત્ત્વજ્ઞાની હતા છતાં ભક્તિશાળી હતા; એમનામાં બુદ્ધિવૈભવ હતો છતાં શ્રદ્ધાની ઊણપ ન હતી; એ વક્તા ન હતા છતાં એમની વાણી પ્રેરણાથી પ્રકાશતી હતી; પુરાણપ્રિય હતા છતાં અર્વાચીન જ્ઞાનના જબરા ઉપાસક હતા.

આવા એક સંસ્કારમૂર્તિ વૈદ્ય અમૃતલાલભાઈના સ્વર્ગવાસથી ગુજરાત રંક બન્યું છે.

શતરંજ

કોયડા લેખક · સુરેશ મોદી


2. End Game Studies

રમતના અંતના તબક્કાને લગતા આ કોયડામાં એક પક્ષ (મોટે ભાગે તો સફેદ)ને રમવાનું અને જીતવાનું કે ડ્રૉ કરવાનું સૂચન હોય છે. એમાં ચાલ વિશે કોઈ બંધન હોતું નથી. સાધારણ રીતે આવા કોયડામાં કાળાની પરિસ્થિતિ દેખીતી રીતે સારી હોય તો સફેદને ડ્રૉ કરવાનું કે બન્નેની પરિસ્થિતિ સરખી હોય તો સફેદને જીતવાનું સૂચન હોય છે. તેમ કરવા માટે અમુક સુંદર વિચાર કે યુક્તિ કે કોઇ અણધારી સુંદર ચાલની જરૂર રહે છે.

આવા કોયડા ઘણી વખત ૧૦-૧૨ ચાલથી પણ વધુ લાંબા હોવાથી તે સમજવા અને તેનો પુરો આનંદ માણવા માટે રમતના અંતના તબક્કાનું થોડુંઘણું જ્ઞાન આવશ્યક રહે છે.

આપણે આવા ચાર કોયડા જોઇએ.

R. Reti



white to play and win

8/3k4/1K6/8/4BR2/4p3/4p3/8/

સફેદે રમવાનું અને જીતવાનું.

અહીં સફેદ પાસે ઊંટ અને હાથી છે. જ્યારે કાળા પાસે ફક્ત બે પ્યાદાં જ છે, પણ એક પ્યાદું સાતમી પંક્તિ ઉપર હોઈ તે વજીર થાય તો બાજી કાળાની તરફેણમાં ફેરવાઈ જાય. આમ છતાં અહીં સફેદ કેવી રીતે જીતે છે તે જોઇએ.

1 B–B5ch, K–Q3;

2 R–Q4ch, K–K2;

3 R–K4ch, K–Q1!

હવે સફેદ જો કાળાના પ્યાદા હજમ કરવા જાય તો 4 R×P, P–K8 (=Q).

5 R×Q Stalemate,—ડ્રૉ થઈ જાય તો હવે સફેદ શું રમે? માટે

4 B–Q7!! હવે કાળો 4...K×B રમે તો સફેદ 5 R×P, P–K8 (=Q); 6

R×Qથી જીતી શકે. કારણ કે Stalemate-નો ભય હવે રહેતો નથી.


4..., P–K8 (=Q); 5 B–N5!!!

હવે સફેદ 6 Q–K8 mateની ધમકી આપે છે તે અટકાવવા માટે કાળાએ વજીરનો ભોગ આપવો જ રહ્યો. પણ પછી સફેદ બીજું પ્યાદું મારીને સહેલાઇથી જીતી શકે.

આ કોયડામાં બે સુંદર વિચાર કહી શકાય; (૧) કાળો 3...K–Q1 રમીને Stalemate કરવાનો પ્રયત્ન કરે છે તે અને (૨) સફેદ 4 B–Q7 અને 5 B–N5 રમીને કાળા પાસે વજીર હોવા છતાં જે સ્થિતિ ઊભી કરે છે તે અજોડ છે. કાળો વજીર આખા ખુલ્લા બોર્ડમાં પણ કયાંયથી શેહ આપી શકતો નથી કે K1 ઉપર કાબૂ પણ મેળવી શકતો નથી!

રેતીએ ઘણા સુંદર કોયડા રચ્યા છે. તેમાંથી ઘણા આ કોયડાને શ્રેષ્ઠ ગણે છે.

Dr. E. Lasker



white to play and win

K7/2P4R/8/k7/16/2r4p/8

સફેદે રમવાનું અને જીતવાનું.

અહીં બન્ને પક્ષે સરખાં મહોરાં છે. બન્નેનાં પ્યાદાં સાતમી પંક્તિ ઉપર છે અને વજીર થઈ શકે તેમ છે, પણ બન્નેની પાછળ સામા પક્ષના હાથી છે. તે તેમને વજીર થતા અટકાવે છે. ફરક છે ફક્ત રાજાની સ્થિતિમાં. તેનો લાભ લઇને સફેદ કેમ જીતે છે તે જોઇએ.

1 K–N7.

હવે તે 2 P–B8 (=Q), R×Q, 3-K×R પછી 4 R×P અથવા 2 R×P, R×R; 3 P–B8(=Q)થી જીતવાની ધમકી આપે છે. માટે સફેદ રાજાને જે ખાના ઉપર પ્યાદું વજીર થાય તેમ હોય ત્યાંથી દૂર ખસેડવો જ રહ્યો.

1..., R–N7ch; 2 K–R7, R–QB7; હાથી પાછો પ્યાદાની ચોકી કરવા આવી ગયો.

3 R–R5ch, K–R5.

જો કાળો રાજા QN પંક્તિ ઉપર આવે તો સફેદ રાજાને N7 ઉપરથી હઠાવી શકાય નહિ માટે કાળા રાજાએ તો QR પંક્તિ ઉપર ફરવું જ રહ્યું.


4 K–N6, R–N7ch.

નહિ તો સફેદ 5 R×P, R×R (P–R8 (=Q)થી જીતી શકે. જો સફેદ રાજા પ્યાદાનું રક્ષણ ન કરતો હોય તો R×Pનો જવાબ R×P થાય અને બાજી ડ્રૉમાં જાય.

5 K–R6, R–QB7; 6 R–R4ch, K–R6; 7 K–N6, R–N7ch; 8 K–R5, R–QB7; 9 R–R3ch, K–R7; 10 R×P!

અત્યારે કાળો R×Pનો જવાબ R×P આપી શકે તેમ નથી કારણ કે તેમ કરતાં શેહ આવે, માટે હવે તેને 10 ..., R×R; રમ્યા વિના છુટકો નથી. પછી 11 P–B8 (=Q) થાય અને રાજા તથા વજીર વિરુદ્ધ રાજા અને હાથી તે વજીરવાળા પક્ષની તરફેણમાં જ પરિણમે માટે સફેદ જીતે.

T. B. Gorqiev



white to play and win

1K3b2/4B2K/5r2/16/R7/16 સફેદે રમવાનું અને જીતવાનું.

અહીં પણ બન્ને પક્ષે સરખાં જ મ્હોરાં છે. પહેલી દૃષ્ટિએ જોતાં લાગે છે કે 1 R–N3ch પછી સફેદને કાળો હાથી મફત મળે છે અને તે જીતે તે સ્વાભાવિક છે પણ કોયડો એટલો સહેલો નથી.

1 R–N3ch, R–N3! 2 R×Rch, K–B2!

અને હવે સફેદનાં બન્ને મહોરાં પર હુમલો છે. તે હાથીને બચાવે તો કાળો ઊંટ મારે, અને હાથી વિરુદ્ધ ઊંટ–ડ્રૉમાં પરિણમે.

3 B–Q8ch!!, K×B;

જો કાળો સફેદ ઊંટને ન મારે તો તે છટકી જાય અને બન્ને મહોરાં બચી જાય. પછી સફેદની જીત સહેલી છે.

4 R–N8ch, K–K2.


એમ લાગે છે કે કાળાએ પોતાના ઊંટને બચાવી લીધો અને હવે રમત ડ્રૉમાં જશે, પણ હવે આવે છે કોયડાની ખાસ ચાલ.

5 K–N6!!!

હવે કાળો શું ચાલે? તે ગમે તે ચાલે તેનો ઊંટ મરે છે. જો રાજા ચાલે તો 6 R×B અને ઊંટ ચાલે તો 6 K×B. આવી પરિસ્થિતિને Zugzwang કહે છે.

છેલ્લે એક એવો કોયડો જોઇએ કે જેમાં કાળાના સોળેસોળ મહોરાં છે જ્યારે સફેદ પાસે ફક્ત છ જ છે અને છતાં બાજી ડ્રૉ થઈ શકે છે.

H. F. L. Meyer



white to play and draw

b2b3R/1np2pp1/1p4K1/n2K4/p5N1/5pN1/P1p3p1/2B2rQr/

સફેદે રમવાનું અને ડ્રૉ કરવાનું.

1 N–K5ch, K–B3; 2 N–N4ch, K–K2 (2...K–N3 પછી 3 N–K5ch અને કાયમી શેહ). 3 N–B5ch, K–Q2; 4 N–K5ch, K–B1; 5 N–K7ch, K–N1; (કાળો ઊંટ અણઊઠ છે માટે 5...B×N ન થઈ શકે). 6 N–Q7ch, K–R2; 7 N–B8ch, K–R3; 8 N–N8ch, K–N4; 9 N–R7ch, K–N5; 10 N–R6ch, K–B6; 11 N–N5ch, K–Q6; 12 N–N4ch, K–K7; 13 N–B3ch, K–B7 (B..., K–K8 નહિ, કારણ કે 14 N–Q3 mate છે). 14 N–Q3ch, K–N6; 15 N–K4ch, K–N5; 16 N–K5ch, K–B4; 17 N–N3ch, K–B3; 18 N–N4ch, K–K2.

આ પરિસ્થિતિ બીજી ચાલને અંતે હતી તે જ છે. આ રીતે સફેદ કાયમી શેહથી ડ્રૉ મેળવે છે. કાળો રાજા બે પ્રદક્ષિણા વધુ ફરે તો એક પણ મહોરું માર્યા વિના અને પ્યાદાંના ચાલ્યા વિના ૫૦ ચાલ પણ થઈ જાય અને ડ્રૉ ગણાય.

બે ઘોડા શું કમાલ કરી શકે છે તે બતાવવા માટે રચાયેલ આ એક સુંદર કોયડો છે.



આખુ કળી

જીવનને સ્વપ્ન માનું છું. મગર ત્યાગી નથી શકતો;
છું એવી જાગૃતિમા કે વધુ જાગી નથી શકતો.

ફૂલો વચ્ચે ઓ મારા પ્રાણ, વાયુ જેમ ફરજે તું;
કે વાયુને કોઇ કાંટો કદી વાગી નથી શકતો.

જગતના ઘાવ સામે તું અડગ થઈને રહે 'બેફામ'
કે પર્વતને કદી પથ્થર કોઇ વાગી નથી શકતો.

(બરકત વીરાણી 'બેફામ')


પંડિતવર્ય ડૉ. રઘુવીર

મૂળ તો એ સાહિત્યના જ જીવ, પણ સંજોગવશાત્ રાજકારણમાં પ્રવેશેલા. તો ત્યાં યે અનન્ય વક્તૃત્વશક્તિ અને તલાવગાહી તર્કબદ્ધ દલીલો દ્વારા, તથા પોતાની માન્યતાઓ વિષેની સંનિષ્ઠાથી ભારતની રાજ્યસભામાં કૉંગ્રેસી સભ્ય તરીકે ઇ. ૧૯૬૨ સુધી પોતાની ઊંડી બુદ્ધિમત્તાનો સતત ખયાલ આપતા રહેલા. પણ ચીન પ્રત્યેની સરકારી નીતિ વિષેના મતભેદથી એ કૉંગ્રેસમાંથી રાજીનામું આપી જનસંઘમાં જોડાયા અને ૧૯૬૨ના ભોપાલ અધિવેશનમાં તેના અધ્યક્ષ બન્યા.

પણ આ તો એમની ગૌણ બાજુ. એમના હાડમાં તો હતું, પ્રખર પાંડિત્ય, શિક્ષણ, સંશોધન, પુરાતત્ત્વ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, પૌરાણિક સંસ્કૃતિ, ઇતિહાસ, રાજકારણ, ધર્મ, તત્ત્વજ્ઞ ન, ભાષાશાસ્ત્ર આદિ નિરવધિ વિષયો પર એમણે પ્રમાણભૂત જે ગ્રંથો લખ્યા છે એની સંખ્યા સો સુધી પહોંચે છે. અને સંખ્યાવિપુલતા કરતાં યે વિશેષ તો ગુણવત્તાની દૃષ્ટિએ આ ગ્રંથો હિંદી સાહિત્યમાં અગ્રિમ ને વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

ઈ. ૧૯૦૨માં રાવલપિંડીમાં એમનો જન્મ. માધ્યમિક શિક્ષણ પૂરું કરી પંજાબ યુનિવર્સિટીમાં ને પછી લંડન અને ઉટ્રેચ (હૉલૅન્ડ)ની યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. ભારત પાછા આવ્યા બાદ 'ભારતીય સંસ્કૃતિની આંતરરાષ્ટ્રીય અકાદમી'ની સ્થાપના કરી.

એમનામાં મુખ્ય વસ્તુ દૃષ્ટિએ ચડે છે એ એમનો પ્રાચીન ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો અહોભાવ. અને એ અહોભાવને લીધે જ એમણે તૈયાર કરેલા શબ્દકોશમાં અંગ્રેજી પારિભાષિક શબ્દોના આપેલા અર્થો સંસ્કૃતપ્રચુર શબ્દોથી એટલા સભર છે કે લોકો એને ભદ્રંભદ્રીય કોશ કહે છે. 'ટાઇ' માટે 'કંઠલંગોટ,' 'સિગ્નલ' માટે 'અગ્નિરથ ગમનાગમન ભયસૂચક તામ્રલોહ પટિકા' અને 'સિમેન્ટ' માટે 'વજ્રચૂર્ણ' જેવા શબ્દોનું કર્તૃત્વ (કદાચ મજાકમાં) એમને નામે ચડેલું છે. વસ્તુતઃ એમના આ પ્રયત્ન પાછળ ભારતની પ્રાચીન સંસ્કૃતિ પરત્વેનો એમનો અહોભાવ જ વ્યક્ત થાય છે.



૧૯૫૧માં ઈન્ડોનેશિયાનો અને ૧૯૫૫માં ચીનનો પ્રવાસ એમણે ખેડેલો અને ત્યાંથી પાછા ફરતાં અનેક દુર્લભ ગણાય એવી ચીની, તિબેટી અને મોંગોલી ભાષાની પ્રાચીન હસ્તપ્રતો તેઓ પોતાની સાથે લાવેલા.

આવી પ્રકાંડ પંડિતાઈ, પ્રખર વિદ્વત્તા અને અનુપમ મેધા હિંદી સાહિત્યે કદાપિ જોઇ નહોતી. જે જે વિષયને એમની કલમ સ્પર્શી છે તે તે વિષય એમની સર્જનશક્તિથી પરિપ્લાવિત થઇ નવી જ ભવ્યતા અને દૃષ્ટિથી અનન્ય બની રહે છે. હિંદી ભાષાના તો તેઓ આજીવન પ્રખર હિમાયતી રહ્યા હતા. એમાં



વૉલરસ

ધ્રુવપ્રદેશનાં પ્રાણીઓ ઘણી રીતે જુદાં તરી આવે છે. એમાં પણ ઉત્તરધ્રુવપ્રદેશમાં તરતા હિમખડોની કંઠાર પાસે રહેતાં વૉલરસ ખાસ ધ્યાન ખેંચે છે. ૩૦૦૦ રતલની ભારે ને ઢીલીઢફ કરચલીઓવાળી કાયા, ખભાથી માંડી છેક સુધી એક સરખું ગોળાકાર ૧૦ થી ૧૧ ફૂટ લાંબું કદ અને એના ઉપલા લબડતા હોઠ પરના મૂછોના થોભિયાંથી 'મે.ળાભાભા' જેવો લાગતો ચહેરો જોઇ તુરત સમજાઈ જાય કે આ કાયામાં સ્ફૂર્તિને સ્થાન નથી. એના જ વર્ગના અન્ય પ્રાણી સીલની સરખામણીમાં વૉલરસ ઘણું ઓછું ચપળ લાગે. એની જાડી ચામડી નીચે લગભગ ૫૦૦ રતલ જેટલું બ્લબર (ચરબીયુક્ત પદાર્થ) ભર્યું હોય છે. ઉત્તર ધ્રુવપ્રદેશના તરતા હિમખંડ.ના કિનારા પાસે રહેતાં વૉલરસ એક કાળે દક્ષિણમાં છેક ફ્રાંસના કિનારા સુધી વસતાં હોવાના પુરાવા રૂપ અવશેષો મળી આવ્યા છે.

વૉલરસના અંગ પર સૌથી વધુ ધ્યાન ખેંચે છે એના દંતૂશળ. એના વિના તો વાલરસનો ઘણોખરો જીવનવ્યવહાર અટકી પડે. દરિયાના તળમાંથી કે કંઠારની દીવાલો પરથી છીપલાં ઉખેડવામાં કે શત્રુ સામે લડવામાં એ કામ લાગે, પાણીમાંથી કંઠાર પર ચડતું હોય ત્યારે એ દંતૂશળ હાથલાકડી પેઠે ખુંતાડીને એને ટેકે કાયાને આગળ ધકેલે. ટૂંકમાં ખોરાક ચાવવા સિવાયના ઘણા કામમાં એનો ઉપયોગ કરે.

આ સ્તન દરિયાઇ પ્રાણી સ્વભાવે ઘણું નરમ અને અનાક્રમક. ટોળામાં રહે. શત્રુ સામે લડવાનું થાય તો આખું ટોળું એક સાથે સામું થાય. એનું મોટું શત્રુ ધ્રુવપ્રદેશનું રીંછ; એ પછી માણસ. એના દંતૂશળ, ચામડાં અને બ્લબરના તેલને માટે લોકો એનો ઘણો શિકાર કરે છે. એસ્કિમો લોકો એને મારી ખાય છે.

માદા એક જ બચ્ચાને જન્મ આપે છે અને તેને બહુ પ્રેમપૂર્વક જતનથી ઉછેરે છે.



સુકુમાર સેન

કોઇ બાંધછોડ કરવાની સમાધાનવૃત્તિ એમણે દાખવી નહોતી.

પણ આ તેજસ્વી મેધાનું અકાળ, અકસ્માતે મૃત્યુ થયું. ગયા (મે)માસની ૧૪મી તારીખે જૉનપુરથી ફરુકાબાદ જવા એક મોટરમાં તેઓ નીકળ્યા અને નાગપુર નજીક રસ્તામાં એમની મોટર એક વૃક્ષ સાથે અથડાઇ એમાં એમને ગંભીર ઇજા થઇ. તરત જ જૉનપુરની એક ઇસ્પિતાલમાં ખસેડયા પણ તેઓ બચી શકયા નહિ.



નવાંગ ગોમ્બૂ

તંત્રકુશલ સુકુમાર સેન

ભારત સ્વતંત્ર થઇને એક મહાન પ્રજાસત્તાક રાજ્ય બન્યા પછી જ્યારે એની પ્રથમ રાષ્ટ્રવ્યાપી ચૂંટણી કરવાનો સમય આવ્યો ત્યારે એ ભગીરથ કાર્ય પાર પાડવાનો મૂંઝવણભર્યો પ્રશ્ન આવી પડયો. જગતભરની આ મોટામાં મોટી લોકશાહીના અઢાર કરોડ મતદારો પાસે વ્યવસ્થાપૂર્વકનું મતદાન કરાવીને, દેશની ધારાસભાઓ અને સંસદ માટે લગભગ સાડા ત્રણ હજાર જેટલા સભ્યો ચૂંટાવવા એ જેવુંતેવું કામ ન હતું. એ માટે, પુખ્ત મતાધિકારના ધોરણે ખૂણે-ખૂણાના દેશવાસીની ચાહી બને, દેશના દરેક મતદાન મથકે સંપૂર્ણ ને એકધારી વ્યવસ્થા જળવાય, કોઈ જાતની ઘાલમેલ શકય ન બને, અને વડાપ્રધાન નેહરુથી માંડીને આદિવાસી નાથિયા સુધીના એકેએક મતદાર પાસે ચૂંટણી અધિકારીઓ પક્ષાતીત રહીને, ચૂંટણીના નિયમોનું પાલન કરાવે એવી ક્ષતિરહિત ને અફર વ્યવસ્થા ગોઠવી આપનાર કુશળ તંત્રસંચાલકની જરૂર હતી. ઘણી શોધને અંતે બંગાળ રાજ્યની સેવામાં રહેલા ઊંડી વહીવટીશક્તિ અને વ્યવહાર-ક્ષમતા ધરાવનાર આઈ. સી. એસ. અફસર સુકુમાર સેન પર એ પસંદગી ઊતરી.

અને એમણે જે તંત્ર ગોઠવીને આ દેશની પહેલી ચૂંટણીનું ભગીરથ કાર્ય પાર પાડયું એ જોઇ અન્ય દેશોના અગ્રણીઓ પણ દંગ બની ગયા! સુદાન દેશે તો ઈ. ૧૯૫૨માં પોતાને ત્યાંની પ્રથમ ચૂંટણીનું તંત્ર ગોઠવવા એમને ખાસ આમંત્રણ આપ્યું; અને એમણે ત્યાં જે વ્યવસ્થા-શક્તિ દાખવીને એમની ચૂંટણી સફળ કરી આપી તે સેવાઓની કદર તરીકે એ રાજ્યે પ્રસન્ન થઇને પોતાના પાટનગર ખાર્તૂમના એક રાજ-માર્ગને શ્રી સેનનું નામ આપ્યું! એ પછી તો એમણે આપણી બીજી ચૂંટણી પણ એટલી જ સફળતાથી સંપન્ન કરી આપી. ભારત સરકારે એમની એ સેવાઓનો પુરસ્કાર કરીને એમને 'પદ્મભૂષણ' બનાવ્યા.

ચૂંટણી કમિશનરના હોદ્દા પરથી એમની નિવૃત્તિ બાદ એમને દંડકારણ્યની વસાહતનું એવું જ બીજું કપરું કામ સોંપાયું. ભારતના ભાગલા પછી પૂર્વ પાકિસ્તાનમાંથી આવેલા નિરાશ્રિતોને વસાવીને ઠરીઠામ કરવા માટેની આ વિકાસયોજના વર્ષોથી ખોડંગાતી ચાલીને કોઈ રીતે પાર પડતી ન હતી. તેના અધ્યક્ષપદે આવીને શ્રી સેને પોતાની કાર્યક્ષમતા અને વ્યવસ્થાદક્ષતાથી તેને નિષ્ફળ જતી બચાવી લીધી.

ત્રેવીસમે વર્ષે આઈ. સી. એસ. થનાર આ તેજસ્વી અમલદારે ત્રેસઠમે વર્ષે ઓચિંતી વિદાય લીધી ત્યારે આ દેશના હજારો લોકોની ચાહના અને માનના ભાજન તે બની રહ્યા હતા.

એવરેસ્ટવિજેતા નવાંગ ગોમ્બૂ

'માનવ એષણાનું પ્રતીક' બની રહેલા જગતના સર્વોચ્ચ ગિરિ-શૃંગ એવરેસ્ટે પ્રથમ પહોંચનાર તેનસિંગના જ ભત્રીજા નવાંગ ગોમ્બૂ હમણાં બીજા એવરેસ્ટવિજેતા ભારતવાસી તરીકે જગનામી બન્યા છે. ગયા માસ (મે)ની પહેલી તારીખે અમેરિકન આરોહણ-ટુકડીના જેમ્સ. ડબ્લ્યુ. વ્હિટેકર સાથે નવાંગ ગોમ્બૂએ એવરેસ્ટ સર કર્યું એ સમાચાર દેશ માટે ગૌરવ અને આનંદજનક બની રહ્યા.

એના કાકા તેનસિંગની જેમ નેપાળના સોલો ખુમ્બૂ જિલ્લામાં શેરપા જાતિમાં જન્મેલા ત્રીસ વરસની વયના નવાંગે સ્વિટ્ઝર્લૅંડમાં પર્વતારોહણની તાલીમ લીધેલી અને આજે દાર્જીલિંગની જાણીતી પર્વતારોહણની સંસ્થા, 'હિમાલયન માઉન્ટનીઅરિંગ ઇન્સ્ટિટયુટ'માં માર્ગદર્શક તરીકે કામગીરી બજાવે છે.

ઈ. ૧૯૫૩માં પણ એક બ્રિટિશ પર્વતારોહક ટુકડી સાથે એ ૨૭,૦૦૦ ફીટની ઊંચાઇએ ચડયા હતા. ઈ. ૧૯૬૦માં ત્રણ પર્વતા-રોહકની જે ટુકડી સાથે તે ગએલા તે તો એવરેસ્ટને સર કરવાથી માત્ર ૯૦૦ ફીટ જ દૂર હતી ત્યાં અચાનક હવામાન બગડવાના કારણે તેને પાછા ફરવું પડેલું. આ ઉપરાંત મકાલુ, નંદાદેવી અને સેસર કાંગરી શિખરો પણ એણે સર કરેલાં છે.

ઊલટી લાવનાર શેરડીનો રસ

શેરડીનો રસ વામક—ઊલટી કરનાર છે; એટલે કે વધુપડતો લેવાય તો ઊલટી થાય છે. આથી કોઇ રોગીને ઊલટી કરાવી વિકૃત કફ આમા-શયમાંથી બહાર કાઢી નાખવો હોય ત્યારે ઊલટી કરાવનાર દવાની સાથે મદદગાર દ્રવ્ય તરીકે શેરડીના રસનો ઉપયોગ કરી શકાય છે. ઘણીવાર અચાનક કોઇ દેખીતા કારણ વગર કોઈને ઊલટી થવા માંડે ત્યારે તેણે શેરડીનો રસ પીધો છે કે નહિ તે જાણી લેવું, જેથી વિશેષ ચિંતા કરવાનું ન રહે ને યોગ્ય ઉપચાર કરી શકાય. —લા. ઠા.

અધિમાંસ

માંસધાતુ દૂષિત થવાથી થતા અધિમાંસ નામના રોગ વિષે વૈદ્યવર શ્રી રણજિતરાય દેસાઈએ એમના ચિકિત્સાગ્રંથ 'નિદાન ચિકિ-ત્સા હસ્તામલક'માં કરેલી નોંધ ઉલ્લેખનીય છે. અંગ્રેજીમાં જેને વિઝડમ ટૂથ કહે છે તેમાં, વિંટાએલા માંસમાં થતા કફના પ્રકોપથી અતિશય વેદનાયુક્ત લાલાસ્રાવી સોજો આવે છે એને અધિમાંસ કે અધિમાંસક કહે છે. ૧૮–૨૦ વર્ષની ઉમરે દાંતનો ભયંકર દુ:ખાવો થતો જણાય તો તેમાં સૌથી વધુ સંભવ અધિમાંસનો હોય છે. આયુ-ર્વેદના મતે આ સોજો કફના પ્રકોપનો હોવાથી ઉપચારમાં સૌ પ્રથમ નક્કોરડા ઉપવાસ કરવા. ઊલટીથી કફ નીકળે તો કાઢી નાખી મીઠાના નવશેકા પાણીના કોગળા કરવા. મોંમાં પાણીનો કોગળો થોડી વાર ભરી રાખી કાઢી નાખવો એને 'ગંડુષવિધિ' કહે છે. મીઠું લેખનગુણ-વાળું—એટલે કે કફને ઉખેડીને સાફ કરનાર–છે. ગરમ પાણી પણ કફનું શમન કરનાર અને સ્રોતોની શુદ્ધિ કરનાર છે. સાથે કફવર્ધક આહાર-વિહારનો ત્યાગ કરવો. કેળાં, દૂધ વગેરે ખાદ્યો તથા દિવસની ઊંઘ પણ કફવર્ધક છે. આટલા ઉપચારથી દુ:ખાવો શાંત પણ થઇ જાય છે.

ટાઇપિસ્ટોને થતાં કળતર

ટાઇપિસ્ટોને ઘણી વાર સાંધામાં કળતર થાય છે. આનું કારણ તેમની બેસવાની ખોટી પદ્ધતિ અને કામ કરવાની ખામીભરી રીત હોઈ શકે. પહેલાં આંગળાંનાં ટેરવાં દુખવા માંડે, પછી હાથ, ત્યાર

પછી કાંડાના સાંધા અને પછી કાંડાથી કોણી સુધીના સ્નાયુઓમાં કળતર થાય. શરૂઆતમાં થોડોક આરામ લઈ લેવાથી દર્દ દૂર થાય છે, પરંતુ એ પ્રાથમિક દુઃખ તરફ દુર્લક્ષ કરાય તો દર્દ કાયમી બની બેસે છે. સવાર કરતાં દિવસના આખર ભાગમાં આ દર્દ ખૂબ લાગવા માંડે છે. આ બીમારી જો દૂર કરવી હોય તો કઈ સાવચેતી રાખવી જરૂરી?

સૌ પ્રથમ તો બેસવાની રીત જ એવી હોવી જોઇએ કે જેથી આંગળાં, હાથ અને ઉપલા હાથના સ્નાયુઓ પર સરખું દબાણ પડે. 'ટચ સિસ્ટમ' (સ્પર્શપદ્ધતિ)થી બધાં આંગળાં પર સરખું જ દબાણ લાવતાં શીખીએ તો ટાઇપિંગમાં ચોક્કસ લયબદ્ધતા સાધી શકાય.

હાથની બીમારી દૂર કરવા માટે બેસવાની ખુરશીની ઊંચાઈ જરૂર પ્રમાણે ઓછી-વધતી કરી શકાય તેવી વ્યવસ્થા થવી ઘટે. ટાઇપિસ્ટે ટટ્ટાર બેસવું જોઈએ, વાંકા વળીને નહિ. કોણીથી વાળેલા હાથ ટાઈપરાઈટર પરની લીટીઓ સામે સમાન સ્તર પર રહેવા જોઇએ, અને તેમનું હલનચલન ખભાના સ્નાયુઓ પર તાણ ન આણે તે પ્રમાણે મોકળાશથી થવું ઘટે. સોવિયેટ સંઘની કામદાર આરોગ્ય-સંસ્થાએ કેટલાક નિયમો ઘડચા છે. દર ૫૫ મિનિટ પછી ૫ મિનિટ અથવા દર ૮૦ મિનિટ પછી ૧૦ મિનિટ આરામ લેવો જોઇએ. આ આરામના સમય દરમિયાન તેણે જગ્યા પરથી ઊઠી વિવિધ પ્રકારની સીધીસાદી કસરત કરવી; દા.ત. શ્વાસોચ્છ્વાસનો વ્યાયામ, આંગળાં બીડવા-ઉઘાડવાની કસરત, હાથ વર્તુલાકારે ઘુમાવવાની કસરત વગેરે.

ટાઇપિસ્ટોએ સૂતાં પહેલાં પાણીમાં ૨ ટકા ખાવાનો સોડા ભેળવી ૩૬ થી ૩૭ અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનના આ મિશ્રણમાં ૮ થી ૧૦ મિનિટ હાથ બોળી રાખવા. ત્યાર પછી કોણી સુધીના હાથ અને કાંડાના સાંધાને માલિશ કરવું અને ગરમ કપડામાં હાથ વીંટી રાખવા. જે ખંડમાં કામ કરવાનું હોય ત્યાં પુષ્કળ પ્રકાશ અને સારા પ્રમાણમાં હવા આવતી હોવી જોઇએ. પ્રકાશ ટાઇપિસ્ટની પીઠ પાછળથી અને ડાબી બાજુ તરફથી આવતો હોવો જોઇએ. ટાઈપરાઈટરનો અવાજ ઓછો આવે તે માટે ટાઈપરાઇટર ખાનાં વિનાના ટેબલ પર એકાદ સુંવાળા આવરણ ઉપર મૂકવું જોઈએ. એક જ ખંડમાં અનેક ટાઇપિસ્ટો કામ કરતા હોય તો ભીંતો પર ધ્વનિપ્રતિરોધક આવરણ હોવું જોઈએ. ટાઇપિસ્ટે પોતાને ઘેર પણ કેટલાક નિયમોનું પાલન કરવું જોઇએ. શારીરિક શ્રમનાં કઠણ કામો કરીને તેણે પોતાના હાથ થકવી નાખવા ન જોઈએ. ભારે વસ્તુઓની હેરફેર કરવી ન જોઇએ. તેમને માટે ઓછામાં ઓછી ૭ કલાકની ઊંઘ આવશ્યક છે.


તેજ વિનાના દીવા

વીજળીના કેટલાક ગોળા એવા બનાવવામાં આવે છે કે જેનો હેતુ પ્રકાશ આપવાનો નથી હોતો, પણ મનુષ્યોની સુખશાંતિ માટે એ અમૂલ્ય છે. ડાર્ક લૅમ્પ તરીકે ઓળખાતા ગ્લોબ ખોરાકને તાજો રાખવાનું, ગુનેગારોને પકડવાનું અને રોગ અટકાવવાનું કામ કરે છે. બીજા કેટલાક દીવા દુર્ગંધ દૂર કરે છે, વનસ્પતિના વિકાસને વેગ આપે છે, ચિત્રને બોલતું કરે છે અને જિન્દગી બચાવે છે. આ જાતના દીવામાં 'અલ્ટ્રા વાયોલેટ રૅડીએટર'નો ઉપયોગ પ્રતિદિન વધતો જાય છે. આ દીવામાંથી અદૃશ્ય કિરણો છૂટે છે. જેનાં આંદોલનો એટલાં ઝડપી હોય છે કે મનુષ્યની આંખ તેને પકડી શકે નહિ. આ જાતના દીવા ખાસ પ્રકારની ટ્યૂબમાં કે ગ્લોબમાં પારાની વરાળ અને આર્ગોન વાયુ ભરીને બનાવેલા હોય છે. અલ્ટ્રાવાયોલેટ કિરણો અમુક પદાર્થોમાં ચમક ઉત્પન્ન કરે છે. તે જાહેરખબરનાં પાટિયાં લખવાના રંગમાં તથા ઘણા ઠંડા ચમકતા ખનિજ પદાર્થો, રત્નો અને રંગોમાં વપરાય છે.

'બ્લૅક લાઇટ' કાપડ, કાગળ, પ્લાસ્ટિક અને કાચની પ્રાચીન ચીજોનો દેખાવ સુધારવામાં, રોગ-નિદાનમાં તેમજ ધાતુમાં પડેલી અદૃશ્ય તડો શોધવામાં પણ વપરાય છે. વળી તેની મદદથી આંગળાંની છાપ, ડાઘ વગેરેને ચમકતા બનાવીને તથા છેકછાક અને બનાવટનાં અદૃશ્ય ચિહ્નો શોધી કાઢીને ગુનેગારને પકડી શકાય છે. તેનાથી જમીનની નીચે વહેતાં પાણી કળી શકાય છે તથા પ્રાચીન ચિત્રોનાં સ્થળ-સમય નક્કી કરી શકાય છે. ઘરની અંદર એરકંડિશનિંગની નળીમાં અલ્ટ્રા વાયોલેટ ગોળા મૂકવાથી તે આખા કુટુંબની આસપાસ જંતુવિરોધી દીવાલ રચી દે છે. અમેરિકાની ડ્યુક યુનિવર્સિટી હૉસ્પિટાલમાં ઑપરેશન કરવાના બધા ખંડમાં અલ્ટ્રા વાયોલેટ કિરણ-વર્ષા કરવામાં આવે છે. આથી ઑપરેશન પછી ચેપ લાગવાનો સંભવ ૮૫ ટકા ઘટે છે, વળી તેને લીધે ઘા જલદી રુઝાય છે અને દર્દી ઝટ બેઠો થાય છે. પોલિયો અને ઈન્ફ્લુએન્ઝાની રસી બનાવનારી કંપનીઓ પણ અલ્ટ્રા વાયોલેટ દીવા વાપરે છે.

ઇન્ફ્રા રેડ અથવા ગરમી આપનાર દીવાને પણ મનુષ્યની આંખ જોઈ શકતી નથી. તે ઝડપથી સૂકવવા માટે, ઠારેલા પદાર્થોને પીગળાવવા માટે તથા ઘણા પદાર્થોને ચોડવા માટે વપરાય છે. ઈન્ફ્રા રેડ દીવાનો અદૃશ્ય પ્રકાશ ઊંડે સુધી જઈ શકે છે. તે લોહીનું પરિભ્રમણ વધારી શકે છે અને દર્દ ઓછું કરી શકે છે.


રેફ્રિજરેટરોમાં ભૂરા રંગનો નાનો ગ્લોબ હોય છે તે ઑઝોન ઉત્પન્ન કરી દુર્ગંધનો નાશ કરે છે. કૅસિયમની વરાળનો દીવો લશ્કરી કામગીરી દરમિયાન અદૃશ્ય સંકેતોથી સંદેશા મોકલી શકે છે. કેટલાક ગ્લોબ ચલચિત્રની ફિલ્મપટી પર ધ્વનિની પટ્ટી ઉત્પન્ન કરે છે. મૂંગી ફિલ્મ બોલતી થાય છે તે પણ પ્રકાશનાં કિરણોથી.




બૂચનું આંતરદર્શન

એક ઘન ઈંચ બૂચના ટુકડામાં, ઉપર દર્શાવ્યા મુજબના વીસ કરોડ (૨૦,૦૦,૦૦,૦૦૦) સૂક્ષ્માતિસૂક્ષ્મ હવાના કોષ હોય છે, જે બારીક ચીકણા પડ વડે એકબીજા સાથે જોડાએલા હોય છે. એવા કોષો બતાવતા ઉપરના ચિત્રમાં બૂચના એક કણને ૧૦૦ ગણો મોટો કરીને દર્શાવ્યો છે. બૂચના ટુકડાનો અરધા ઉપરાંતનો ભાગ આવા હવાકોષનો બનેલો હોવાથી જ તેનું વજન હલકું હોય છે.

લંડનની બસનાં પડખાં પર પ્લાસ્ટિકની એક પટ્ટી લગાડવામાં આવી છે. માત્ર શોભન માટે જ એ નથી. શહેરમાં અમુક ચોક્કસ સ્થળોએ મૂકેલાં ખાસ વીજળીક સાધનો દ્વારા ત્યાંથી પસાર થતી બસ પરની એ પટ્ટી અને એના વડે એ બસની ઓળખ આપમેળે મેળવાય છે અને એની જાણ બસ-વ્યવહારના મુખ્ય સંચાલનકેન્દ્રમાં આપમેળે પહોંચતી રહે છે. આથી કાર્યાલયમાં બેઠાંબેઠાં જ જાણી શકાય છે કે કયા માર્ગ પર કઈ બસ વહેલીમોડી થાય છે.





અકસ્માત ઊથલી પડેલી લાઈફબોટ પાછી આપમેળે સીધી થઈ જાય છે

તદ્દન સલામત લાઇફબોટ

હમણાં એડિનબરામાં યોજાએલી આંતરરાષ્ટ્રીય 'લાઇફબોટ કૉન્ફરન્સ'માં બ્રિટનની એક નવી જ લાઈફબોટ પ્રદર્શિત થઇ છે; જે કોઈ કારણસર જો દરિયામાં ઊંધી વળી જાય તો થોડી પળમાં જ પાછી આપમેળે સીધી થઈ જઈ શકે એવી એમાં તરકીબ છે. ૪૮½ ફૂટ લાંબી આ બોટમાં તળિયે ટાંકી જેવી એક વિશિષ્ટ રચના છે. બોટ પાણીમાં પ્રવેશે કે તરત એક વાલ્વ દ્વારા એમાં લગભગ ૩½ ટન જેટલું દરિયાનું પાણી આપમેળે ભરાઇ જાય છે. અકસ્માત જો બોટ ઊંધી વળી ગઈ હોય તો એ પાણી તરત જ એક તરફના પડખાની ટાંકીમાં ધસી જાય છે. એનાથી એકાએક લાગતા ધક્કા તથા એ પાણીના વજનથી બોટ એ તરફ નમી જઇને પછી આપમેળે સીધી થઈ જાય છે. માત્ર સાત જ સેકંડમાં આ બધું પતી જાય છે. બોટ પાણીમાં ડૂબે નહિ એટલા સારુ એમાં પ્લાસ્ટિકનાં 'એરકેઈસ' પણ મૂકેલાં છે. આ ઉપરાંત રડાર વગેરે જેવી દરેક આધુનિક સલામતી-સગવડોથી એને સજ્જ કરવામાં આવી છે. એનો વેગ પણ કલાકના ૨૦ નૉટ (દરિયાઇ માઈલ) જેટલો છે. આ અને આવી બીજી અનેક સાધનસામગ્રી તથા લોકોને દરિયામાં રક્ષણ આપવાની સમગ્ર પ્રવૃત્તિ અને વહીવટ 'રૉયલ નૅશનલ લાઇફબોટ ઇન્સ્ટિટ્યૂશન' નામે સંસ્થા કરે છે; અને તે પણ સરકારી સહાય લીધા વિના માત્ર લોકો અને મોટી સંસ્થાનાં દાનભંડોળોમાંથી મળતી મદદને આધારે જ. લાઈફબોટને કોઈ પણ પળને માટે સજ્જ રાખવા સારુ પૂરા સમય માટે રોકેલા એક 'મિકૅનિક' સિવાય એમાં મોટા ભાગના માણસો તાલીમ પામેલા સ્વયંસેવકો જ હોય છે. અલબત્ત, જેટલો સમય પોતાનો ધંધો છોડી તેઓ બોટ પર સેવા આપવા આવે એટલા સમયનો પુરસ્કાર એમને અપાય છે, પણ તેઓ આ કામ એ પૈસા સારુ નહિ પણ સેવા ખાતર કરે છે.

મ્યુનિકનાં બે નવાં આકર્ષણો

મ્યુનિક (જર્મની)ના હવાઈ મથક પર હવે ટેલિવિઝનનો ઉપયોગ ઉમેરાયો છે. મથકના અધિકારી પોતાના કાર્યાલયમાં બેઠાંબેઠાં માત્ર એક બટન દબાવીને જ મથકના કોઈ પણ વિસ્તાર પર નજર ફેરવીને, આવતાં જતાં વિમાનો, લોકોની અવરજવર, માલસામાનની હેરફેર અને મથક બહાર ઊભેલી ટૅક્સીઓની ભીડ સુદ્ધાં જોઈ શકે છે.

મ્યુનિકના સંગ્રહસ્થાનમાં દેશદેશનાં વધુમાં વધુ વાજિંત્રો સંઘરવામાં આવ્યાં છે. આફ્રિકાનાં જંગલોમાં સંદેશા મોકલવા માટે વપરાતા ઢોલથી માંડી અત્યારનાં મોટાં વૃંદવાદનોમાં વપરાતાં બહુવિધ વાદ્યોનો તેમાં સમાવેશ થાય છે.

સુરુચિ છાપશાળા

સુરત જિલ્લામાં બારડોલી મુકામે એક સખાવતી ટ્રસ્ટના આશ્રયે આ વર્ષે રાનીપરજ તથા પછાત વર્ગોના લાભાર્થે 'સુરુચિ છાપશાળા' નામે છાપકામની ટેકનિકલ તાલીમ આપતી એક સંસ્થાની સ્થાપના થઈ છે. છાપકળા આજના યુગમાં એક અગત્યની અને ઘણી આગળ વધેલી એક કારીગરી—બલકે વ્યવસાય છે અને ઉત્તરોત્તર એ ક્ષેત્રમાં તાલીમ પામેલા માણસોની જરૂરત વધતી જ જાય છે. તેથી આદિવાસી કોમો તથા પછાત વર્ગોના કિશોરોને પણ વ્યવસ્થિત શિક્ષણ આપી તેમાં તૈયાર કરવાના ધ્યેયથી આ સંસ્થા સ્થપાઈ છે. માનવીને હઠાવીને ઑટોમૅટિક યંત્રો વડે ગંજાવર ઉત્પાદન કરનારું છાપખાનું ઊભું કરવાની કે પ્રજા પાસેથી આદિવાસી ને પછાત વર્ગોને રાહત કે ખેરાત મેળવી આપવાની નહિ, પણ તેમને ખુલ્લી દુનિયામાં સૌ જોડે માનભેર આજીવિકા રળી લેનારા પુરુષાર્થી કારીગર બનવાની તક અને તાલીમ મેળવી આપવાની આ સંસ્થાની નેમ છે.

ગુજરાતના આદિવાસી વિસ્તારોના કાર્યકર્તા તથા મિત્રોએ મળીને શ્રી રવિશંકર મહારાજના પ્રમુખપદ તથા શ્રી જુગતરામ દવેના નિયામકપણા હેઠળ સ્થાપેલી આ સંસ્થા પાછળ મુદ્રણનો તપઃપૂત અનુભવ અને ઉત્તમ રુચિ ધરાવનાર સ્વામી આનંદની પ્રેરણા તથા આશીર્વાદ અને શ્રી મોહન પરીખનો ઉત્સાહ રહેલાં છે. ગુજરાતની તેમજ દેશભરની આદિવાસી કોમો તથા પછાત વર્ગોના કિશોરો માટે એ ખુલ્લી છે. તેના વ્યવસ્થિત શિક્ષણ, અભ્યાસક્રમ, પરીક્ષા વગેરે માટે મુંબાઇ તથા ગુજરાતના નિષ્ણાત માનાર્હ સભ્યોની સમિતિઓ રચવામાં આવી છે. લાયક અને આશાસ્પદ વિદ્યાર્થીઓ માટે પહેલા વર્ષમાં રૂ. ૪૦, બીજામાં રૂ. ૫૦ અને ત્રીજામાં રૂ. ૭૫ની માસિક શિષ્યવૃત્તિની તથા છાત્રાલયની યોજના પણ છે. સંસ્થાની પાયાની જરૂરિયાત પૂરતી દાનની રકમ મળી ગયા બાદ ટ્રસ્ટ મકાનો, નિભાવ કે વિકાસ માટે ફરી કદી ફંડ-ફાળો કરશે નહિ.

આ માસ (જૂન) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : મણિલાલ ઇચ્છારામ

ગુજરાતના વિચારપ્રવાહ ને સંસ્કાર ઘડતર-



માં લગભગ અરધી સદી સુધી મોટો ફાળો આપનાર મુંબાઈના 'ગુજરાતી' સાપ્તાહિકના મૂળ સ્થાપક અને વિદ્વાન પત્રકાર ઇચ્છારામ સૂર્યરામ દેસાઇના પુત્ર મણિલાલે એ પત્રને કીર્તિની ટોચે પહોંચાડ્યું.

એમનો જન્મ ઈ. ૧૮૮૦ની ૨૬મી જૂને થયો હતો. બચપણ મોસાળ સૂરતમાં વિતાવી ૧૮૯૯માં મુંબાઈની એલ્ફિન્સ્ટન મિડલ સ્કૂલમાંથી તે મૅટ્રિક થયા. દરમિયાન ગુજરાતી ભાષામાં સુંદર છપાઈવાળાં પુસ્તકો પ્રકટ કરવાના એમના ઉમળકાએ એમને છાપખાનાની બધી બાજુઓમાં રસ લેતા કર્યા. એમાંથી એમને ગુજરાતી લિપિ માટે વિવિધતાવાળાં બીબાંની ખોટ પૂરવાના કોડ જાગ્યા. પુત્રની એ વિષયની સૂઝથી પ્રેરાઈ પિતાએ ઈ. ૧૯૦૦-માં 'ધી ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી'ની સ્થાપના કરી દરમિયાન કૉલેજનો અભ્યાસ ચાલુ રાખી મણિલાલ ઇ. ૧૯૦૫માં બી.એ. થયા ને પિતાની સાથે 'ગુજરાતી' પત્રમાં જોડાયા.

'ગુજરાતી'ના અગ્રલેખો ઉપરાંત અભ્યાસના ઊંડાણ અને વિચારની ચોટ સાથે લખાતી 'સિંહાવલોકન'ની એમની કટાર તો ઘણી લોકપ્રિય બની ગઈ હતી. ૧૯૦૯માં 'ગુજરાતી'નો ખાસ 'દિવાળી અંક' કાઢીને એમણે ગુજરાતી પત્રકારત્વમા એક નવું અંગ ઉમેર્યું. ઈ. ૧૯૧૨-માં પિતાનું અવસાન થતાં 'ગુજરાતી' પત્ર, છાપખાનું, ટાઇપફાઉન્ડ્રી, ગ્રંથ-પ્રકાશન વગેરે બધાંના સંચાલનનો ભાર હવે એમના એકલાના શિરે આવી પડ્યો. પણ પછી ૧૯૧૯માં ભાઇઓમાં મતભેદો શરૂ થયા અને સૌ છૂટા પડ્યા. પાસેની બધી બચત રોકી એમણે 'ધ બૉમ્બે લેટર ફાઉન્ડ્રી' નામે નવી ફાઉન્ડ્રી કાઢી, દેવું કરીને પુસ્તકપ્રકાશન પણ ખેડ્યું, પણ ૧૯૨૯માં એમને નાદારી નોંધાવવી પડી.

એ પછી 'વીસમી સદી' અને 'નવી રોશની' સાપ્તાહિકો તથા મુંબાઇના મોટા મંદિરના મહારાજના આશ્રયે 'વિશ્વદર્શન' પત્ર કાઢવા માંડ્યું. પણ કશામાં ફાવ્યા નહિ. હવે આંખનો મોતિયો, ગાઉટ, સંધિવા, સાયેટિકા વગેરે દર્દોના વારંવાર હુમલા થવા લાગ્યા અને અંતે ૧૯૪૨માં ડાબા અંગનો પક્ષાઘાત થઈ જતાં એ વર્ષની ૧૧મી જૂને એમનું અવસાન થયું.

જીવનની આ કપરી લીલીસૂકી સામે ઝઝૂમવાના પુરુષાર્થ સાથે એમણે પત્રકારત્વનું જે ખેડાણ કર્યું હતું એમાંથી એમના વ્યક્તિત્વની સાચી છાપ ઊપસે છે. 'ગુજરાતી' પત્રની, રાજકારણ સમાજ અને અર્થકારણ ઉપરના નિશ્ચિત ને નીડર વિચારસરણી ધરાવતા એમના અગ્રલેખો, દેશના જીવનનાં વિવિધ અંગો પર દૃષ્ટિપાત કરીને એનું સાચું સ્વરૂપ રજૂ કરતી, વિગતો તથા મુદ્દાઓથી ઠાંસોઠાંસ ભરેલી 'સિંહાવલોકન'ની એમની લોકપ્રિય નર્માત્મક કંડિકાઓ, ક્વચિત ક્વચિત પ્રકાશી ગએલાં ચોટદાર ગ્રંથાવલોકનો, મુદ્રણ અને બીબાં (ટાઇપો) ઢાળવાની ઉદ્યોગકળામાં તલસ્પર્શી ને સ્વાનુભવનું જ્ઞાન ધરાવતી એમની કલમના મૂલ્યવાન લખાણો, પ્રાચીન તેમજ અર્વાચીન ઉભય કાળનાં ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃત સાહિત્યનું એમનું બહુશ્રુત વાચન દર્શાવતાં. એમણે કરેલાં એમના પિતાશ્રીનાં પુસ્તકોનાં સંસ્કરણો એસી બાજુએ નજર ફેરવતાં એમની શક્તિનાં દ્યોતક સમાં ચમકી રહે છે. 'ચુંબન મીમાંસા' નામે ગ્રંથ, અગ્નિપુરાણ અને મહાભારત ૩જા ભાગનું ભાષાંતર ને તેની વિદ્વત્તાભરી પ્રસ્તાવના, આખી 'અરેબિયન નાઇટ્સ'-નું ફરી ભાષાંતર, અને કર્નલ મેડોઝ ટેલરના 'અમીરઅલી ઠગ'ના 'ફાંસીગર' નામથી કરેલા અવતરણ ઉપરાત કામંદક, નીતિસાર, શુક્રનીતિ, ભર્તૃહરિ-શતક આદિનો સારોદ્ધાર એ એમની અન્ય કૃતિઓ છે.

પ્રસંગવિશેષ

ટીપુની ગાદી પર બાળક કૃષ્ણરાજ વડિયારને મસનદ · ૩૦ જૂન ૧૭૯૯

અમેરિકન સંસ્થાનોએ માથું ઊંચકીને આપેલા ડાઘની શરમ અને રોષથી દશ્ફરાએલ અંગ્રેજો હવે હિંદમાં પોતાની જામતી જતી સત્તાની જડ ઉખેડી નાખે એવા પ્રબળ શક્તિશાળી હૈદરઅલી તથા ટીપુને જેર કરવા કટિબદ્ધ થયા. બહુ જ ચોકસાઈપૂર્વકની કૂટ યોજનાઓ ઘડતા જઈ એમણે ટીપુના ખાસ મંત્રી પૂર્ણિયાથી માંડાને અનેક વિશ્વાસુ માણસોને ફોડ્યા, નિઝામને પોતાને પક્ષે લીધો અને નજીવાં બહાનાં ઊભાં કરી ઈ. ૧૭૯૯ના ફેબ્રુઆરીમાં ઓચિંતી જ ટીપુ પર ચડાઈ કરી ને દગાથી તેને હરાવ્યો ને માર્યો. એના પુત્ર ફતહ હૈદરને ભોળવી એનાં હથિયાર પણ છોડાવ્યાં ને પછી એને તથા ટીપુના ભાઈ કરીમ સાહેબ તેમજ ટીપુના બાર પુત્રો અને બેગમો સાથે સૌ કુટુંબીઓને કેદ કરી રાયવેલોર મોકલી આપ્યાં. શ્રીરંગપટ્ટણનો કબજો લઈ અંગ્રેજોએ લગભગ બાર કરોડ રૂપિયાનો ટીપુનો ખજાનો લૂંટ્યો, એના વિશાળ પુસ્તકાલયને જપ્ત કર્યું, પ્રજાને પણ લૂંટી. રાજ્યના ટુકડા કરી અગત્યના કિલ્લા સાથેનો મોટો ભાગ પોતે દબાવ્યો, થોડો નિઝામને આપ્યો અને બાકીનો મ્હેસુરના જૂના હિંદુ રાજાને ટીપુ વિરુદ્ધ અંગ્રેજોને સહાય કરવાના બદલામાં આપીને ઈ. ૧૭૯૯ની ૩૦મી જૂને એ કુટુંબના પાંચ વર્ષના બાળક કૃષ્ણરાજ વડિયારને ટીપુની ગાદીની મસનદ આપી, ને પૂર્ણિયાને એના રક્ષક તથા વજીર તરીકે નીમ્યો. ટીપુની હાર એ અંગ્રેજોનો અતિ મોટો વિજય હતો. એ લડાઈમાં ભાગ લેનારા બધા અંગ્રેજોને ઈનામો અપાયાં. ગવર્નર જનરલ અર્લ મૅાર્નિંગ્ટન હવે માર્ક્વિસ વેલેસ્લી બન્યો. જનરલ હૅરિસ 'લૉર્ડ હૅરિસ ઑવ શ્રીરંગપટ્ટણ' બન્યો. વિશ્વાસઘાતી દરેક હિંદીને પણ જાગીર તથા પેન્શન મળ્યાં. ઔરંગઝેબના મૃત્યુથી માંડી ૧૮૫૭ના બળવા સુધીના ગાળામાં હૈદર અને ટીપુ એ બે જ વ્યક્તિ એવી હતી જેમણે છેક સુધી પોતાના દેશની વિરુદ્ધ વિદેશીઓ સાથે સમાધાન સ્વીકાર્યું નહોતું પણ અંગ્રેજી ક્રૂરનીતિ સામે તેઓ પણ ટકી શક્યા નહિ.



ટીપુ સુલતાનના મૃત્યુ પછી શસ્ત્રો હેઠાં મૂકીને આત્મસમર્પણ કરતા તેના બે પુત્રો



રાજસભાનાં ઉપપ્રમુખ

દેશની રાજસભામા ચૂંટાઈને તેના ઉપપ્રમુખ પણ બનવાનું માન પ્રજાસત્તાકરાજ્યોનાઇતિહાસમાં જૂજ મહિલાને મળ્યું હશે. ભારતમાં શ્રીમતી વાયોલેટ આલ્વા એવાં બડભાગી છે.

પતિ જોઆકીમ આલ્વા સાથેઈ.૧૯૫૨માં તેઓ લોકસભામાં ચૂંટાઈ આવ્યાં. સ્વાતંત્ર્યની લડત વેળા બંનેએ જે કારાવાસ વેઠયા હતા, તેમાં 'હિંદ છોડો' વખતે તો એ પોતાના પાંચ માસના બાળક સાથે જેલ ગએલાં.

મુંબાઇની કર્વે કૉલેજમાં અંગ્રેજીનાં પ્રાધ્યાપિકા બન્યા બાદ તે ત્યાંની હાઈકોર્ટમાં ને પછી દિલ્હી સુપ્રીમ કોર્ટમાં ધારાશાસ્ત્રી થયાં. 'બેગમ'નામે સ્ત્રીઓ માટે વિચારપ્રેરક માસિક શરૂ કરીને એમણે પત્રકારત્વ પણ ખેડયું છે.

રશિયા અને ચેકોસ્લોવાકિયામાં ભારતીય પ્રતિનિધિમંડળનાં મંત્રી તરીકે તેઓ ગએલાં; દિલ્હીમાં કૉમનવેલ્થના 'માહિતી સ્વાતંત્ર્ય' વિષયક પરિસંવાદમાં ભાગ લીધેલો; અને ગુના તથા પોલીસતંત્ર અંગેની પ્રવૃત્તિઓ ને વિકાસ માટે એમણે વિસ્તૃત પ્રવાસ પણ ખેડયો છે.

હિન્દી, મરાઠી, ગુજરાતી, કોંકણી ને અંગ્રેજી, એમ પાંચ ભાષામાં તેજીલું વકતૃત્વ કરી શકવા જેટલો કાબૂ ધરાવવા ઉપરાંત બીજી પણ ઘણી ભાષાઓ તેઓ સમજી શકે છે.

ભારતમાં તેઓ પ્રથમ નાયબ ગૃહપ્રધાન પણ હતાં. તે પછી રાજસભાના તેઓ પહેલાં સ્ત્રી-ઉપપ્રમુખ બન્યાં છે. આંતરરાષ્ટ્રીય મહિલા ધારાશાસ્ત્રી મહામંડળનાં પણ તેઓ પ્રમુખ છે. સ્વતંત્ર ને નીડર સ્વભાવનાં આ બહુશ્રુતા ભારતીય સ્ત્રીસમાજના ગૌરવરૂપ છે.



ચતુરા

એક શેઠ હતા. તે દીકરાને ખાનદાન ઘરની કન્યા પરણાવી લાવ્યા. શેઠનો વેપાર બહોળો. બહારગામથી મોટા વેપારી–વછિયાત આવે એમ ખેડૂ ને ખેપિયા ય આવે. એ સૌને શેઠ જમાડીને જવા દે. પેઢીએથી રોજ માણસ આવીને કહી જાય કે આજ આટલા મહેમાનની રસોઈ છે.

શેઠ રોજ જુએ કે દરેક મહેમાનને લાયક રસોઈ જ જમવામાં પીરસાઈ છે. એટલે વહુના આ ડહાપણથી વિચારમાં પડી જાય. આખરે એક દિ પૂછ્યું. 'વહુ બેટા! રોજ તમે જેવું માણસ એવું એને જમાડો છો; તો મહેમાન કેવા છે એ કઈ રીતે જાણી લો છો?'

વહુ કહે: 'બાપુ, એ તો અમારી કોઠાવિદ્યા છે. માણસ કહેવા આવે ત્યારે હું એને પૂછી લઉં કે મહેમાન કયાં બેઠા છે? જો એ કહે કે ઓટલે બેઠા છે તો એને માટે દાળરોટલા કરાવું છું, જો કહે કે જાજમ પર બેઠા છે તો એને માટે દાળ–ભાત શાક, ને કહે કે શેઠજીની જોડે ગાદી પર બેઠા છે તો એને માટે કંસાર બનાવડાવું છું.' શેઠને હૈયે શાતા વળી કે વહુ ખરેખર ડાહી છે.

ધીકતા વેપારને કારણે શેઠ ' પેઢી મૂકીને પરગામ જવાનું બહુ બને નહિ. પણ એક વાર ગામતરે જવાનું થયું. સિગરામ જોડાવી, નોકરચાકરો સાથે લેવાની વરધી આપી, ઘેર વહુને કહેવડાવ્યું કે 'ગામતરે જવું છે એટલે આઠદસ માણસના ભાતાની જોગવાઈ કરાવજો.'

બીજે દિ સિગરામમાં બેઠા ત્યારે ભ તાના ડબરા તેમાં ન મળે. તપાસ કરાવતાં વહુએ કહ્યું કે 'ભાતાના ડબા લઇને માણસો તમને મારગમાં મળી જશે.'


મારગમાં જમવા ટાણે એક ગામ આવ્યું. ત્યાં પાદરમાંથી જ લોકો શેઠનો આદર કરી ગામમાં તેડી ગયા ને આગ્રહ કરીને જમાડયા બાદ જ સૌને જવા દીધા. વાટમાં શેઠ ઘડીઘડી ભાતાવાળા માણસો વિષે પૂછયા કરે પણ ભાતું લઇને કોઇ આવ્યાના ખબર મળે નહિ. નમતા પહોરે બેએક ગામ ભોં જતા ફરી બીજા ગામને પાદર લોકો એમને ઓળખીને આડા ફર્યા ને આગ્રહ કરીને રોકયા, ભાતભાતનાં ભોજન જમાડયાં ને બીજે દિ રવાના કર્યા. આમ ગામેગામ શેઠનું સ્વાગત થતું રહ્યું ને શેઠ માંડ બે દિએ પોતાને જવું'તું એ ગામ પહોંચ્યા.

કામ પતાવી શેઠ પાછા ફર્યા ત્યારે પણ એ જ રીતે બધે એમની એવી ને એવી મે'માનગતિ થતી ગઈ. શેઠ તો રંગેચંગે ઘેર પહોંચી ગયા પણ કયાં ય ભાતાવાળાનો પત્તો લાગ્યો નહિ.

ઘેર આવી વહુને પૂછ્યુ કે, 'ભાતું કોની સાથે મોકલ્યું હતુ? અમને તો કોઇ રસ્તામાં મળ્યું નહિ.'

વહુએ કહ્યું: 'બાપુ, આપણે ત્યાં તમારો રોટલો મોટો અહીં જમી જનારા તમને જમાડયા વગર આગળ જવા જ શાના દે? ને એમ ગામેગામ જમવાનું હોય તો પછી ભ તું લેવાની જરૂર શી છે? આપણો જ રોટલો આપણે ખાવાનો છે. બીજાને ખવડાવેલ રોટલો એ જ આપણું ભાતું.'

શેઠને મનમાં ખાતરી થઈ ગઈ કે વહુ ખરેખર ઘરને ઉજાળે એવી જ છે.—મનુભાઈ જોધાણી



નકામા ટૂથબ્રશની દાંડલીને કાપી નાખીને નાડી પરોવવાનું સરસ સાધન બનાવી શકાશે.


માસિક વખતે માથું દુખે છે?

માથાના દુખાવા માટેનો આ સરળ આયુર્વેદિક કાઢો સ્ત્રીઓને આર્તવપ્રવૃત્તિ ન થવાથી માથું ચડતું હોય ત્યારે ઘણો જ ફાયદો કરે છે: હરડે, બહેડાં, આમળાં, કરિયાતું, હળદર તથા લીમડા પર ચડેલી ગળો, આ બધી ચીજો સમભાગે લઈ, અધકચરી ખાંડી, સોળ તોલા પાણીમાં એક તોલા જેટલી નાખી, પાણી ઊકળવા મૂકવું. ચોથા ભાગનું પાણી બળી જાય એટલે ઠંડું પાડયા પછી ગાળી એમાં થોડો ગોળ મેળવી રોજ સવારે પી જવું. ક્વાથ ઉકાળતી વખતે તપેલીનું મોં ખુલ્લું રાખવું અને વરાળ નીકળી જવા દેવી. બીજી જાતના માથાના દુખવામાં યે આનો સફળ ઉપયોગ થાય છે.

મોં પર કાળા ડાઘ છે?

આજકાલ ઘણાંને મોઢા ઉપર કાળા ડાઘ હોય છે. રોજ રાત્રે અરીઠાં ને આંબળાંનું બારીક ચૂર્ણ કરી પાણીમાં ભીંજાવી રાખવું. સવારમાં એ પાણી થોડું ઉકાળી લઈને તે વડે મોં ઘસીને ધોવું. આંખમાં પાણી ન જાય તે સાચવવું. જેને માથામાં ખોડો થયો હોય, ખુજલી આવતી હોય અગર વાળ ખરતા હોય તેવાંઓ માટે પણ આ પ્રયોગ સારો છે.

સાચું સુખ સમૃદ્ધિમાં નથી, પણ વસ્તુને વાપરવાના સંતોષમાં છે. બાથરૂમમાંથી નહાઈને બહાર આવતાં ભીના પગ લૂછવા માટે શ્રીમંતો ઊંચી બનાવટની મુલાયમ બાથ મૅટ વાપરવાનો જે આનંદ માણે છે તે જ આનંદ આપણે નહાવાની ચોકડીની બહાર, ગુણપાટના ટુકડા સીવીને બનાવેલા પગલૂછણિયાથી માણી શકીએ. સિમેન્ટની ખાલી થએલી થેલીઓ આ માટે ઘણી ઉપયોગી છે. ખાટલા પાસે પણ એવું એક પગલૂછણિયું પાથરી રાખવાથી ચાદર ઓછી મેલી થશે.



ભરતકામનો એક વધુ બુટ્ટો. એના ટાંકામાં નીચેની માર્ગદર્શક આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ૧ આમળો, ૨ સાટિન ટાંકો, ૩ મરડેલી સાંકળી, ૪ માખીનો ટાંકો, ૫ ગાંઠનો અને ૬ સાદો નાનોમોટો ટાંકો લઈ શકાય. ફ્રૉક, બ્લાઉઝ, ગલેફ, ટેબલક્લૉથ આદિ અનેક સ્થળે વાપરવા ઉપરાંત સાડી પર છૂટીછૂટી, ભરી હોય તો પણ આ ભાત સુંદર લાગે.



હર્ષ ને શોક, પ્રકાશ ને અંધાર,
સદ્‌ગુણ, દુર્ગુણ દ્વંદ્વો સખી;
શ્વેત પટે એમ શ્યામલ માંડી
બ્રહ્માંડ કેરી કથા આ લખી.
સંસારને સર અમૃત ભરિયાં,
માંહિ ઘોળ્યા વિષના ઢગલા;
એ વિષ ને અમીના જલકુંડથી
પીશે અમી ધન્ય કો હંસલા.
(કવિ નાનાલાલ)

ઘણા સમય સુધી પાણીમાં પડયા રહેલા હાથને એમ ને એમ લૂછી નાખવા કરતાં ચપટી મીઠા વડે ચોળી લૂછજો. મુલાયમ રહેશે.

મરીથી કોણ અપરિચિત હશે? રામાયણ જેવા પ્રાચીન ગ્રંથમાં પણ મરીના ઉલ્લેખો મળી આવે છે. મરીને સંસ્કૃતમાં મરીચ કહે છે. ઉષણ, કટુક, કોલ વગેરે એના સંસ્કૃત પર્યાયો છે. સૌરાષ્ટ્રમાં 'તીખાં' ને ગુજરાતમાં 'કાળાં મરી'ના નામથી ઓળખાતાં મરીનો ઔષધ તરીકે ચરક-સુશ્રુતના કાળથી બહોળો ઉપયોગ થતો આવ્યો છે. આયુર્વેદના આચાર્યોએ મરીમાં નીચે મુજબનાં ગુણકર્મો નોંધ્યાં છે:

તે તીખાં, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, હલકાં, રોચક, શોષક, દીપન, શિરોવિરેચન, કૃમિનાશક તથા કફ વાયુ અને હૃદયરોગોનો નાશ કરનાર છે. યૂનાની મત મુજબ મરી નાડીને બલ આપનાર, દીપન, પાચન, યકૃતના બળને વધારનાર, વાયુનું અનુલોમન કરનાર, મૂત્ર તથા આર્તવ પ્રવર્તક અને કફને બહાર કાઢનાર છે.

પ્રવાહિકા

પ્રવાહિકા એટલે મરડો, 'કરાંઝવું' માટે સંસ્કૃતમાં પ્રવાહણ શબ્દ છે. જે રોગોમાં મળપ્રવૃત્તિ માટે પ્રવાહણ કરવું પડતું હોય તેનું નામ પ્રવાહિકા. મરી, પ્રવાહિકાનું ઉત્તમ ઔષધ છે. 'અષ્ટાંગહૃદય'ના કર્તા વાગ્ભટે મરીના સૂક્ષ્મ ચૂર્ણનું સેવન કરવાથી ઘણા સમયથી થએલો મરડો જલદીથી નાશ પામે છે એમ લખ્યું છે. આ રોગમાં ચીકણો કફ મળાશયમાં અને આંતરડાંમાં ચોંટી રહે છે. એનો નિકાલ કરવા અપાનવાયુ ઉત્તેજિત થાય છે. ચોંટી રહેલા કફને બહાર કાઢવાના અપાનવાયુના પ્રયત્નોને કારણે ફરીફરી મળત્યાગની હાજત થાય છે. વળી કફથી અપાનનો અવરોધ થતો હોવાથી રોગીને ચૂંક-મરડાટ થાય છે; આથી ગુજરાતીમાં એને 'મરડો' કહે છે. રોગીને ખોરાક બંધ કરાવવો, સૂંઠ નાખેલું ગરમ પાણી પીવા આપવું, દિવસમાં ત્રણ વખત મરીનું પાવલીભાર ચૂર્ણ પાણી સાથે આપવું. મરી અગ્નિને પ્રદીપ્ત કરશે. તીક્ષ્ણ હોઈ મળાશય ને આતરડાંમાં ચોંટી રહેલા કફને ઉખેડવાનું ને પચાવવાનું કામ કરશે. કફ પકવ થઇને ઊખડી જશે એટલે સરળતાથી બહાર નીકળી જશે. જરૂર જણાય તો દિવેલનો એક રેચ આપવો. પ્રવાહિકા થવાનું કારણ અગ્નિની મંદતા છે. મરીના સેવનથી અગ્નિનું બળ વધતું હોઇ ફરી તે થવાનો સંભવ નથી. ચીકણા આમવાળા ઝાડા(અતિસાર)માં પણ મરીનો ઉપર પ્રમાણે ઉપયોગ કરવાથી લાભ થાય છે.

ખાંસી

મરીનું ચૂર્ણ મધ, ઘી અને સાકરની સાથે મેળવીને ચાટી જવાથી બધી જાતની ખાંસી મટે છે એમ આચાર્ય ચરકે લખ્યું છે. એક ચમચો મધ અને ઘીમાં મરી તથા સાકર મેળવી દિનમાં બે વાર (સવારસાંજ) ચાટવું. દમમાં પણ આ લાભદાયી થશે. મરી સૂક્ષ્મ છે, એટલે પ્રાણવહ સ્રોતોમાં ચોંટી રહેલા કફને દૂર કરી સ્રોતને ચોખ્ખા કરી નાખે છે. પ્રાણવાયુનો અવરોધ દૂર થવાથી શ્વાસ બેસી જાય છે. ખાંસી અને દમમાં જરૂર મુજબ રેચ પણ આપવો જોઇએ. એ માટે હરડે કે દિવેલ પસંદ કરવું. મરી ને પીપર એક એક તોલો, દાડમની છાલ બે તોલા, જવખાર અર્ધો તોલો એ બધાંનું ચૂર્ણ આઠ તોલા ગોળમાં મિશ્રિત કરી મગ જેવડી ગોળીઓ બનાવી લેવી. આ થઈ મરચાદિવટી મોંમાં રાખીને ચૂસવાથી ખાંસીમાં ફાયદો થાય છે.

મરીચ્યાદિ ચૂર્ણ

મરી, ચિત્રક અને સંચળ એ ત્રણે સમાન ભાગે લઈ સૂક્ષ્મ ચૂર્ણ બનાવવું, અજીર્ણ, મંદાગ્નિ વગેરેમાં પાણી સાથે ચારઆની ભારદિવસમાં બે વખત લેવું. સંગ્રહણી ને અતિસારમાં પણ ગાયના દૂધમાંથી બનાવેલી છાશ સાથે મરીચ્યાદિ ચૂર્ણનું સેવન લાભદાયી છે. આ બધા રોગોમાં આહારવિહારમાં યોગ્ય નિયમોનું પાલન કરવાથી જ ફાયદો થાય છે.

સળેખમ માટેનો ભાવમિશ્રનો પ્રયોગ આ પ્રમાણે છે: અધોળ દહીંમાં એક રૂપિયાભાર ગોળ નાખવો અને એમાં પાવલીભાર મરીનું ચૂર્ણ ભેળવીને એ પી જવું. આ પ્રયોગ સર્વ સળેખમોને મટાડનાર અને સુખ આપનાર હોવાનું ભાવમિશ્રે લખ્યું છે.

ચોમાસામાં સૂંઠ, મરી અને પીપર(ત્રિકટુ) નાખીને બનાવેલો દૂધનો ઉકાળો શરદી અને વાયુનો નાશ કરી શરીરની ઉષ્માનું સંરક્ષણ કરે છે. આ ઉકાળાના સેવનથી મેલેરિયાથી પણ બચી જવાય છે.

લાભશંકર ઠાકર

વાપરીને મૂકેલા ભીના સાબુનું તળિયું નિરર્થક બગડતું અટકાવનાર પ્લાસ્ટિકનાં 'સોપ-સેવર' વેચાતાં લેવા કરતાં સોડાલેમન વગેરે ઠંડાં પીણાંની શીશીઓનાં ખોલીને ફેંકી દેવાતાં પતરાનાં ઢાંકણાં વાપરવાથી અર્થ સરશે. (વિજયકુમાર હરિદાસ-મદ્રાસ)

> દુરિજન કી કરુણા બૂરી ભલો સજન કો ત્રાસ.
> સૂરજ જબ ગરમી કરે તબ બરસન કી આસ.
> —કબીર

ઈરાનનો ન્યાયી બાદશાહ નૌશેરવાન એક વાર શિકારે ગએલો. ત્યાં શિકાર પકાવવા માટે જરૂરી મીઠું લેવા માટે નજીકના ગામમાં જતા નોકરને તેણે તાકીદ કરી કે 'પૈસા આપ્યા વિના મીઠું ન લાવતો, નહિતર આખું ગામ ઉજ્જડ થઈ જશે.' આથી વિસ્મિત થએલા સાથીદારને ખુલાસો કરતાં તેણે કહ્યું, 'મારી રૈયતની વાડીમાંથી હું જો એક જ ફળ તોડીને ખાઉં, તો મારું જોઇને નોકરો તો આખું ઝાડ જ મૂળિયાં સાથે ઉખેડીને ખાતાં શીખી જાય.'

કહેવતોના અર્થ: 'ઝાંઝર વેચીને શેઠાણી કહેવડાવવું'-ઓછીસરખી, રહીસહી મૂડી-મિલકત વેચીસાટીને ખોટી શ્રીમંતાઇનો દેખાડો કરવા કે જશ કમાવા નીકળનારા ફૂલણજીઓ માટે વપરાતી આના જેવી બીજી કહેવતો: ઘર બાળીને(વેચીને) તીરથ કરવું (કરવા જવું); નાગા થઇને ચંદરવો બાંધવો' વગેરે.

ગઈ સાલ ૧૯૬૨ના અંકની એક ગમ્મત: વર્ષની કોઈ પણ તારીખ અને મહિનાના અંક લઇને તેનો સરવાળો કરી એકમ કાઢો; પછી તે તારીખ-માસના અંકનો ૧૯૬૨ સાથે સરવાળો કરતા જઇ તેનો એકમ કાઢો; તો બંને એકમો એકસરખા જ આવશે. દા.ત. જુલાઈની ૨૫મી તારીખ: ૨૫+૭=૩૨=૫; અને ૨૫+૭+૧૯૬૨=૫ (ફિ. રુ. મહેતા)

અનેકાર્થી શબ્દ: કાશ (સ)=કાસળ, આડખીલી; ક્યાસના અર્થમાં ચોળાચોળ કે ચીકાશ; એક પ્રકારનું ઘાસ, એનું ફૂલ; ખાંસી.

અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટસમાં બર્લિન નામનાં ૩૦ ગામ છે, હામ્બુર્ગ નામનાં ૨૧, પારીસ નામનાં ૨૩ અને લંડન નામનાં ૧૩!


'એક ચિત્રકારે ઘરના એક ખૂણે કરોળિયાનું જાળું એવું તો હૂબહૂ ચીતરેલું કે નોકરે તે ત્યાંથી કાઢવા કલાક સુધી માથાફોડ કરેલી.'


'એ બિલકુલ અસંભવિત છે.'

'કેમ? કલાકારોને એવી સિદ્ધિ હોય છે.'

'હા, પણ નોકરોને એટલી ધીરજ નથી હોતી!'


સફેદ બૂટ પર લગાડવાનો ચાક પાણીને બદલે દૂધ મિલાવીને લગાડવાથી જલદી નીકળી નહિ જાય.






દુનિયાના દેશ
અફઘાનિસ્તાન

સાગરકાંઠા વિનાનો આ એકમાત્ર એશિયાઈ દેશ લગભગ વેરાન, ઉચ્ચ અને પહાડી છે. ઉનાળામાં ધૂળની ડમરીઓથી ને શિયાળામાં બરફથી ઢંકાઈ જતી એની જમીન પર અનાજ (ઘઉં, ચોખા, જવ ને મકાઇ) તો માત્ર જ્યાં સિંચાઈની પૂરતી સગવડ છે ત્યાં જ પાકે છે. હમણાં વળી કપાસ ને શેરડી પણ થાય છે. પણ જિતુન (ઑલિવ), પિસ્તા, બદામ, જરદાલુ, અખરોટ વગેરે મેવાનો તો ત્યાં પૂરક ખોરાક તરીકે વપરાવા જેટલો મબલખ પાક ઊતરે છે. ઉપરાંત એની નિકાસ કરીને તે કમાણી પણ કરે છે. પરદેશી સહાયને સહારે હવે ત્યાં રૂ, ખાંડ વગેરેનાં કારખાનાં ને સિંચાઈની યોજનાઓ પણ અમલમાં આવવા માંડયાં છે. રેલવે તો ત્યાં છે જ નહિ, પણ સુધરતા જતા માર્ગો પર હવે ઊંટની વણઝારોને બદલે મોટરો દોડતી થઈ છે. કોલસો, તેલ, લોઢું તાંબું અને સીસું વગેરે ખનિજો પણ ત્યાં છે, જેનો હજી પૂરો લાભ લઈ શકાતો નથી. હમણાં સુધી તો ત્યાં આસપાસના મુલકોનું ચલણ ચાલતું. પણ હવે તે નિજી ચલણથી અર્થવહેવાર કરે છે. ત્રણ ઊભા પટ્ટાવાળા એના રાષ્ટ્રધ્વજમાં (જુઓ ચિત્ર) અનુક્રમે કાળો, લાલ અને લીલો રંગ છે. વચ્ચેના પટાની લાલ ભોં પર મસ્જિદનું આલેખન છે. નકશામાં આ દેશને કાળો કરી દેખાડયો છે.



કલાકણિકા: ઈંગ્લંડનું સોનારૂપાનું સુશોભન કામ તેની ચરમ સીમાએ પહોંચ્યું તેમાં ત્યાંના કલાકાર પૉલ સ્ટોરનો મોટો ફાળો છે. ૧૮-૧૯મી સદીનું ભોજન પીરસવાનું પાત્ર.



ફક્ત કબૂતરો જ ચૂસીને પાણી પી શકે છે. બીજાં બધાં પક્ષીઓને પાણી ગળે ઉતારવા માટે માથું પાછળ નમાવવું પડે છે. વળી, કહે છે કે પક્ષીને સ્વાદ કે ગંધનું ભાન હોતું નથી.

તુવેરનાં પાન બાળી, દહીંમાં કાલવીને ચોપડવાથી ખસ મટે છે.



ભાવાત્મક સંવેદન નિગૂઢ રૂપ લેતાં ગયાં તેમ વાસ્તવદર્શી આલેખન ફિટતું ગયું અને મનોમય ભૂમિનાં એ દર્શનને જ ઉતારવાની મથામણ ચાલી, ત્યારના આ ચિત્રનું નામ છે કદલી-આત્માઓ : સંવાદ (કલાકાર છગનલાલ જાદવ)



નાવલી નદીને તીરે · કલાકાર છગનલાલ જાદવ

નિસર્ગનું જાણે પોતે બાળ હોય એમ આ કલાકારે પ્રકૃતિનું આકંઠ પાન કર્યું છે. કાઠિયાવાડની હોય કે કાશ્મીરની, કુદરતનાં મિજાજ અને હવા, લાલિત્ય અને લીલા ત્વરિત રંગાવટમાં–કદાચ કોઈ ગુજરાતી કલાકારે નહિ ઉતાર્યાં હોય એટલાં–સંખ્યાબંધ ચિત્રોમાં એમણે ઉતાર્યાં છે. આ ઉપર આપેલા સોરાષ્ટ્રના એક જાણીતા દૃશ્યની સાથે એની અજબ કથાની સ્મૃતિ પણ તાજી થાય છે. અગાઉ કુમારના ૨૮૫ અંકમાં શ્રી યોગેન્દ્ર પ્રિયદર્શીએ એ નદીના ફોટોગ્રાફની સાથે આપેલી તેની હકીકત આમ છે: 'સૌરાષ્ટ્રમાં આવેલા સાવરકુંડલા ગામની વચ્ચેથી વહેતી આ નદીને એક કાંઠે સાવર ને બીજે કાંઠે કુંડલા ગામ વસેલાં છે. આ નદીની વિશિષ્ટતાઓ અજબ છે. એની વધુમાં વધુ લંબાઈ ચાર માઈલની છે; પહોળાઈ માંડ દસ હાથ; અને ઊંડાઇ? ઊંધે માથે માથોડું! એથી યે વધુ અજાયબીની વાત એ છે કે એ નદી જમીનમાંથી નીકળે છે અને જમીનમાં જ સમાઈ જાય છે! છતાં ખૂબીની વાત એ છે કે ગમે તેવા દુકાળમાં પણ એ સુકાતી નથી. એને વિષે એવી દંતકથા છે કે પહેલાં ગામને છેડે દેવીનું એક દહેરું હતું. એક ચારણ એ દેવીની ભક્તિ કરતો. એકવાર ભારે દુકાળ પડ્યો ને લોકો પાણી વગર તરફડવા લાગ્યા. ચારણે દેવીને રીઝવવા તપ આદર્યું. દેવી પ્રસન્ન થતાં ચારણે માગ્યું કે 'કદી ન સુકાય એવી એક નદી આપો.' દેવીએ કહ્યું: 'ભલે; પાછળ જોયા વગર ચાલ્યો જજે. તારી પાછળપાછળ એક નદી ચાલી આવશે; પણ જોજે, પાછળ જોતો નહિ.' ચારણે પાછળ જોયા વિના ચાલવા માંડ્યું ને એક ભાગોળથી બીજી ભાગોળ સુધીનો રસ્તો કાપી નાખ્યો. પણ ચારણના મનમાં અશ્રદ્ધા પ્રકટી કે દેવીની વાત સાચી તો હશે ને? ખાત્રી કરવા એણે પાછું જોયું: પાછળ આવતી નદી ત્યાં જ અટકી ગઈ અને એનું પાણી જમીનમાં સમાવા લાગ્યું. ત્યારથી નાવલી નદી એક ભાગોળથી નીકળી બીજી ભાગોળ સુધી સાવર અને કુંડલાની વચ્ચેથી નિરંતર એકધારા પ્રવાહે વહી જાય છે અને થોડે દૂર જઈ ભૂમિમાં સમાઈ જાય છે.'

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૨૨૦થી

નયો પૈસો'ની સાબિતી ભૂલભરેલી છે. પરંતુ એ ટીકા બરાબર નથી. ગણિતના સામાન્ય નિયમોનો ભંગ કરતી, સિફતભરી રીતે રજૂ કરાવી, ગેરરસ્તે દોરતી દલીલો (ફેલસીઝ)માંથી ગમ્મતભર્યા ગાણિતિક ભ્રમો ઊભા થાય છે.

અંકોનો અંકો જોડે કે વસ્તુનો અંક જોડે ગુણાકાર–ભાગાકાર થઈ શકે, વસ્તુનો વસ્તુ જોડે નહિ, એ 'સાબિતી'માં અપાએલો મુદ્દાનો નિયમ જ બરાબર છે. '૧ રૂ. ×૧ રૂ.=૧ રૂ. નથી' તેમ ૧ રૂ. ×૧ રૂ.=૧ ચોરસ રૂ. પણ નથી; એટલે એ વાત તો અપ્રસ્તુત, અસંગત ઉપરાંત અર્થહીન પણ છે. ક્ષેત્રફળ–ઘનફળની ગણતરીઓમાં ક્ષ ફૂટ×ય ફૂટ અને ક મીટર ×ખ મીટર×ગ મીટર વગેરેમાં વપરાતાં ગુણાકારનાં ચિહ્ન '×'નો અર્થ માત્ર પ્રણાલિક છે–સૈદ્ધાંતિક નહિ. ૧૦ ફૂટ લાંબી અને ૮ ફૂટ પહોળી ઓરડીના વિસ્તારનો ખયાલ ગણિતની રીતે રજૂ કરતાં ૧૦ ફૂટ ગુણ્યા (by એટલે multiplied by) ૮ ફૂટ એમ બોલવા–લખવાની અને એનું ક્ષેત્રફળ કાઢતાં ૧૦ ફૂટ ×૮ ફૂટ = (૧૦×૮) ચોરસ ફૂટ = ૮૦ ચોરસ ફૂટ એવો હિસાબ કરવાની પ્રણાલિકા છે, જેમાં ફૂટનો ફૂટની જોડે નહિ પણ અંકનો અંક જોડેનો જ ગુણાકાર ચોરસ ફૂટમાં લખવો જોઇએ એવો અર્થ છે. એ ખરું કે પ્રણાલિકા જ જેમજેમ કાલસ્થલાતીત સત્યની નજીક જાય છે તેમતેમ તે નિયમ કે સિદ્ધાંત બનતી જાય છે.

૪૭૨મા અંકમાં '૧ રૂ.=૧ નયો પૈસો'માં અંકગાણિતિક, ૪૭૩મા અંકમાં '૨=૧'માં બીજગાણિતિક અને એ જ અંકમાં 'બિંદુ=પરિઘ'વાળા 'ગૅલીલિયોના એક પ્રમેય'માં ભૌમિતિક ભ્રમ ઊભો કરતી ફૅલસીઝ છે. આ અને આવી જ બીજી અનેક 'ગમ્મતો' ગણિત-જગતમાં પ્રચલિત છે; પરંતુ કેટલીકમાં ઠીક-ઠીક કક્ષાનું ગણિતજ્ઞાન અપેક્ષિત હોઈ સામાન્ય સપાટીએ તેનો રસાનુભવ શકય ન બને.

શૂન્ય વડે ભાગાકાર શકય નથી, એ નિયમનો '૨=૧'માં ભંગ થયો છે; એટલે (ક–ક) (ક+ક) = ક(ક–ક) પછીનું પગથિયું ક+ક=ક શકય નથી; કારણ કે ક–ક=૦ થાય અને સમીકરણમાંથી ક–ક દૂર કરવા માટે ક–ક વડે સમીકરણની બંને બાજુઓને ભાગવાની રહે, જે અસ્વીકાર્ય છે.

ભૂમિતિમાં =નું ચિહ્ન સમીકરણની બંને બાજુઓ પર સૂચિત ભૌમિતિક આકૃતિઓનાં ક્ષેત્રફળની જ સમાનતા સૂચવે છે, તેનાં રૂપ માપ કે અન્ય કિંમતોની નહિ.

બિંદુ=પરિઘ'માં સમીકરણ (૫) π (ચજ) = π (ચછ)^{2} – π (ચઝ)^{2} આપેલી આકૃતિની કોઈ પણ સ્થિતિમાં માત્ર તેની બંને બાજુઓ પર સૂચિત વર્તુળ–વલયનાં ક્ષેત્રફળ જ સરખાં બતાવે છે. અંતે જ્યારે વર્તુળ બિંદુ અને વલય પરિઘ બની જાય છે ત્યારે પણ બિંદુનાં ત્રણે પરિમાણો—લંબાઈ, પહોળાઈ અને જાડાઈ શૂન્ય હોવાથી અને પરિઘરેખાને બે પરિમાણો—પહોળાઇ ને જાડાઇ શૂન્ય હોવાથી, તે બંનેનાં ક્ષેત્રફળ સરખાં જ અને શૂન્ય થાય છે, એથી વિશેષ કશો જ અર્થ એમાંથી નથી નીકળતો. આથી 'બીજા શબ્દોમાં બિંદુ અને પરિઘ સરખાં હોય છે' એવી અંતની દલીલ ગળે ઊતરે નહિ.

કોયડાઓમાં રજૂ થતી આવશ્યક અને પર્યાપ્ત શરતો વિષેનું શ્રી કેશવપ્રસાદ શાહનું ૪૭૩મા અંકનું લખાણ હેતુગામી, એકાગ્રલક્ષી, પ્રવાહી અને સવિસ્તર છે એટલે સર્વગ્રાહી બન્યું છે. બીજા કશા માટે નહિ તો ય ગણિતચર્ચામાં જોઈતી અને એમણે સાધેલી conciseness ને precisenessવાળી શૈલી માટેય શ્રી શાહ એ ચર્ચા ભલે આગળ ચલાવે.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી

ગૅલીલિયોના પ્રમેયમાં શ્રી ચાવડા લખે છે તેમ ગૅલીલિયોએ બિંદુ અને વર્તુળનો પરિઘ સરખાં સાબિત તો કર્યાં, પરંતુ ક્ષેત્રફળમાં પરિઘને લંબાઈ છે, જ્યારે બિંદુને નથી; આથી તેઓ કદી સરખાં સંભવી શકે નહિ. તેઓ કહે છે કે 'બિંદુ અને પરિઘનાં ક્ષેત્રફળ સરખાં હોય છે, અથવા બીજા શબ્દોમાં બિંદુ અને વર્તુળનાં પરિઘ સરખાં હોય છે. પરંતુ તેમાં પહેલું કથન જ સાચું છે, બીજું નહિ. આ કથન આપણે ભૂમિતિનાં સામાન્ય સિદ્ધાંતોથી સાબિત કરીએ.

બિંદુની વ્યાખ્યામાં તેને લંબાઈ, પહોળાઈ ને દિશા વગરનું ગણ્યું છે. આથી જેને લંબાઇ અને પહોળાઈ નથી તેનું ક્ષેત્રફળ નથી, એટલે કે શૂન્ય છે. તેવી જ રીતે પરિઘ એ વર્તુળના ક્ષેત્રફળની હદ દર્શાવતી માત્ર એક વક્રરેખા જ છે, તેને પહોળાઈ નથી; માટે તેને ક્ષેત્રફળ નથી એટલે કે શૂન્ય છે. આ પરથી, બિંદુનું ક્ષેત્રફળ= પરિઘનું ક્ષેત્રફળ=૦. આ વસ્તુ આપણે ગૅલીલિયોના પ્રમેયમાંથી પણ સિદ્ધ કરી શકીશું.

આકૃતિ પ્રમાણે જેમજેમ 'ચછ' ને 'ખગ' પાસે આવતાં જાય છે તેમ તેમ 'ચઝ' પણ મોટી થતી જાય છે, અને છેવટે જ્યારે 'ચછ' અને 'ખગ' મળી જશે ત્યારે 'ચઝ' પણ 'ખગ' જેવડી બની ગઇ હોય છે.

એટલે કે, ચઝ=ચછ=ખગ. હવે વલયનું ક્ષેત્રફળ=π(ચછ)^{2}–π(ચઝ)^{2}

હવે 'ચઝ'='ચછ'. માટે વલય કે પરિઘનું

ક્ષેત્રફળ=શૂન્ય. તેવી જ રીતે વર્તુળની ત્રિજ્યા 'ચજ', 'ચછ' અને 'ખગ' વચ્ચે અંતર ઘટવા સાથે નાની બનીને છેવટે શૂન્યમાં પરિણમે છે.

હવે વર્તુળનું કે બિંદુનું ક્ષેત્રફળ=$\pi\times$(ચજ)$^{\text{૨}}$ પરંતુ 'ચજ'=૦; માટે ક્ષેત્રફળ=$\pi\times$૦$^{\text{૨}}$=શૂન્ય.

માટે પરિધનું અને બિંદુનું ક્ષેત્રફળ સરખું છે અને શૂન્ય છે.

શ્રી ચાવડાને આવો સુંદર ભૌમિતિક લેખ આપવા બદલ અને 'કુમાર'ને તે પ્રગટ કરવા બદલ ધન્યવાદ.

મે અંકમાં ભાઈ શ્રી લલિતચંદ્ર શાહે આપેલો શ્લોક ફરી છપાએલો જોઈ દુઃખ થયું. અંક ૪૩૩માં તે તારાંકિત થએલ છે!

(ભાવનગર) —જનક એચ. એમ. પટેલ

મે અંકમાં શ્રી ન. મા. ભટ્ટે ભૂલ શોધવા મુજબ આપેલ સમીકરણની ભૂલ નીચે મુજબ છે.

(ક−ક)(ક+ક)=ક(ક−ક)

બંને બાજુએ (ક−ક) વડે ભાગતાં, (ક+ક)=ક.

અહીં જ ભૂલ છે.

∴ ક−ક=૦ અને નિયમ છે કે 'સમીકરણની બંને બાજુએ ૦ વડે ભાગતાં આવતું પરિણામ સત્ય ન હોય.'

જોકે ખરી રીતે તો આ પરિણામ સત્ય જ આવે પરંતુ શ્રી ભટ્ટના દાખલામાં ૦ વડે બંને બાજુએ ભાગીને મૂકેલ રકમ ખોટી છે; કારણ કે 'કોઇ પણ રકમને ૦ વડે ભાગવામાં આવે તો પરિણામ શૂન્ય હોય' એટલે કે 'જો એ રકમ 'ક્ષ' હોય તો $\frac{\text{ક્ષ}}{\text{૦}}$=અસંખ્ય

∴ બંને બાજુએ આવતું પરિણામ

અસંખ્ય=અસંખ્ય

નહીં કે ક+ક=ક

૦ વિષેના નીચેનાં પરિણામો જાણવા જેવાં છે. (૧) ક્ષ+૦=ક્ષ (૨) ક્ષ×૦=૦

(૩) ક્ષ−૦=૦ (૪) $\frac{\text{ક્ષ}}{\text{૦}}$=અસંખ્ય

એ જ અંકનું 'ગૅલીલિયોનું એક પ્રમેય' ઘણું ચતુરાઈભર્યું છે. પરંતુ ખરી રીતે તો, કોઇ પણ બિંદુનું ક્ષેત્રફળ = કોઈ પણ રેખાનું ક્ષેત્રફળ.

કારણ કે, 'બિન્દુ' એટલે જેને લંબાઈ કે પહોળાઇ નથી તે. એટલેકે તેની લંબાઈ ૦ છે અને પહોળાઇ પણ ૦ છે.

∴ બિન્દુનું ક્ષેત્રફળ=૦×૦

=૦ [જો તેને લંબચોરસ કે ચોરસ ગણીએ તો.]

અથવા તો બિન્દુનું ક્ષે.=$\pi\times\frac{\text{૧}}{\text{૨}}\times$૦ [જો તેને વર્તુળ ગણીએ તો, તેની પહોળાઈ ૦ એટલેકે વ્યાસ ૦ છે. માટે તેની ત્રિજ્યા ($\frac{\text{૧}}{\text{૨}}\times$૦) હોય]

હવે 'રેખા એટલે જેને લંબાઇ છે પણ પહોળાઈ નથી તે.'

એટલે કે તેની લંબાઈ, ધારો કે, ક્ષ છે પણ પહોળાઈ ૦ છે

∴ રેખાનું ક્ષેત્રફળ = ક્ષ×૦ = ૦

∴ બિદુનું ક્ષે. = રેખાનું ક્ષે.

(લીંબડી) —જનાર્દન કલ્યાણજી મકવાણા

જૂન, ૧૯૬૨ના અંકમાં શ્રી નરેંદ્રકુમાર ત્રિવેદી લખે છે કે વીજળીના પ્રવાહને પણ રેડિયોનાં મોજાંની માફક કેમ ન મોકલાવી શકાય? નવેમ્બર, ૧૯૬૨ના અંકમાં શ્રી રમેશ શાહ જવાબ આપે છે કે આ વિચાર વ્યહવારુ નથી, અને 'ધ્વનિ–પ્રસારણની માફક વિદ્યુત્–પ્રસારણ શકય નથી.'

મારી માન્યતા મુજબ શ્રી ત્રિવેદીનો વિચાર રસપ્રદ છે, પણ શ્રી. શાહ સાચા છે: સામાન્ય રીતે રેડિયોનાં મોજાં વડે વીજળી ફેલાવવાનું કામ તાડની ડાળ ઉપર કીટલી મૂકી નીચે જમીન ઉપર ચૂલો સળગાવી કીટલી તપાવવા જેવું છે. કારણ કે સામાન્ય રેડિયોનાં મોજાં ચારે તરફ ફેલાઈ જાય છે.

પણ ધારો કે મોજાંઓને એક દિશામાં કેંદ્રિત કરી શકાય તો? આ ફક્ત તુક્કો જ નથી. છેલ્લાં પાંચેક વર્ષથી વૈજ્ઞાનિકો એક નવી જાતના સાધન પર સંશોધન કરી રહ્યા છે. એનું નામ છે લૅસર: Laser, (Light Amplification by Stimulated Emission of Radiation) Laserનો પ્રકાશ સામાન્ય વીજળીના બલ્બના પ્રકાશના જેવો છે, સિવાય કે તેનાં મોજાં ચારે તરફ ફેલાતાં નથી, અને એક મોજું ઘણી શક્તિ ધરાવે છે.

થોડાક મહિના પહેલાં અહીંની જગવિખ્યાત એમ. આઈ. ટી.ના પ્રો. સ્યુલીને આ Laserનાં મોજાં ચંદ્ર પર મોકલવાનો પ્રયોગ કર્યો હતો. ચંદ્ર પૃથ્વીથી લગભગ ૨,૪૦,૦૦૦ માઈલ દૂર છે, પણ આ પ્રકાશ એટલો કેંદ્રિત હતો કે એ ચંદ્રની સપાટી ઉપર ફક્ત એક માઇલ વ્યાસના વર્તુળમાં જ ફેલાયો હતો– અને ત્યાંથી પરાવર્તિત થઇ પ્રો. સ્યુલીનની પ્રયોગશાળામાં પાછો ફર્યો હતો!

અલબત્ત, સામાન્ય Laserના સાધનની કિંમત લગભગ ૧૦ હજાર ડૉલર (૫૦,૦૦૦ રૂપિયા) થાય છે; એ પાવર હાઉસની વીજળીથી ચાલે છે, અને એને આખો દિવસ ચલાવો તો પણ ભાગ્યે જ ચાનું પાણી ગરમ કરી શકાય!

મારો મતલબ એ નથી કે Laser શ્રી ત્રિવેદીના અર્થમાં બહુ કામમાં આવે તેમ છે. પણ ભવિષ્યમાં, ૫–૧૦ વર્ષમાં, જ્યારે આપણી પાસે વધુ શક્તિશાળી Laser હોય ત્યારે કદાચ અવકાશવાહનો (Space–Ships)ને પૃથ્વી પરથી શક્તિ મોકલવા માટે એનો ઉપયોગ થઇ શકે. ચાનું પાણી ગરમ કરવા માટે તો સામાન્ય વીજળી ન વાપરીએ તો પછી લાકડાં, સૂર્ય–બૅટરી, પવનચક્કી કે નાનકડાં રીઍક્ટર(!) વાપરવાં જ રહ્યાં.

(બૉસ્ટન–અમેરિકા) —કિરીટ જ. શેઠ



ગિરિમાળાઓની ગોદમાં વિલસી રહેલા લદ્દાખના, ધરતીની સ્તન-ધડક જેવા અદ્ભુત રમણીય ભૂમિસૌંદર્યનો ખયાલ આપતું દૃશ્ય (નૅશનલ જીઓગ્રાફિક મૅગેઝીનના કૉપીરાઈટ ફોટોગ્રાફ ઉપરથી)